Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म् ।

ભાગવત સમીક્ષા.

7329

(ભાગવતના બારે સ્કંધોની ક્રમવાર વેદ બુદ્ધિ અને સાયન્સના પ્રમાણોથી સમીક્ષા કરીને ભાગવત તે ત્રણેની વિરૂદ્ધ છે એમ સિદ્ધ કર્યું છે.)

કર્તા,
પંડિત છુટ્ટનલાલ (મીરટ.)

કિંચિત સુધારા વધારા સહિત

અનુવાદક,
રા. ગિરિજાશંકર નિર્ભયરામ શર્મા.

પ્રકાશક,
" આર્ય પ્રકાશ " ઑફીસ.
ગીરગામ બૅક રોડ, કાંદાવાડી-મુંબઈ.
વિક્રમ સંવત ૧૯૬૨.
મુંબઈ,
" સરસ્વતી પ્રેસ "માં મુદ્રાંકિત.
પ્રથમાવૃત્તિ-પ્રત ૧૦૦૦.
મૂલ્ય આના ચાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या..................

पुस्तकालय–पञ्जिका–संख्या.........

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

7329

१/२

१०८८
१२-८-६७

स्टॉक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

ભૂમિકા

વાંચક વૃન્દ ! વેદ મતને પૌરાણિક ઘટાએ એવી રીતે દબાવી દીધો છે કે સંસારમાં ઘોર રાત્રિ શિવાય અન્ય કાંઇ દેખાતું નથી. યદ્યપિ શ્રી સ્વામી શંકરાચાર્ય આદિ મહા પુરૂષોએ ઘણાં કઠણ પ્રયત્નો કરી વેદ ભગવાન્ ભાસ્કરના અગણિત ગુણો આપણને દેખાડયાં છે તથાપિ પૌરાણિક મતની પોલ જેવી જોઇએ તેવી રીતે નહીં ખોલવાથી શંકર સ્વામિના મતને દબાવી દેવામાં પૌરાણિકો કૃતકૃત્ય થયા. પૌરાણિક લોકોએ જોકે શંકર સ્વામિને શંકરાવતારની ઉપમા આપી તેમની પ્રતિષ્ઠા વધારી છે છતાં તેમના સિદ્ધાન્તની તો અવશ્યમેવ તેઓએ હાની કરી છે, કારણ કે શંકરસ્વામિએ કહ્યુંછે કે

शाक्तैः पाशुपतैरपि क्षपणकैः

આવાં તેમના પ્રમાણોથી એમ માલમ પડે છે કે સ્વામિ શંકરાચાર્યે સંપ્રદાયોનું ખંડન કર્યું છે. અસ્તુ.

જ્યારથી સ્વામી દયાનંદે પૌરાણિક મતનું ખંડન કરી વેદ ધર્મને પુનરૂજ્જીવીત કીધો છે ત્યારથી પૌરાણિક ભાઇઓ અકળાઇ ઉઠયા છે. હવે જ્યાં સુધી અઢારે પુરાણોનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી વેદ ભગવાનના કિરણોની રોશની આ દુનિયા પર પડવી તદ્દન અસંભવિત છે. સર્વ પૂરાણોમાં પ્રથમ ભાગવત પુરાણપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવો ઠીક લાગે છે કારણ કે સર્વત્ર દરેક પુરાણ કરતાં ભાગવતનો પ્રચાર વધારે છે. એ મારા કથનને " विद्यावतां भागवते परीक्षा " એ પ્રસિદ્ધ વાક્ય પુષ્ટિ આપે છે.

ભાગવતનું મૂળ પરીક્ષિત રાજાના વખતથી છે અને મારૂ રહેવાનું સ્થાન પણ પરીક્ષિત ગઢ છે જેથી ઉક્ત પુરાણપર મારૂ કરેલું ખંડન ઠીક થશે. યદિ આ પુસ્તક વાંચકોને રૂચિકર થશે તો બાકીના સર્વ પુરાણોનું ખંડન કરવામાં આવશે.

પરીક્ષિતગઢ-
મિરત. } **છુટનલાલ સ્વામી.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞપ્તિ.

આ ભાગવત સમીક્ષા લખતી વખતે હમે જે જે શ્લોકો ટાંકયાં છે અને તેમની સંખ્યા લખી છે તે નીમ્ન લીખીત બે છાપેલા પુસ્તકોમાંથી ટાંકી છે.

"એક જગદીશ્વર પ્રેસ, મુંબઇની શ્રીધરી ટીકા ઘણા જૂના વખતના લીથોથી છપાયલું.

બીજુ, શ્રી વેંકટેશ્વર મુંબઇ છાપખાનામાં છપાયલું જેની ભાષા ટીકા વ્રજભાષામાં કોઇ પંડીતે બનાવેલી તેને શ્રી ભારતધર્મ મહામંડલના મહોપદેશક પંડીત જવાલાપ્રસાદે શુદ્ધ કરેલી તે પુસ્તક."

ઉકત ભાષા ટીકાનો આશ્રય લેવાનું કારણ એ કે પાઠકને એમ કહેવાનું ન રહે કે ગ્રંથકારે ભાગવતના શ્લોકોના અર્થો જેમ તેને અનુકુળ આવે તેમ કર્યા. આવી શંકા પાઠકોના મનમાં વાસ ન કરે તેટલા માટે પૌરાણિક પંડિતોના કરેલા અર્થો અને આશયો અત્રે ટાંકયા છે તથા ભાષા ટીકાના સ્કન્ધો હમને મળેલા પરંતુ ફરીથી જે પંડીતની પાસે ઉપરના પુસ્તકો હતા તેણે હમને દેખાડયા નહી.

હવે નિવેદન એ છે કે મારો વિચાર અઢારે પુરાણોપર એક પુસ્તક લખવાનો છે માટે જેને જે કાંઇ શંકા પુરાણમાં મળે તે હમને પત્તા સહીત લખી જણાવશે તો શીઘ્ર તે પુસ્તક રચી છાપવામાં આવે. આની સાથે આ પુસ્તકના ગ્રાહકની વૃદ્ધિ કરવાનો પ્રયાસ કરવા પાઠકોને મારી વિનંતિ છે.

આ પુસ્તકમાં પ્રસિદ્ધ પંડીત રૂદ્રદત્તનાં લખેલાં પુરાણ પરીક્ષા નામના પુસ્તકમાંથી બે ત્રણ કથા લીધી છે.

સંપાદક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्.

ભાગવત સમીક્ષા.

तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।

धियो योनः प्रचोदयात् ॥

હે, વરણીય પરમાત્મન્! હમારી બુદ્ધિને અસત્યાદિ પાપોથી દૂર કરીને શુદ્ધ કરો.

ભ્રાતૃગણ! ભારતીય પ્રજામાં વેદોનું ગૌરવ વધે, ઇશ્વરની ભક્તિ તથા જ્ઞાનાદિની વૃદ્ધિ થાય અને ધર્માર્થ કામની સિદ્ધિ થાય એટલા માટે આજ હું આ ક્ષુદ્ર લેખ લખવાનો આરંભ કરૂં છું. આ લેખ લખવાનું મારૂં પ્રયોજન કોઇના ચિત્તને ક્લેશીત કરવાનું નથી કારણકે પોતે પ્રસન્ન થઇ પારકાને દુભાવવા તેને હું પાપ સમજું છું. પાઠકોને પણ મારી એજ વિનંતિ છે કે આ પુસ્તકને, સંસારમાં કલ્યાણી વેદવાણીનો સમાદર કરવાને માટે, કામમાં લેવી, નહીં કે કોઇના દીલ દુખાવવાને. યદિ કોઇ પુરૂષ આ પુસ્તકથી પૌરાણીક ભાઇઓના ચિત્ત દુઃખાવશે તો તે અત્યાચારનો ભાગી હું નહીં થાઉં કારણ કે શસ્ત્રનિર્માણ કર્તાનું પ્રયોજન રક્ષાર્થ છે ન કે હિંસાર્થ. હવે આ કાર્ય પરમાત્માની સહાયતાથીજ થઇ શકશે. મારી તુચ્છ બુદ્ધિનું તેમાં શું સામર્થ્ય છે?

મારો વિચાર એવો છે કે જે જે પૌરાણિક વાત કલ્યાણી વેદવાણીના સદુપદેશમાં બાધક હશે તેજ લખું અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરૂં છું કે તે મને તેમ કરવામાં બળ પ્રદાન કરે અને લેખણમાંથી પક્ષપાત-ઇર્ષ્યા દ્વેષાદિ દોષો દુર કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ પુરાણો નીમ્ન લીખીત વાર્તામાં તો એક મત છે. પ્રથમ વેદ મૂલક કથા ઉત્તમ છે, વેદનો સર્વને આશ્રય છે, વેદ શિવાય બીજું કોઇ પ્રમાણ વધારે વજનદાર નથી, વેદજ સર્વ સત્ય વિદ્યાનું પુસ્તક છે, વેદની વાણી સર્વોપરી છે, અને જેટલા અવતાર થયા છે તે વેદોક્ત ધર્મના રક્ષાર્થે થયા છે.

૨ શ્રીરામ કૃષ્ણાદિ વેદોના ઉધ્ધારક રક્ષક અને વેદના જ્ઞાતા હતા, વેદ ધર્મનું રક્ષણ કરવું એ એમનું સર્વસ્વ હતું, વેદોપર એમનો પ્રેમ હતો અને તેમને પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ પ્યારા ગણતા.

૩ સૃષ્ટિના આરમ્ભમાં જગદીશ્વરની આજ્ઞા તે વેદ છે. વેદ સદા એકરસ રહે છે અને સર્વ ભૂમંડલ વેદને શરણ હતું, છે અને રહેશે.

૪ વેદના અર્થોનો તથા વેદ ધર્મના પ્રચારને માટે પુરાણો લખવામાં આવ્યા છે અને પુરાણો વેદને અનુકુળ છે.

ઉપલી ચાર બાબતોમાં પૌરાણિક ભાઇઓને કાંઇ વિવાદ નથી અર્થાત્ તેઓ પણ તેમજ માને છે. હમે પણ ઉપરની વાતોને ધ્યાનમાં રાખીશું અને આ પુસ્તકમાં ઘણી સહેલાઇથી દેખાડી આપીશું કે પુરાણો કેવી રીતે અને કયાં કયાં વેદશાસ્ત્રના વિરોધી છે અને તેથી વેદધર્મની કેટલી હાની થઇ છે. શ્રીમદ્‌ભાગવત એ સર્વોચ્ચ પુરાણ માનવામાં આવે છે વાસ્તે સર્વથી પ્રથમ હમે તેની સમીક્ષા કરીએ છીયે.

હમારૂં એવું માનવું નથી કે પુરાણોમાં લેશ માત્ર પણ સત્ય નથી, કારણ કે કોઇ પણ પુસ્તક એવું હોતું નથી કે જેમાં લેશ માત્ર પણ સત્ય ન હોય. પરંતુ લોકો આજ કાલ " पुराणं पञ्चमो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वेद: " એમ કહી પુરાણને વેદની સમતા આપે છે અથવા પુરાણોને અક્ષરશ: સત્ય માને છે, તેવા લોકોને સત્યના આશ્રયે લાવવાને હમારો પરિશ્રમ છે.

સર્વથી પહેલાં, ભાગવતનું માહાત્મ્ય વર્ણન કરવામાં આવ્યું છે તેનો વિચાર કરીયે. ભાગવતના અનેક મહાત્મ જુદા જુદા લોકે વર્ણવેલા છે પરંતુ પદ્મ પુરાણ પ્રોક્ત માહાત્મ્ય જે હમારી પાસે ઉપસ્થિત છે તેના પર વિચાર કરીશું.

(૧) આમાં સર્વથી પહેલાં શ્લોકમાં વ્યાસ દેવની સ્તુતિ કરવામાં આવી છે જેથી સ્પષ્ટ રીતે પ્રથમ તો એજ સિદ્ધ થાયછે કે પદ્મ પુરાણ વ્યાસજીનું બનાવેલું નથી કારણકે સભ્ય જનો પોતાની સ્તુતિ પોતાની મેળે કરતા નથી.

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं, द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोस्मि ॥ १ ॥

અર્થાત્-વિરક્ત પુત્ર શુકદેવના વિરહમાં વ્યાકુળ વ્યાસ મુનિ કહેછે હે પુત્ર! હે પુત્ર! હે પુત્ર! ઉત્તર દેતો નથી પરંતુ જેને વૃથા ઉતર દે છે એવા કાતર વ્યાસ મુનિને નમસ્કાર છે.

(૨) આગળ શૌનકજી સુતજીને કહે છે કે

इह घोरे कलौ प्राप्ते जीवश्चासुरतां गतः ।
क्लेशाक्रान्तस्य तस्यैव शोधने किं परायणम् ॥ ५ ॥
(अ. १ श्लोक ६.)

અર્થાત્-આ ઘોર કલિયુગમાં જીવો રાક્ષસો થઇ ગયા છે માટે તેમની કલેશ નિવૃત્તિના ઉપાયો શું છે તે કૃપા કરી બતાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શ્લોક ઉપરથી સિદ્ધ થાયછે કે આ પ્રશ્ન પુછવામાં આવ્યો ત્યારે કલિયુગ વર્તમાન હતો કારણકે શ્લોકમાં गतः અને इह પદો આવેલા છે.

૩ સુતજીએ ઉત્તર આપ્યો કે

कालव्यालमुखग्रास त्रासनिर्णाशहेतवे ।
श्रीमद्भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ॥ १० ॥

અર્થાત્—કાલ સર્પના મુખગ્રાસના ત્રાશ નાશને માટે કલિયુગમાં શાસ્ત્ર શ્રીમદ્‌ભાગવત શુકજીએ સંભળાવ્યું છે; આ પરથી પણ સિદ્ધ થાય છે કે ભાગવત કલિયુગમાં બન્યું અને ભાગવતની કથા શુકદેવજી પરીક્ષિત રાજાને સંભળાવી ચુકયા ત્યાર પછી પદ્મ પુરાણ બન્યું.

(૪) આગળ લખ્યું છે કે જ્યાં શુકદેવજી રાજા પરીક્ષિતને કથા સંભળાવતા હતા ત્યાં દેવતાઓ અમૃતનો ઘડો લઇને આવ્યા અને કહ્યું કે

शुकं नत्वाऽवदनसर्वे स्वकार्यकुशलाः सुराः ।
कथासुधां प्रयच्छस्य गृहीत्वैय सुधामिमाम् ॥ १३ ॥
एवं विनिमये जाते सुधा ह्राशा प्रपीयताम् ।
प्रपास्यामो वयं सर्वे श्रीमद्भागवतामृतम् ॥ १४ ॥
क्वसुधा क्वकथा लोके क्वकाचः क्वमणिर्महान् ।
ब्रह्मरातो विचार्येति तदा देवान् जहास ह ॥ १५ ॥
अभक्तांस्तांश्च विज्ञाय नददौ स कथाऽमृतम् ।
श्रीमद्भागवती वार्ता देवानामपि दुर्लभा ॥ १६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राज्ञो मोक्षं तथावीक्ष्य पुरा धातापि विस्मितः ।
सत्यलोके तुलां बद्ध्वाऽतोलयत्साधनान्यजः ॥ १७ ॥
लघुन्यन्यानि जातानि गौरवेण इदं महत् ।

ભાવાર્થ- સ્વાર્થી દેવતા આવીને કહેવા લાગ્યા કે હે ભગવાન્ આ અમૃતનો ઘડો લ્યો અને ભાગવત હમને આપો. સર્પ કરડયો હશે તોપણ આ અમૃતપાનથી રાજા અમર રહેશે અને હમે માત્ર કથામૃત પીશું. દેવતાઓના આ કથનપર રાજા પરીક્ષિતને હસવું આવ્યું અને તે બોલ્યા કે ક્યાં કથારૂપ મહામણિ અને ક્યાં અમૃતરૂપ કાચ! દેવતાઓને અભક્ત જાણીને કથામૃત ન આપ્યું. ભાગવત દેવતાઓને પણ દુર્લભ છે. રાજા પરીક્ષિતનો મોક્ષ દેખી બ્રહ્મા પણ વિસ્મય પામ્યા અને સત્ય લોકમાં ત્રાજવું બાંધી તોલ કરી જોયું તો માલમ પડ્યું કે સમસ્ત મોક્ષ સાધનો ભાગવતથી વજનમાં કમી થયાં.

સમીક્ષા-અત્રે, પરીક્ષિતના જન્મ પહેલાં શુકદેવજી સ્વર્ગમાં પધારી ગયા હતા તે બાબતનું વર્ણન કરી પિષ્ટપેષણ કરવાની જરૂર નથી કારણકે તે બાબત હમારા લખેલા ભાગવત પરીક્ષા નામના પુસ્તકમાં સવિસ્તર વર્ણવેલી છે તેમાં જોવાથી વિદિત થશે. અત્રે તો નીચે લખેલી વાતો વક્તવ્ય છે.

(ક) પ્રથમ તો દેવતાઓને સ્વાર્થી બનાવવા અને તેઓનું ભાગવત માગવું એ દર્શાવે છે કે ભાગવતના બનાવનારે દેવતાઓની નિંદા કરી છે. જેવી રીતે રાજા પરીક્ષિત કથા શ્રવણ કરતો હતો અને જેવી રીતે હાલ કથા વંચાય છે તે વખતે અનેક શ્રોતાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને શ્રવણ કરે છે. તદનુસાર દેવતાઓએ પણ કર્યું હત તો તેમને સ્વાર્થી બનવું ન પડતે.

(ખ) દેવતાઓએ જેવી રીતે અમૃતપાન કરી દેવપદ પ્રાપ્ત કર્યું તદનુસાર યદિ રાજા પરીક્ષિતે અમૃતપાન કર્યું હતે તો મનુષ્ય પદમાંથી દેવ પદ પામતે. કોણ જાણે તેવી ભુલ રાજા પરીક્ષિતે કેમ કરી? બીજી વાત એ છે કે ધર્માત્મા રાજા દેવતાઓની હાંસી કરે તે સભ્યતાથી તદન વિરૂદ્ધ છે.

(ગ) રાજાનું કથા સાંભળવું તથા રાજ ત્યાગવું ઇત્યાદિ વિષય મહાભારત આદિ પર્વમાં કોઇ ઠેકાણે નથી પરંતુ એક સ્તંભના સ્થાનપર રહેવું, વૈદ્ય તથા ઔષધોનો સંગ્રહ કરવો અને ત્યાંજ રાજ કર્યા કરવું એવું લખેલું છે. જુઓ હમારી બનાવેલી ભાગવત પરીક્ષા.

(ઘ) અમૃતને કાચ અને ભાગવતને મહા મણિની ઉપમા આપવી એ કયાંસુધી ઠીક છે તેનો ખ્યાલ કરવા મારા વાંચકોને સોંપુ છું. હાલતો આપણી નજરે એ પડે છે કે ભાગવતની કથા વાંચનાર પંડીતોનાં કરતાં વૈદ્યોને ઘણું માન મળે છે.

(ઙ) મનુષ્યયોનિ તથા રાક્ષસયોનિ કરતાં દેવયોનિ ઉત્તમ છે એ સાધારણ પુરૂષ પણ જાણે છે એટલુંજ નહીં પરંતુ મોટા મોટા પુરાણીઓ પણ માને છે તો પરીક્ષિત રાજાને ભકત બતાવવો અને દેવતાઓને અભકત કહેવા એ તદન બુદ્ધિ વિરૂદ્ધ અને હસવા લાયક વાત છે.

(ચ) બ્રહ્માજીનું રાજા પરીક્ષિતના મોક્ષથી વિસ્મય પામી ત્રાજવું બાંધી મોક્ષ સાધનો અને ભાગવતને તોલવું અને ભાગવતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે બતાવવું અને યોગ સાધન આસન પ્રાણાયામાદિ જપ તપને હલકાં બતાવવાં એ સિદ્ધ કરી આપે છે કે પદ્મ પુરાણના કર્તાને વ્યાસજીના દર્શન ગ્રંથનું કાંઇ ભાન તથા જ્ઞાન નહોતું.

(૬) આગળ વીસમા શ્લોકમાં લખ્યું છે કે સનતકુમારોએ નારદજીને ભાગવત સંભળાવ્યું. એકવીસમા શ્લોકમાં બ્રહ્માએ સંભળાવ્યું લખ્યું છે. પ્રમાણ

यद्यपि बह्मसंबन्धाच्छ्रुतमेतन्महर्षिणा ।
सप्ताहश्रवणाविधिः कुमारैस्तस्य भाषितः ॥ २१ ॥

હવે પાઠકો વિચાર કરો કે આપણે વીસમા શ્લોકની વાત ખરી માનવી કે એકવીસમાની? વળી એ પણ સમજાતું નથી કે બ્રહ્મ સંબંધથી નારદજીએ કયું ભાગવત શ્રવણ કર્યું? જે ભાગવતમાં શુકદેવ અને રાજા પરીક્ષિતનું ભાષણ છે તે કે વળી બીજું?

(૭) વળી આગળ લખેછે કે શૌનકે સૂતજીને પુછ્યું કે નારદજીએ ઉપદેશ કયે સ્થળે અને કેવી રીતે મેળવ્યો? ત્યારે સૂતજીએ જવાબ દીધો કે હે શૌનક! શુકદેવજીએ એ વિષયમાં મને એવી કથા સંભળાવી છે કે એક વખત વિશાલા નદીપર નારદજીને પાંચ રૂષિયોની સાથે સમાગમ થયો. કુમારોએ પુછ્યું કે હે નારદજી આમ દીન મુખે કયાંથી આવો છો? ત્યારે નારદજીએ જવાબ દીધો કે હું પૃથ્વીના દરેક ઉત્તમોત્તમ ભાગપર ફરી આવ્યો. પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી, હરિક્ષેત્ર, કુરૂક્ષેત્ર ઇત્યાદિ સ્થાનોમાં ભમ્યો પરંતુ કોઇપણ સ્થળે સંતોષકારક કલ્યાણનો રસ્તો દીઠો નહી. અધર્મી મિત્ર કલિયુગે હવે પૃથ્વિમાં પુરેપુરો પ્રવેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો છે ; સત્ય, તપ, શુદ્ધિ, દયા, દાન કાંઇ દેખાતું નથી, લોકો ઉદરંભર અર્થાત પેટાર્થી, વરાક, અસત્યવાદી, મન્દમતિ, મન્દભાગ્ય અને ઉપદ્રવી થઇ ગયા છે. સન્તો પાખંડી-સન્યાસી ગૃહસ્થી થયેલા નજરે પડે છે, ઘરમાં સ્ત્રીયોનું પ્રબળ વધેલું માલમ પડે છે, સાળાઓ બુદ્ધિદાતા ઠર્યા છે અને કન્યા વિક્રય જોરમાં ચાલે છે. મુસલમાનોએ આશ્રમોને બગાડયા છે અને તીર્થ નદી દેવમંદિર દુષ્ટોએ નષ્ટ કરી નાંખ્યા છે. કોઇ યોગી કે સિદ્ધ તો જણાતોજ નથી અને જ્ઞાની સત્પુરૂષ કલિદાવાનળથી બળી રહ્યા છે.

સમીક્ષા-આ કથા મુગલ બાદશાહ ઔરંગજેબના વખતની છે એમ ઉપરોકત કથનથી ખુલ્લે ખુલ્લું સિદ્ધ થાય છે અને ક્રિયાપદ ભૂતકાળમાં છે જેથી સમસ્ત પદ્મ પુરાણ નહીં તો તેનો ઉપરોકત ભાગ તો અવશ્ય મુસલમાનોના વખતમાં બનેલો માલમ પડે છે. વળી બીજી શંકા એ થાય છે કે જ્યારે નારદજી જેવા મહાત્માને તીર્થોમાં કાંઇ કલ્યાણ તથા સંતોષ ન માલમ પડયો તો આજ કાલના ભાંગ અને ચરસ ઉડાવવાવાળા સાધુઓને અને વિષયી ગૃહસ્થોને તો શાન્તિ અને કલ્યાણ તે કયાંથીજ હોય! જ્યારે તેમ ન હોય તો તીર્થોમાં સ્નાન કરવાથી મુકિત માનવી એ નાહક ધન ખોવું છે પરંતુ મુકિત તો નથીજ. જ્યારે નારદજીએ તીર્થોમાં પણ સ્વાર્થી વિષયી અને પેટભરા લોકોને દીઠા ત્યારે સિદ્ધ તો એ થયું કે તીર્થોમાં પવિત્રતા નથી પણ અપવિત્રતા છે.

આવી આવી કથાઓ પુરાણોમાં હોવા છતાં પણ પુરાણોને દ્વાપરમાં રચાયલાં માનવાં એ હઠ અને દુરાગ્રહ નહીં તો બીજું શું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮) આગળ નારદજી કહે છે કે જવાન ભકિત અને તેનાં બુઢ્ઢા બે પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય મને મળ્યા. ભકિત રડવા લાગી અને મને કહેવા લાગી કે મારા પુત્રો બુઢા થઇ ગયા. હું દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઇ, કર્ણાટકમાં અને જરા જરા મહારાષ્ટ્ર દેશમાં પણ વધી અને ગુર્જર દેશમાં તો તદ્દન વૃદ્ધ થઇ ગઇ છું.

तत्र घोरकलेर्योगात्पाखण्डैः खण्डिताङ्गका ।
दुर्बलाऽहं चिरं याता पुत्राभ્યાं सहमन्दताम् ॥ ४८ ॥ ઇત્યાદિ.

અર્થાત્-ભકિત નારદજીને કહે છે કે ઘોર કલિયુગના યોગથી પાખંડીયોએ મારૂં અંગ ખંડીત કરી નાંખ્યું છે અને હું ઘણા કાળથી પુત્રો સહીત દુર્બળ બની ગઇ છું પરંતુ વૃન્દાવનમાં આવીને હું જવાન બની. પરંતુ મારા બે પુત્રો હજુ નિંદ્રાવશ છે જેથી મને વિચાર થયા કરે છે કે કયાં જાૠં અને શું કરૂં?

સમીક્ષા-પ્રથમતો ભકિત અને જ્ઞાન વૈરાગ્યને મનુષ્યના રૂપ બનાવવાં તેજ અયોગ્ય છે કારણ કે તેઓ શરીરધારી નથી. જો એમ માનવામાં આવે કે એ તો અલંકાર છે તો જ્ઞાનને ભકિતનો પુત્ર બનાવવામાં આવે તે પણ ઠીક નથી કારણકે જ્ઞાન વિનાની ભકિત એ બુદ્ધિમત્તા નથી. ત્રીજું ભકિત વૃંદાવનમાં જઇને જુવાન થઇ એ કથન પણ ઠીક નથી કારણકે પુરાણોના મતાનુસાર તો ઘોર કલિયુગ, પાંચ હજાર વર્ષ વીતી ગયા છતાં છે નહી. હજુતો તેનું પ્રથમ ચરણ પણ પૂર્ણ થયું નથી. ચોથું, જ્ઞાન અને વૈરાગ્યને સુતેલા અને વૃદ્ધ બતાવવાથી વૃન્દાવનવાસિયો પણ અજ્ઞાની ઠર્યા અને વૈરાગીયોનું ખંડન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરાણો કલિયુગમાં બન્યા તે તો ૩૫-૩૬, ૫૫-૬૧-૬૨ શ્લોકોથી સિધ્ધજ છે. અધ્યાય ૨ શ્લોક ૧૦-૧૨ અને ૧૩માં પણ કલિયુગની વર્તમાનતા સિદ્ધ કરી છે.

(૯) આગળ ચાલતાં કલિયુગને સર્વ યુગો કરતાં શ્રેષ્ઠ બતાવ્યો છે.

कलिना सदृशः कोपि युगो नास्ति वरानने ।
तस्मिंस्त्वां स्थापयिष्यामि गेहेगेहे जनेजने ॥ १३ ॥

અર્થાત્—નારદજી મુકિતને કહે છે કે કલિયુગના સમાન બીજો કોઇ યુગ નથી. કલિયુગમાંજ હું તને ઘેરેઘેર અને માણસે માણસમાં સ્થાપિત કરીશ.

तदन्विताश्च ये जीवा भविष्यन्ति कलाविह ।
पापिनोऽपि गमिष्यन्ति निर्भयाः कृष्णमन्दिरम् ॥ १६ ॥

અને વળી

न तपोभिर्न वेदैश्च न ज्ञानेनापि कर्मणा ।
हरिर्हि साध्यते भक्त्या प्रमाणं तत्र गोपिकाः ॥ १८ ॥
कलौभक्तिर्कलौ भक्तिर्भक्त्या कृष्णः पुरः स्थितः ॥ १९ ॥
अलं व्रतैरलं तीर्थैरलं योगैरलं मखैः ।
अलं ज्ञानकथालापैर्भक्तिरेकैव मुक्तिदा ॥ २१ ॥

અર્થાત્—જે જીવ આ કલિયુગમાં તારી (ભકિત) સાથે યોગ [illegible] તે પાપી હશે તોપણ નિર્ભય થઇને કૃષ્ણ મંદિરમાં જશે. તપથી, વેદોથી, જ્ઞાનથી કે કર્મકાંડથી ઇશ્વરારાધન નહી થઇ શકે પરંતુ કેવળ ભકિતથીજ થશે કે જેવી રીતે ગોપીકાઓએ કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલિયુગમાં ભક્તિ, ભક્તિ, ભક્તિ શિવાય બીજું કાંઇ નથી. ભક્તિજ કૃષ્ણની પાસે લઇ જાય છે. વ્રત, તીર્થો, યોગ, યજ્ઞ અને જ્ઞાન કથા બધું માંડી વાળો અર્થાત્ તેનાથી કાંઇ થવાનું નથી કેવળ ભક્તિજ મુક્તિદાત્રી છે.

સમીક્ષા-પ્રથમતો પાપી, ભક્ત કેવી રીતે થઇ શકે? જે પાપી હોય તે ભક્ત નહીં અને જે ભક્ત છે તે પાપી નહીં. જો એમ છે તો પાપીઓ ભક્તો બની કૃષ્ણ મંદિર કેવી રીતે જઇ શકે? અઢારમા શ્લોકમાં બતાવ્યું કે તપ, જ્ઞાન, વેદ, ઇત્યાદિ વૃથા છે તે પણ ઠીક નથી કારણકે શાસ્ત્રમાં લખ્યું છે કે

ऋते ज्ञानान्न मुक्तिः ॥

અર્થાત્-જ્ઞાન વિના મુક્તિ નથી તો પછી ઉક્ત વાતોપર કેવી રીતે વિશ્વાસ બેસે? ત્રીજું આના શિવાય હવે વિશેષ અન્ય પુરાણોપર ટીકા કરવાનું કાંઇ કારણ નથી કારણકે જે પુરાણ પોતેજ ભાગવતનું મહાત્મ્ય બતાવે છે તે પુરાણમાં પોતામાં કાંઇ હોવુંજ ન જોઇએ. જે લોકો શ્રીકૃષ્ણને યોગી અને ગોપીકાઓને વાસના ઇન્દ્રીય ઇત્યાદિ અલંકાર બતાવે છે તે લોકોને પુરાણની કથાનો આશય ખબર નથી એટલુંજ નહીં પરંતુ તે લોકો ખોટાને ખરૂં કરવાને મિથ્યા મથે છે કારણકે પુરાણકર્તા તો સ્પષ્ટ બતાવે છે કે તપ, વેદ, જ્ઞાન ઇત્યાદિની કાંઇ આવશ્યકતા નથી તો પછી ગોપીયોને શ્રુતિઆદિના અલંકાર કહેવા એ મિથ્યા કલ્પના નહીં તો બીજું શું? પરંતુ તે લોકોએ જાણવું જોઇએ કે આ ચમત્કૃત સમયમાં મિથ્યા કલ્પના ચાલી શકે તેમ નથી. દશમા સ્કન્ધમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાસક્રીડા લખવાનું ભાગવત કર્તાનું પ્રયોજન એ છે કે જેથી કૃષ્ણ પરની ગોપીકાઓની ભક્તિ લોક જાણે અને આજ કલિયુગના કવિઓએ તો એવી ખુલી રીતે ભક્તિ દેખાડી છે કે તે લખતાં હમને શરમ આવે છે. પોતાના બાળકોને અને પતિયોને છોડી રાત્રિને સમયે શ્રીકૃષ્ણની પાસે રાસમાં જવું એટલુંજ નહીં પરંતુ લહેંગાઓ ગળામાં, ઓઢવાનું પગોમાં, નુપુરો હાથોમાં, કંકણો પહોંચીઓ પગોમાં પહેરીને રાત્રિને સમયે કૃષ્ણની પાસે ગોપિકાઓ જતી એટલી બધી તેઓ રાસ ઘેલી બની જતી હતી. આના કરતાં વિષેસ કલંક યોગીશ્વર કૃષ્ણપર કયું લગાડવાનું પુરાણીઓએ બાકી રાખ્યું છે? હું પૂર્વ લખી ગયો છું કે કૃષ્ણ મહારાજને વેદમાર્ગ પ્રવર્તક બતાવવામાં પુરાણો વિઘ્નકારી હોવાથી તેમનું ખંડન કરવાની જરૂર છે.

હું શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણચંદ મહારાજને પૂર્ણ વેદજ્ઞ મહાપુરૂષ માનું છું અને એમની પરમ પ્રતિષ્ઠાની વૃદ્ધિ કરવી તેજ આ પુસ્તક લખવાનું મારૂં પ્રયોજન છે. તેટલા માટે જે ભાગવતમાં મહાત્માને કલંક લગાડેલું છે તે ભાગવતપરથી લોકોની રૂચી ઉઠાડી નાંખવી એ હું ઉત્તમ સમજું છું.

(૧૦) પ્રથમ અધ્યાયમાં નારદજીએ ભક્તિને કહ્યું છે કે જ્યારથી શ્રીકૃષ્ણે પરમધામમાં નિવાસ કર્યો ત્યારથીજ કલિયુગની પધરામણી થઇ ચુકી છે. રાજા પરીક્ષિતે કલિયુગને દિગ્વિજયમાં એટલા માટે છોડી દીધો કે

यत्फलं नास्ति तपसा न योगेन समाधिना
तत्फलं लभते सम्यक्कलौ केशवकीर्तनात् ॥ ६७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્-જે ફળ, તપ, યોગ અને સમાધિથી થતું, તે ફળ કલિયુગમાં "**કેશવ કેશવ**" કહેવાથી થાય છે. એટલા માટે તો

विष्णुरातः स्थापितवान् कलिजानां सुखायच ॥ ६८ ॥

અર્થાત-કલિયુગી જનોનાં હિતને માટે પરીક્ષિત રાજાએ કલિની સ્થાપના કરી હતી.

સમીક્ષા-વિચારણીય વાત એ છે કે સમય પણ શું મૂર્તિમાન હોઇ શકે કે જેની રાજાએ સ્થાપના કીધી? શું દુનિયાનો કોઇ પણ માણસ શ્રાવણ ભાદરવા માઘ ઇત્યાદિ મહિનાને પણ રોકી શકે? અરે મહિના જવા દો કારણકે એ તો ત્રીશ દિવસનો પરંતુ રવિવારની રાત્રે કોઇ સાધુ પુરૂષ આવતી કાલના સોમવારને પણ રોકી શકશે? ભલા થોડીક વારને માટે એમ માનો કે આગળ રોકી શકતા હતા તોપણ દૂરદર્શી રાજા પરીક્ષિતનું અનુમાન બરાબર ના નીવડયું કારણકે કલિયુગે તો આવીને લોકોની બુદ્ધિનો એટલો બધો નાશ કરી દીધો કે લોકો કેશવ કેશવ કરીને થાકયા તોપણ ના બુદ્ધિની વૃદ્ધિ થઇ કે ના તો ચતુર્ભુજ મૂર્તિનાં દર્શન થયાં. કંટાળીને બિચારા જીસસ ક્રાઇસ્ટ અને અલ્લા અલ્લા કરવા લાગ્યાં!

૧૧ વળી આગળ વધીને કહે છે કે

विप्रैर्भागवतीवार्ता गेहे गेहे जने जने ।
कारिता कणलोभेन कथासारस्ततोगतः ॥ १ ॥ ७० ॥
अत्युग्रभूरिकर्माणो नास्तिका रौरवा जनाः ।
तेऽपि तिष्ठन्ति तीर्थेषु तीर्थसारस्ततोगतः ॥ २ ॥ ७० ॥

અર્થાત્-બ્રાહ્મણોએ અન્નના લોભથી ભાગવતની કથા ઘેરે ઘેર દરેક માણસને સંભળાવી તેથી તેનો તત્વસાર જતો રહ્યો ૭૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીર્થોમાં પાપી નાસ્તકાદિ મનુષ્યોના વાસથી તેમાં પણ કાંઇ તત્વ રહ્યું નથી. ૭૧. કામી, ક્રોધી, લોભી માણસોએ તપ કરી કરીને તપનું તત્વ ગુમાવ્યું. ૭૨. પંડિત લોકો પુત્રોત્પાદનમાં ચતુર અને અને મુક્તિ સાધનમાં મૂઢ થઇ ગયા. ૭૩.

अयं तु युगधर्मो हि वर्त्तते कस्य दूषणम् ॥ १ ॥ ७६ ॥

અર્થાત્-ઉપર કહેલાં તો યુગના ધર્મો છે એમાં દોષ કોનો કાઢીયે!

સમીક્ષા- આગળ તો બતાવી ગયા કે ભાગવત દેવતાઓને દુર્લભ છે અને તેની કથા સાંભળવાનું ઘણું પુણ્ય છે તો બ્રાહ્મણોએ બિચારાએ ઘેરેઘેર ભાગવતની કથા સંભળાવી તો તેનો પ્રચાર થયો કહેવાને બદલે ભાગવતનો સાર જતો રહ્યો કહેવું એ હાસ્યજનક નથી? નારદજી એક શ્લોકમાં આમ કહે છે વળી આગળ અધ્યાય ૨ શ્લોક ૧૩માં તો પોતે પ્રતિજ્ઞા કરે છે કે હે ભક્તિ! હું તારો પ્રચાર ઘેરેઘેર કરીશ માટે તું ચિંતા ત્યાગી દે. એ તે શું! કોઇ કહેશે કે એ તો ભક્તિનો પ્રચાર કરવાનું કહ્યું, ભાગવતનું ક્યાં કહ્યું છે! તો ઉત્તર એ છે કે શું ભાગવતની કથાથી ભક્તિ ઘટે છે? યદિ ઘટે છે તો ભાગવત નિરર્થક નહીં તો નારદજીનું કથન એકમેકથી વિરૂદ્ધ છે એમ કહેવું પડશે. યદિ કોઇ કહે કે કલિયુગમાં બ્રાહ્મણોએ લોભવશ થઇને શુદ્રોને ભાગવતની કથા સંભળાવી તેથી તેનો સાર જતો રહ્યો તો તે પણ બરાબર નથી કારણકે શ્રીમદ્‌ભાગવત્ અ: ૪ સ્કન્ધ ૧માં લખ્યું છે કે

स्त्रीशूद्रद्विज बन्धूनां त्रयी न श्रुतिगोचरां ।
कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ॥
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥ १५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્-સ્ત્રી શુદ્ર અને વર્ણશંકરોને વેદ શ્રવણનો અધિકાર નથી જેથી ભારતાદિ ઇતિહાસ પુરાણોનો પ્રાદુર્ભાવ મુનિએ કૃપા કરીને કર્યો તેજ પ્રમાણે દેવી ભાગવતના પ્રથમ સ્કન્ધ અ. ૨ માં લખ્યું છે એટલુંજ નહી પણ વિષ્ણુપુરાણ અંશ ૩ અ. ૩ માં પણ લખ્યું છે કે

द्वापरेद्वापरे विष्णुर्व्यासरुपेण० दे: भा:
यस्मिन्मन्वन्तरे येये व्यासास्तांस्तान्निबोधमे ॥ ८ ॥

પ્રત્યેક દ્વાપરયુગમાં વ્યાસરૂપ વિષ્ણુ, પુરાણો બનાવે છે. વિષ્ણુપુરાણમાં પણ સર્વનાં નામો દેવી ભાગવતના સમાનજ વર્ણિત છે (જુઓ હમારૂં બનાવેલું પુસ્તક પૌરાણિક ધર્મ અને થીયોસોફી) પ્રાયઃ સર્વ પુરાણોનો આશય એવો છે કે કલિયુગમાં, ક્ષીણાયુ હીન, જ્ઞાન પુરૂષોના ઉદ્ધારાર્થ પુરાણોની રચના કરવામાં આવે છે. પ્રતિદ્વાપરમાં વ્યાસજી બનાવે છે બલ્કે જે મુનિ દ્વાપરાન્તમાં પુરાણ રચના કરે છે તે વ્યાસ કહેવાય છે. આ દ્વાપરના અન્તમાં પરાશર પુત્ર વ્યાસ થયા છે. અને પૂર્વગત ૨૭ દ્વાપરોમાં અન્યાન્ય વ્યાસ થયા છે. આનું ઘણું ખરૂં વર્ણન હમે " ભાગવતવિચાર " નામક પુસ્તકમાં કર્યું છે અને તેમાં દેવી ભાગવતના પ્રથમ સ્કંધ અધ્યાય ૨ નો તત્વિષય દર્શક મૂળ શ્લોક પણ છાપ્યો છે અને " પૌરાણિક ધર્મ અને થીયોસોફી " નામક પુસ્તકમાં તો અંશ ૩, અ. ૩ શ્લોક ૮ થી ૧૯ સુધી મુળ શ્લોકો અને અર્થનો નકશો છાપી ચુકયા છીયે માટે આજ હું શ્રીમદ્‌ભાગવતમાંથીજ બતાવીશ કે વ્યાસજીએ દ્વાપરમાં કલિકલ્મશનાશનાર્થે એ પુસ્તક (ભાગવત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવ્યું છે. જો આમ છે તો બ્રાહ્મણોએ ઘેરેઘેર દરેક મનુષ્યને ભાગવત સંભળાવ્યું તો તેમણે બિચારાએ શું પાપ કર્યું? કે નારદજી ભક્તિને કુદી કુદીને કહે છે કે બ્રાહ્મણોએ પાપ કર્યું અને ભાગવતનો સાર જતો રહ્યો. અરે! નારદજીના કથનાનુસાર એમ માનીએ કે ભાગવતનો સાર જતો રહ્યો તો તો હાલ તે તદ્દન નિરર્થકજ ગણવું જોઇએ. યદિ નિરર્થક ગણો તો પછી આજ કાલ ભાગવતની જે કથા બેસે છે તે બીજું કાંઇ નહીં પરંતુ ટાઢા પહોરના ગપ્પા છે એમ માનવું જોઇએ. એમ થવાને બદલે મને તો એમ લાગે છે કે ઘેરે ઘેર કથા સંભળાવવાથી એ વાત જરૂર નીકળે છે કે જ્યારે દેવતાઓ અમૃત કળશ લઇને રાજા પરીક્ષિતની પાસે આવ્યા હતા અને જ્યારે રાજાએ તેનો અસ્વીકાર કરી દેવતાઓની હાંસી કરી હતી ત્યારે નારદજી તેમાં ઉપસ્થિત હતા જેથી દેવતાઓ હવે એમને હસવા લાગ્યા હશે અને નારદજીને તો તે વખતે ભય લાગવા માંડયો હશે કે રખેને બ્રહ્માજીના ત્રાજવાની દાંડી જ્યારે ભાગવત અને મુક્તિના સાધનો તેમણે તોળ્યા ત્યારે આમ તેમ કાંઇ ઉપર ચડી ગઇ હોય.

(૧૨) આગળ લખે છે કે નારદજી, ભક્તિની સાથે વાર્તાલાપ અને તેના પુત્રો (જ્ઞાનવૈરાગ્ય) ના પુનરૂજ્જીવનાર્થ યત્ન કરી રહ્યા હતા એટલામાં વ્યોમવાણી કલ્યાણી બોલી કે તારો શ્રમ સફળ થશે. એટલે નારદજી ઋષિ મુનિઓને ઉપાય પુછવા લાગ્યા એટલે કોઇ તો ચુપ બેસી રહ્યા. કોઇ કહે કે કાંઇ ઉપાયજ નથી અને કોઇ કોઇ તો નાસવાજ લાગ્યા. આ પ્રમાણે ત્રણે લોકમાં હાહાકાર થઇ રહ્યો. જેમકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हाहाकारो महानासीत् त्रैलोक्य विस्मयावहः ॥ अ: २ । ३६ ॥

કોઇ કહે કે યોગીરાજ નારદજી જ્યારે ઉપાય જાણતા નથી તો અન્યનું તો શું સામર્થ્ય ? શોધતાં શોધતાં નારદજીને સનકાદિ કુમાર મળ્યા અને તેમણે તેમને ઉપાય બતાવ્યા કે

ऋषिभिर्बहवो लोकेपन्थानः प्रकटीकृताः ।
श्रमसाध्याश्च ते सर्वे प्रायः स्वर्गफलप्रदाः ॥ ५६ ॥
वैकुण्ठसाधकः पन्थाः स तु गोप्यो हि वर्तते ।
तस्योपदेष्टा पुरुषः प्रायो भाग्येन लभ्यते ॥ ५७ ॥

અર્થાત્-લોકમાં પ્રાયઃ સ્વર્ગ સાધ્ય માર્ગ ઘણાંજ કઠણ ઋષિયોએ પ્રકટ કીધા છે પરંતુ વૈકુંઠ સાધક માર્ગ તો ગુપ્તજ છે. તે માર્ગના ઉપદેશક, ભાગ્યશાળીનેજ મળે છે. તે માર્ગ સંભળાવવાની પ્રતિજ્ઞા કરીને કહે છે કે

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्याययज्ञा यज्ञाश्चतेतूकर्मविसूचकाः ॥ ५९ ॥
सत्कर्मसूचको नूनं ज्ञानयज्ञ स्मृतो बुधैः ।
श्रीमद्भागवतालापः स तु गीतः शुकादिभिः ॥ ६० ॥

અર્થાત્-દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગ (સાધન) યજ્ઞ, વેદપાઠયજ્ઞ અને પંચમહાયજ્ઞાદિ સર્વ કર્મસૂચક છે પરંતુ સત્કર્મસૂચક તો કેવળ જ્ઞાનયજ્ઞ છે. તે જ્ઞાનયજ્ઞ શુકાદિના કહેલા ભાગવતમાં છે. તેની મહિમા નીચે પ્રમાણે કહી છે કે

भक्तिज्ञानविरागाणां तद्घोषेण बलं महत् ।
व्रजिष्यतिद्वयोः कष्टं सुखं भक्तेर्भविष्यति ॥ ६१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रलयं हि गमिष्यन्ति श्रीमद्भागवतध्वनेः ।
कलिदोषा इमे सर्वे सिंहशब्दाद्वृका इव ॥ ६२ ॥
ज्ञानवैराग्य संयुक्ता भक्ति प्रेमरसावहा ।
प्रतिगेहं प्रतिजनं ततःक्रीडां करिष्यति ॥ ६३ ॥

અર્થાત્-શ્રીમદ્ભાગવતની ધ્વનિથી ભક્તિજ્ઞાનવૈરાગ્યનો ઘેરેઘેર ફેલાવો થશે અને સિંહની ગર્જનાથી જેમ ગેટાંઓ નાશી જાય છે તેમ તત્ ધ્વનિથી કલિયુગના દોષો પણ નાસશે.

સમીક્ષા-પાઠકો હવે વિચાર કરો કે આગળ તો નારદજી બ્રાહ્મણોએ ભાગવત ઘેરેઘેર સંભળાવ્યું તેથી તેઓનો દોષ કાઢતા હતા અને તેને કલિયુગનું ચિન્હ માનતા હતા. (જુઓ અ. ૧. શ્લોક ૭૦) નારદજી ભક્તિ વૃદ્ધ થવાનાં જે કારણો માનતા હતા તેજ કારણો સનતકુમારો પણ માનતા હતા. આવી રીતના પરસ્પર વિરોધી કથનથી એમજ સમજાય છે કે આકાશવાણી પણ મિથ્યાજ હતી અને કદાચિત્ તેટલાજ માટે નારદજીએ સનત્કુમારોને કહ્યું હોય કે

नारद उवाच ।

वेदवेदान्तघोषैश्च गीतापाठैः प्रबोधितम् ।
भक्तिज्ञानविरागाणां नोदतिष्ठत्त्रिकं तदा ॥ ६४ ॥
श्रीमद्भागवतालापात्तत्कथं बोधमेष्यति ।
तत्कथासु तु वेदार्थः श्लोके श्लोके पदेपदे ॥ ६५ ॥

અર્થાત્-વેદ વેદાન્ત ગીતા પાઠથી જ્યારે ભક્તિ જ્ઞાનવૈરાગ્ય ઉત્પન્ન ન થયા (ભાગવતના શ્લોક ૨, પદ. ૨ માં વેદાર્થજ ભર્યા છે) તો ભાગવતના શ્રવણથી શું થશે ? આના ઉત્તરમાં સનત્કુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાએ કહ્યું છે કે વૃક્ષના મુળમાં તેના ફળના જેવા સ્વાદ હોતે નથી-દુધમાં તેના સાર ઘી જેવા રસ હોતા નથી, શેરડીમાં શર્કરાના જેવા સ્વાદ હોતા નથી.

इदं भागवतं नाम पुराणं ब्रह्मसम्मितम् ॥ ७१ ॥
वेदान्तवेदसुस्नाते गीताया अपि कर्तरि ।
परितापवति व्यासे मुह्यत्यज्ञानसागरे ॥ ७२ ॥
तदा त्वया पुराप्रोक्तं चतुःश्लोकसमन्वितम् ।
तदीयश्रवणात्सद्यो निर्बाधो बादरायणः ॥ ७३ ॥

અર્થાત્-આ ભાગવત પુરાણ અને વેદથી સમ્મિલિત છે. વેદ વેદાન્તમાં સારી રીતે અભ્યાસ કરીને અજ્ઞાનસાગરમાં ડુબેલા ગીતાના કર્તા દુઃખીત વ્યાસને પણ આપે, ભાગવતના ચાર શ્લોકો શ્રવણ કરાવી શીઘ્ર નિઃશોક કર્યા હતા માટે આ મૂળ છે એમાં તમે શંકા ન કરશો.

સમીક્ષા-શ્લોક ૫૬-૫૭ માં ભાગવત શિવાય અન્ય સર્વ સાધનોને શ્રમસાધ્ય અને સ્વર્ગદાયક માત્ર બતાવ્યા અને ભાગવતને વૈકુંઠપદદાતા બતાવ્યું એ કયાં સુધી સત્ય છે તે અને શ્લોક ૫૯-૬૦ ના પર વિચાર કરવાનું પાઠકોનેજ સોંપું છું. પરંતુ અન્ય મહોત્તમ કર્મોને કર્મસૂચક બતાવવા અને ભાગવતને સત્કર્મસૂચક બતાવવું એ તદન આશ્ચર્યજનક છે. અને ભકિતના સ્વરૂપને ભૂલી જઇ જ્ઞાનયજ્ઞની પ્રશંસા કરવી તે સાબીત કરી આપે છે કે ભાગવતના લેખક પૂર્વ પક્ષને વિસરી ગયા.

૬૧-૬૨ શ્લોકનો પણ એજ નિર્ણય થઇ શકશે કે કોઇ ઠેકાણે ભાગવતની પ્રાપ્તિને ઉત્તમ અને કોઇ ઠેકાણે નિકૃષ્ટ. જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગવતના પાઠથી કલિકલ્મષનો નાશ થાય છે ત્યારે તેના પ્રચારને રોકવો તે હાનીકારક છે. બ્રાહ્મણોએ ગુરૂમુખથી ભાગવત શ્રવણ કર્યું અને તે શીખ્યા અને ત્યાર પછી તેઓએ તે ઉત્તમ ફળદાતા ભાગવતનો ઘેરેઘેર પ્રચાર કરવા માંડ્યો તો તેમને અન્નના લોભી નારદજીએ કહ્યા તો હાલ શ્રોતા જેટલા ભાગવત સાંભળશે તેટલા તે લોભથી કેમ બચી શકશે !

વેદ વેદાન્તાદિ પાઠ અને ગીતા બનાવવા છતાં વ્યાસજીનો મોહ અને અજ્ઞાન દૂર ન થયાં તે, અને ભાગવતને પદે પદે વેદનો સાર કહેવો તે ભાગવત કર્તાની અજ્ઞાનતાજ કહેવાશે બીજું કાંઈ નહીં. આ પ્રમાણેની ભાગવતની અત્યુક્તિથી વેદની મહિમા ઘટાડવાનો ભાગવત કર્તાએ પ્રયત્ન કર્યો એમ કહીએ તો ખોટું કહેવાય નહી.

(૧૩) આગળ માહાત્મ્ય અ. ૩ મા સનત્કુમારોને નારદજીએ પુછ્યું છે કે

कियद्भिर्दिवसैः श्राव्या श्रीमद्भागवती कथा ।
कोविधिस्तत्र कर्तव्यो ममेदं वदतामितः ॥ ३ ॥

અર્થાત્–ભાગવત કેટલા દિવસમાં શ્રવણ કરવું જોઈએ તથા તેની શું શું વિધિ છે તે કૃપા કરીને આપ મને બતાવો. આનો જવાબ ગંગાતટપર સંભળાવવાને સનત્કુમારોએ સ્વિકાર્યું અને ત્રણે લોકમાં “ ચાલો ચાલો ” ની ધુમ મચી. ત્યાં ઘણાં દેવતાઓ, મહર્ષિઓ આવ્યા એટલુંજ નહીં પરંતુ શ્રી વ્યાસદેવ તથા છાયાશુકદેવ પણ આવ્યા. સત્તર પુરાણ–છ શાસ્ત્ર-ચાર વેદ સાંભળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાને તીર્થો, નદીઓ, ઉપનિષદો સર્વ આવ્યાં. આના પ્રમાણમાં સર્વ શ્લોક ન લખતાં નમુના દાખલ થોડાં શ્લોકો લખું છું.

योगेश्वरा व्यासपराशरौ च छायाशुकौ जाजलि जन्हुमुख्याः ।
सर्वेऽप्यमी मुनिगणाः सह पुत्रशिष्याः स्वस्त्रीभिरायययुरति प्रणयेन युक्ताः॥१४॥

અર્થાત્-યોગેશ્વરો, વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલિ, જન્હુ આદિ સર્વ મુનિગણ પુત્ર કલત્ર શિષ્યો સહિત અત્યન્ત નમન કરતાં કરતાં પધાર્યા. ૧૪

સમીક્ષા-વિચારણીય એ છે કે વ્યાસજી અને શુકદેવને એટલી બધી ભાગવત સાંભળવાની શું જરૂર હતી કે તેને માટે તેઓને ફરીથી સ્વર્ગમાંથી પૃથ્વિપર આવવું પડયું ? વળી નારદજીને જ્યારે શુકદેવજીએ રાજા પરીક્ષિતને વિધિ સંભળાવી ત્યારે તે તેમની પાસેથી સાંભળી ચુકયા હતા તો ફરીથી સનતકુમારોને વિધિ પુછવાની શું જરૂર ? શ્લોક ૧૩મામાં એમ લખ્યું છે કે

દેવરાત પણ ભાગવત સાંભળવાને આવ્યા હતા અને દેવરાત એ તો પરીક્ષિતનું નામ છે. શું ત્યારે રાજા પરીક્ષિત, મુક્તિથી પાછા સંસારમાં આવ્યા ? કે તેમની ભાગવત સાંભળવાથી મુક્તિ થઇજ નહોતી ? ભાગવત કર્ત્તાનો સિદ્ધાંત શું છે તે કાંઇ સમજાતું નથી. અરે ! જ્યારે ભાગવતના કર્ત્તા વ્યાસજી, તેમના પિતા પરાશર અને તેમના પુત્ર શુકદેવ કે જેમણે રાજા પરીક્ષિતને ભાગવત સંભળાવ્યું તેઓનીજ મુક્તિ ના થઇ તો રાજા પરીક્ષિતની શી ગણના ? આ પરથી એ કહેવત સિદ્ધ થાય છે કે

नष्टेमूले नैवपत्रं न पुष्पम्=वा मूले नष्टे कुतः शाखा ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૪) આગળ સનત્કુમારો ગંગાતટપર ગયા છે અને સર્વે દેવર્ષિઓની વચ્ચે નીચે પ્રમાણે કહ્યું છે.

अथ ते संप्रवक्ष्यामो महिमा शुकशास्त्रजः ।
यस्य श्रवणमात्रेण मुक्तिः करतले स्थिता ॥ २४ ॥
सदासेव्यासदासेव्या श्रीमद्भागवतीकथा ।
यस्याः श्रवणमात्रेण हरिश्चित्तं समाश्रयेत् ॥ २५ ॥
ग्रन्थोऽष्टादशसाहस्रो द्वादशस्कन्धसम्मितः ।
परीक्षिच्छुकसंवादः शृणु भागवतं च यत् ॥ २६ ॥
तावत्संसारचक्रेऽस्मिन् भ्रमतेऽज्ञानतः पुमान् ।
यावत्कर्णगता नास्ति शुकशास्त्रकथा क्षणम् ॥ २७ ॥
किं श्रुतैर्बहुभिः शास्त्रैः पुराणैश्च भ्रमावहैः ।
एकं भागवतं शास्त्रं मुक्तिदानेन गर्जति ॥ २८ ॥

અર્થાત્-હવે શુકશાસ્ત્રની મહિમા કે જેના સાંભળવાથી મુક્તિ હાથમાં છે તે કહે છે. ભાગવતની કથા કે જેના સાંભળવાથી પરમેશ્વર ચિત્તમાં વાસ કરે છે તેને સદા સાંભળો-સદા સાંભળો (૨૫) ૧૮૦૦૦ શ્લોક બાર સ્કન્ધનો પરીક્ષિતશુકસંવાદ ગ્રંથ જે સાંભળશે તે સંસાર ચક્રમાં સપડાશે નહીં. અન્ય ઘણા શાસ્ત્રો તથા "ભ્રમોત્પાદક પુરાણો" સાંભળવાથી કાંઇ થવાનું નથી. એક ભાગવત શાસ્ત્રજ મુક્તિ દાતા છે. ૨૮.

સમીક્ષા-પચ્ચીશમા શ્લોકનું કથન વ્યર્થ માલમ પડે છે કારણ કે જ્યારે વ્યાસ શુકદેવ તથા રાજા પરીક્ષિતનીજ મુક્તિ ન થઇ તો પછી સાધારણ માણસનું શું ગજું ? આજ કાલના પૈરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણિક પંડિત લોકો કદાચ એમ કહીને કામ પણ ચલાવતે કે ભાગવત તો ઇશ્વરીય જ્ઞાન છે પરંતુ ભોળા ભાગવત કર્ત્તાએ છવીશમાં શ્લોકમાં ચોખ્ખું કહી દીધું કે બાર સ્કન્ધ અને અઢાર હજાર શ્લોકોવાળું પરીક્ષીતશુકસંવાદભાગવતના શ્રવણથી મુક્તિ છે. પરંતુ તેમ કરવા જતાં વળી બીજી શંકા એ ઉપસ્થિત થાય છે કે જ્યારે શુક સંવાદ ભાગવતના બીજા સ્કંધથી શરૂ થાય છે ત્યારે તો અગીયાર સ્કંધ લખવા હતા તેના બદલામાં બાર કેમ લખ્યા ? અને શ્લોકો પણ તેટલા ઓછાજ લખવા હતા. શ્લોક અઠાવીશમાં તો ભાગવત શિવાયના દરેક પુરાણ પર કટાક્ષ કરેલો છે એટલે દરેક પુરાણોને ભ્રમ કરનારાં માન્યા છે માટે દરેક પુરાણીએ આનો જવાબ અવશ્ય આપવો પડશે કે ભાગવત કર્ત્તાએ આ લેખ બીજા પુરાણોની અદેખાઇ કરીને લખ્યો છે કે તેનું કથન બરાબર છે ?

(૧૫) આગળ શ્લોક પંદરમામાં લખ્યું છે

> यश्च भागवतं शास्त्रं वाचयेदर्थतोऽनिशम् ।
> जन्मकोटिकृतं पापं नश्यते नात्र संशयः ॥ ३७ ॥
> श्लोकार्धं श्लोकपादं वा पठेद्भागवतं वचः ।
> नित्यपुण्यमवाप्नोति राजसूयाश्वमेधयोः ॥ ३८ ॥

અર્થાત્-ભાગવત કરોડો જન્મના પાપ દુર કરે છે એમાં કાંઇ સંદેહ નથી. ૩૭. ભાગવતનો અર્ધો કે પા શ્લોક ભણવાથી પણ રાજસૂય અશ્વમેધનું ફળ થાય છે. ૩૮.

સમીક્ષા-ઉપરોક્ત શ્લોક કર્તાને પોતાને પાપો દુર થાય છે કે નહીં એવો સંદેહ હશે તેથી તેના હૃદયમાં नात्र संशयः રચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ છે એમ લાગે છે. અરે ? જ્યારે કરોડો જન્મોનાં પાપો ભાગવતથી દુર થાય છે ત્યારે પાપ કરવાથી ડરવાનું શું ? (ખરે-ખર ભારતવર્ષની પ્રજા આવીજ રીતે ઠગાઇને નહીં કરવાનાં કામ કરે છે.) આવું જ્યારે ભાગવતનું પુણ્ય છે તો પછી બ્રાહ્મણોએ ઘેરેઘેર ભાગવતની કથા સંભળાવી તો તેથી પાપ કર્યું એમ કહેવાનું નારદજીને શું પ્રયોજન હશે તે કાંઇ સમજાતું નથી.

(૧૬) આગળ ૪૫ માં શ્લોકમાં તો કહે છે કે ભાગવત અમુક દિવસેજ સાંભળવું જોઇએ એવો કાંઇ નિયમ નથી પરંતુ આગળ ૪૭ થી ૫૨ શ્લોક સુધી સપ્તાહનુંજ મહાત્મ્ય છે એમ કહ્યું છે (પાસે પાસેનો પરસ્પર વિરોધ)

પ્રમાણ

तेन योगनिधे ! धीमन् ! श्रोतव्या सा प्रयत्नतः ।
दिनानां नियमो नास्ति सर्वदा श्रवणम्मतम् ॥ ४५ ॥

અર્થાત્-હે નારદ ! ભાગવત યત્નથી સાંભળવું જોઇએ. એમાં કોઇ દિવસનો નિયમ નથી, સર્વદા સાંભળવું જોઇએ. ૪૫.

मनोवृत्तिजयश्चैव नियमाचरणं तथा ।
दीक्षां कर्तुमशक्यत्वात्सप्ताह श्रवणम्मतम् ॥ ४७ ॥

तथा

कलेदोपिबहुत्वाच्च सप्ताहश्रवणम्मतम् ॥ ४६ ॥
यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।
अनायासने तत्सर्वं सप्ताहश्रवणे लभेत् ॥ ५० ॥
यज्ञाद् गर्जति सप्ताहः सप्ताहो गर्जति व्रतात् ।
तपसो गर्जति प्रोच्चैस्तीर्थान्नित्यंहि गर्जति ॥ ५१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

योगाद् गर्जति सप्ताही ध्यानाज्ज्ञानाच्चगर्जति ।
किम्ब्रुमो गर्जनं तस्य रेरे गर्जति गर्जति ॥ ५२ ॥

આ સર્વ શ્લોકોનો આશય એ છે કે તપ, યોગ, સમાધિ, યજ્ઞ-વ્રત--તીર્થ--ધ્યાન એ સર્વથી સપ્તાહ શ્રેષ્ટ છે. આની સમીક્ષા કરવા પાઠકોનેજ સોંપું છું.

૧૭. આગળ શ્લોક ૫૪ માં સૂતજી કહે છે કે ઉદ્ધવના કથનાનુસાર શ્રીકૃષ્ણ મહારાજે સ્વયં ભાગવતમાં વાસ કર્યો; એ કલિયુગમાં ભાગવત કૃષ્ણરૂપ છે અને એજ સર્વનો ઉધ્ધાર કરશે.

યદિ આ વાતપર સનાતન ધર્મીઓનો સંપૂર્ણ વિશ્વાસ હોતે તો ભારતધર્મ મહામંડલ બનાવવાની કાંઇ જરૂર રહેતે નહીં.

(૧૮) આગળ વળી એક વિચિત્ર વાત બતાવી છે. અધ્યાય ૪ શ્લોક ૮ માં લખે છે કે પશુ પક્ષિ સપ્તાહ શ્રવણ કરીને નિષ્પાપ થઇ ગયા. યથા.

मूढाः शठा ये पशुपक्षिणोऽत्र सर्वेऽपि निष्पापतमा भवन्ति ॥ ८ ॥

અને પાછળના બે શ્લોકમાં કહે છે કે શ્લોકમાં દર્શાવેલા પાપી માત્ર સપ્તાહથી પવિત્ર થતા નથી. યથા.

कुमारा ऊचुः

येमानवाः पापकृतस्तु सर्वदा सदा दुराचाररता विमार्गगाः ।
क्रोधाग्निदग्धाः कुटिलाश्च कामिनः सप्ताहयज्ञेन कलौ पुनन्ति ते ॥११॥
सत्येन हीनाः पितृमातृदूषकास्तृष्णा कुलाश्चाश्रमधर्मवर्जिताः ।
येदाम्भिका मत्सरिणोऽपि हिंसकाः सप्ताहयज्ञेन कलौपुनन्ति ते ॥१२॥
पञ्चोग्रपापाश्छलछद्मकारिणः क्रूराःपिशाचा इव निर्दयाश्च ये ।
ब्रह्मस्वपुष्टा व्यभिचारकारिणः सप्ताहयज्ञेन कलौ पुनन्ति ते ॥ १३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कायेन वाचा मनसापि पातकं नित्यंप्रकुर्वन्ति शठा हठेन ये ।
परस्वपुष्टा मलिना दुराशयाः सप्ताह यज्ञेन कलौ पुनन्ति ते ॥ १४ ॥

આ શ્લોકોનાં અર્થ બે થઇ શકે છે. યદિ सप्ताहयज्ञे નો સાતમી વિભક્તિ લઇને અર્થ કરીયે તો ઉપર વર્ણવેલા પાપી સપ્તાહથી શુદ્ધ થતા નથી એ અર્થ થશે. યદિ " सप्ताहयज्ञेन " ત્રીજી વિભક્તિમાં માનીયે તો ઉપર્યુક્ત પાપી સર્વ શુદ્ધ થઇ શકે છે એ અર્થ થાયછે. આ બેમાંથી કયો અર્થ લેવો તેનો જવાબ દેવાનું કામ સનાતનિયોને માથે છે. હમને તો બન્ને અર્થ અસંગત માલમ પડે છે કારણ કે યદિ એમ માનીએ કે પાપો દુર થઇ જાય છે તો દુનિયામાં સર્વ લોક પાપ કરીને સપ્તાહ સાંભળશે એટલે કોઇને પાપનો ભય નહીં રહે. યદિ એમ માનીયે કે સપ્તાહથી ઉક્ત પાપો દુર થતા નથી તો પ્રથમ પ્રતિજ્ઞા કે તેથી સર્વ પાપ દુર થઇ જાય છે, તે પૂર્ણ થતી નથી.

(૧૯) આગળ અધ્યાય ૪ માં એક અદ્ભુત વાત છે કે એક વેદવિશારદ આત્મદેવ નામક બ્રાહ્મણ તુંગભદ્રા નદીના તટપર આવેલા ધર્માત્માપુર નામના ગામમાં રહેતો હતો. શ્રૌતસ્માર્ત કર્મોમાં સૂર્યસમાન હતો, તે ભિક્ષા માંગી પેટ ભરતો હતો. એની સ્ત્રી ધુન્ધલી હતી. આમાં લખ્યું છે કે બ્રાહ્મણ ભિક્ષુક પણ હતો અને ધની પણ હતો; યથા

भिक्षुको धनवान् लोके तत्प्रिया धुन्धली स्मृता ।
स्ववाक्यस्थापिका नित्यं सुन्दरी सुकुलोद्भवा ॥ १८ ॥

વળી

एवं निवसतो प्रेम्णा दम्पत्यो रममाणयोः ॥ २० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વળી

गोभूहिरण्यवासांसि दीनेभ्योयच्छतः सदा ॥ २१ ॥

સમીક્ષા-૧૮ માં શ્લોકમાં બ્રાહ્મણને ભિક્ષુક પણ લખવો અને ધનવાન પણ લખવો એ તદ્દન અસંગત છે. અહિં યદિ કોઇ કહે કે "ભિક્ષુકોઽધનવાન્" છે અર્થાત્ અકારનો વિશ્લેષ છે તો આગળ ધન આપીને પુત્ર લેવો તથા પુત્રે ધન લુંટાવી દીધું એ લખવું અસંગત થશે. કોઇ કહેશે કે એમ માનો કે ભિક્ષુક હતો અને ધનવાન પણ હતો ત્યારે હું પુછીશ કે શું પૂર્વ યુગોમાં બ્રાહ્મણો ધની હોવા છતાં પણ ભિક્ષા માંગતા હતા? જ્યારે સ્ત્રીને કલહકારિણી ઇત્યાદિ વિશેષણોથી વર્ણવી છે તો પછી ધર્માત્મા પતિ અને કલહકારિણી પત્નિને દમ્પતિ કહેવા તે તદ્દન અસંગત છે. ૨૧ મા શ્લોકમાં ભિક્ષુક બ્રાહ્મણે ગૌ સુવર્ણ વસ્ત્રનું દીનોને દાન કર્યું એમ લખવું પણ તેવુંજ અસંગત છે.

ન્યાયપ્રિય પાઠકો આવા આવા પાઠ વાંચીને શું કલ્પના કરશે તે પરમાત્મા જાણે પરન્તુ મારી સમજમાં તો એક તદ્દન નવીન કલ્પના થાય છે કે હાલના કલિયુગી બ્રાહ્મણ પણ ધન રાખીનેજ ભિક્ષા માંગતા હશે. ધનીએ ભિક્ષા માંગવી એ કોઇ શાસ્ત્રનો મત નથી અને એ કેવા ધર્માત્માઓનું ગ્રામ હતું કે જ્યાં વેદપાઠી બ્રાહ્મણો ભિક્ષા માંગતા ફરતા હતા.

(૨૦) આગળ લખે છે કે તે બ્રાહ્મણ પુત્ર વિનાનો હોવાને લીધે ઘર છોડીને વનમાં પ્રાણ ત્યાગાર્થે ચાલી ગયો. ત્યાં તેને એક સન્યાસી મળ્યો. તેને પોતાના મનનું દુઃખ કહ્યું કે હે મહારાજ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે પુત્ર નથી. જે ગાયો મેં પાળી હતી તે પણ વન્ધ્યા થઇ ગઇ. જે ઝાડો મેં વાવ્યા હતા તેમને ફળ ન થયા. અતઃ હું પ્રાણ ત્યાગ કરીશ. એમ કહીને રડવા લાગ્યો.

तस्याक्षरमालां च वाचयामास योगवान् ॥ ३३ ॥

તે સન્યાસી મહારાજે તેના માથાપર લખેલા અક્ષરો વાંચ્યા અને કહ્યું કે

सप्तजन्मावधि तव पुत्रो नैव च नैवच ॥ ३५ ॥

સાત જન્મ સુધી તને પુત્ર થવાનો નથી.

સમીક્ષા—આશ્ચર્યની વાત તો એ છે કે શું આ મસ્તકપર સાતે જન્મનું વૃત્તાન્ત લખ્યું છે? તેના પર એક દિવસની દિન-ચર્યા કોઇ ફોટોથી પણ ભાગ્યેજ કાઢી શકે તો અહિં તો સાત જન્મનું વૃત્તાન્ત લખેલું બતાવે છે તે હાસ્યજનક નહીં તો બીજું શું? બ્રાહ્મણના માથાપર સન્તાનના સંબંધનોજ માત્ર લેખ લખ્યો હતો કે સાત જન્મભરનું સર્વ વૃત્તાન્ત લખ્યું હતું? તે કોણ જાણે! જાણે તો ભાગવત કર્તા જાણે કે તેમના માનનારા સનાતનીયો જાણે.

૨૧. હું આગળનું વૃત્તાન્ત સંક્ષેપમાં લખું છું કે સન્યાસી મહારાજે ભિક્ષુક બ્રાહ્મણને એક ફળ આપ્યું અને કહ્યું કે આ ફળ તારી સ્ત્રીને ખવડાવજે જેથી તે ગર્ભવતી થશે. સ્ત્રીએ પ્રસવ વેદનાનો વિચાર કરી તે ફળ ગૌને ખવડાવી દીધું અને પોતે પોતાની બહે-નને રૂપીયા આપી ચોરીથી બીજું બાળક મંગાવી તેનો પ્રસવ પ્રકટ કીધો. તે ધુંધકારી નામનો છોકરો મોટો થઇ વેશ્યાગામી થયા. એણે સર્વ ધન વેશ્યાઓને આપી દીધું. ત્રણ માસ પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયના પેટમાંથી પણ મનુષ્યાકૃતિ પુત્ર ઉત્પન્ન થયો. તેના કાન માત્ર ગૌના જેવા હતા. ધુન્ધકારી માતાપિતાના પૈસા ઉડાવવા લાગ્યો. એક દિવસ એવું બન્યું કે પાંચ વેશ્યાઓએ મળીને રાત્રિને સમયે તેને ફાંસી દઇને મારી નાંખ્યો. તે પ્રેત થયો. ગોકર્ણ અને ગયા તીર્થમાં શ્રાદ્ધ કર્યું તો પણ સદ્‌ગતિ ન થઇ. કોઇ પણ સાધનથી તે પ્રેતની મુકિત થઇ નહીં. ત્યારે સૂર્યદેવતાએ સપ્તાહ શ્રવણની આજ્ઞા આપી. અન્ય મહર્ષિઓ તો વ્યાકુળ થઇ ગયા હતા. તેમને સૂર્યદેવને સુજેલી વાત ન સુજી.

સમીક્ષા-ગૌના પેટમાંથી મનુષ્ય ઉત્પન્ન થયો તે ગપ્પ નહીં તો બીજું શું ? સાત જન્મમાં પુત્ર બ્રાહ્મણને નહોતો તો બે પુત્ર થયા એ મસ્તકમાં લખેલી વાત ખોટી ઠરાવે છે. એમ નહીં તો મસ્તકમાં લખીજ નહોતી એમ કહેવું પડશે. સપ્તાહનું મહાત્મ્ય બીજા કોઇને ના સુજ્યું તે સૂર્યને સુજ્યું અને સૂર્યે બ્રાહ્મણની સાથે વાતો કરી એ બીજી ગપ્પ. ત્રીજી ગપ્પ, એ કે નારદજીને આ કથા, પુરાતન ઇતિહાસ બતાવવામાં આવી છે, નવી નહી. અને ૮૭ મા શ્લોકમાં તો એમ બતાવ્યું કે જેટલા પુરૂષોએ ગોકર્ણના મુખથી ભાગવત સાંભળી તેટલા સર્વ મુક્ત થઇ ગયા અને માતાના ગર્ભમાં ફરી આવ્યા નહીં જેવી રીતે કે “ ते गर्भगता न भूयः ” અ. ૫ શ્લોક ૮૭. વળી આગળ કહે છે કે

वाताम्बुपर्णाशनदेहशोषणैस्तपोभिरुग्रैश्चिरकाल सञ्चितैः ।
योगैश्च संयातिनतांगतिं वै सप्ताहगाथा श्रवणेन यान्तियाम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ-જે ગતિ સપ્તાહના શ્રવણુથી થાય છે તે ગતિ વાયુ ભક્ષણ, પત્રચર્વણાદિ ઉગ્ર તપસ્યા કરી દેહ સુકાવી નાંખવાથી પણ થતી નથી.

સમીક્ષા-ઉપરોક્ત કર્મોની ગતિના સંબંધમાં મારે કાંઇ કહેવાનું નથી પરંતુ તપને પણ અંદર ભેળવ્યું તે યોગશાસ્ત્રના પર પાણી ફેરવવા જેવું કર્યું. ભાગવત મહાત્મ્યના અન્તિમ અધ્યાયના ૭૦ મા શ્લોક અને તેની પાછળના શ્લોકોથી એમ જ્ઞાત થાય છે કે નારદજીએ પ્રથમ ભાગવત સાંભળ્યું નહોતું અને ૭૮ અને બીજા શ્લોકોથી વિદિત થાય છે કે શુકદેવજી પધાર્યા અને ૮૦ મા શ્લોકથી "शुकउवाच" વાક્ય શરૂ થયું. ૮૪ મા શ્લોકમાં બલિ, અર્જુન અને ઉદ્ધવ સર્વનું આગમન લખ્યું છે. એ સર્વ વિસ્તાર ભયથી હું ઉદ્ધૃત કરતો નથી. અહિં એ કહેવું ઉચિત સમજું છું કે ભા. મા. અ. ૬ શ્લોક ૯૫-૯૬ માં લખ્યું છે કે કલિયુગના ત્રીસ વર્ષ વીત્યા પછી પરીક્ષિતને શુકદેવજીએ સપ્તાહ સંભળાવવાનો આરંભ ફાલ્ગુન માસની નવમી તિથિએ કર્યો હતો ॥ ૯૫ ॥ બસો વર્ષ પછી ગોકર્ણે સંભળાવી અને તેના પછી ત્રીસ વર્ષે સનત્કુમારોએ સંભળાવી. પાઠક ગણ! વિચાર કરો કે જ્યારે પુરાણ કર્ત્તા કલિયુગમાં દરેક મનુષ્યનું સો વર્ષનું આયુષ્ય માને છે તો પછી વ્યાસાદિ મહર્ષિઓ, જ્યારે ગોકર્ણે ધુન્ધકારીને સપ્તાહ સંભળાવી ત્યારે વર્તમાન હોવા અર્થાત્ જીવતા હોવા પુરાણના સત્યને હાનિ પહોંચાડે છે.

આગળ શ્લોક ૯૯ માં લખે છે કે દુતજી હાથમાં ફાંસી લઇને યમરાજને કહે છે કે હે મહારાજ! વૈષ્ણવોને સજા કરશો નહી, છોડી દેજો કારણ કે વૈષ્ણવોનો હું શાસક નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા—હે ભારતવાસીઓ ! હવે યમરાજના પંજામાંથી મુક્ત થવું હોય તો સર્વ વૈષ્ણવ થઇ જાઓ અને વૈષ્ણવ થઇ જવું સહેલું છે. એક લાંબુ ટીલું સવારના પહોરમાં ઉઠી કરશો કે વૈષ્ણવ થઇ ચુક્યા અને યમરાજ અને દુતે તમારા મસ્તકપર લાંબુ ટીલું દીઠું કે તમે જોઇએ તેવું પાપ કરશો તો તેની સજામાંથી તમને મુક્ત કરશે. તેમને પિંડ દાનાદિ કરવાની પણ જરૂર રહેશે નહી કારણકે તેમને યમયાતનાજ નહીં રહે.

હવે મહાત્મ્યની સમીક્ષા અહિં સમાપ્ત કરીને ક્રમશઃ બારે સ્કન્ધોની સમીક્ષા કરવાનો આરંભ કરીશું. પરમાત્મા પ્રત્યે મારી એજ પ્રાર્થના છે કે તે મારી બુદ્ધિને શુદ્ધ અને નિષ્પક્ષ રાખવામાં મને સહાય કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

अथ प्रथमस्कन्धसमीक्षा.

(૧) પ્રથમ સ્કન્ધના આરંભમાં કાંઇ ઉવાચ–સુવાચ નથી. પ્રથમ શ્લોકમાં સ્તુતિ છે. બીજામાં લખ્યું છે કે

श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः

અર્થાત્–ભાગવત મહામુનિ વ્યાસજીએ બનાવ્યું છે.

સમીક્ષા–આ પરથી એમ પ્રતીત થાય છે કે આ શ્લોક અન્યોક્તિ છે, વ્યાસોક્તિ નથી.

(૨) શ્લોક ૩માં

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहोरासिका भुवि भावुकाः ॥ ३ ॥

અર્થાત્–વેદરૂપી કલ્પવૃક્ષના શુક મુખ દ્વારા વહેતી, ફળની અમૃત ધારાવાળુ ભાગવત રૂપ રસનું પાન કરો.

સમીક્ષા–આ શ્લોકમાં ભાગવત વેદનું ફળ બતાવ્યું છે અને શુકદેવમુનિને મુખ કહ્યું છે ત્યારે વિચાર એ થઇ પડે છે કે આ શ્લોક વ્યાસકૃત ન હોવો જોઇએ કારણકે તે અન્યોક્તિ વત્ છે.

(૩) શ્લોક ૭માં કહ્યું છે કે

यानि वेदविदां श्रेष्ठो भगवान्बादरायणः ।

વેદવિદોમાં શ્રેષ્ટ વ્યાસમુનિએ બનાવેલાં અને અન્ય ઋષિઓએ બનાવેલાં શાસ્ત્રોને તમે જાણો છો.

આથી જાણે વ્યાસોક્તિ સિદ્ધ થતી નથી અને શ્લોક ૭થી "ऋषयऊचुः" "व्यास उवाच" તો છેજ નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગવત કલિયુગમાં બન્યું

(૪) મહાત્મ્યના ઘણા શ્લોકોનાં પ્રમાણોથી દર્શાવી ગયા છીએ કે ભાગવત કલિયુગમાં બન્યું છે. હવે બીજાં દેખાડીશું. સ્કન્ધ ૧ શ્લોક ૧૦ માં લખ્યું છે

प्रायेणाल्पायुषः सभ्यकलावास्मिन्युगेजनाः ।
मन्दाः सुमन्दमतयो मन्दभाग्याह्युपद्रुताः ॥ १० ॥

અર્થ-"આ" કલિયુગમાં મનુષ્ય અલ્પાયુ, મન્દ, મન્દમતિ મન્દભાગ્ય અને રોગાદિ પીડિત છે. આપરથી ખુલ્લું જણાય છે કે ભાગવતના સમયે કલિયુગ મહારાજ હતા. તથા શ્લોક ૨૧થી તો સરળ રીતે સિદ્ધ થઇ જાય છે કે ભાગવત કલિયુગમાંજ બન્યું.

कलिमागतमाज्ञाय क्षेत्रेऽस्मिन् वैष्णवे वयम् ।
आसीना दीर्घसत्रेण कथायां सक्षणा हरेः ॥ २१ ॥
त्वं नः संदर्शितो धात्रा दुस्तरं निस्तितीर्षताम् ।
कलिसत्त्वहरं पुंसां कर्णधार इवार्णवम् ॥ २२ ॥

અર્થાત્-શૌનકાદિ કહે છે કે કલિયુગ આવ્યો જાણીને હમે આ વૈષ્ણવ ક્ષેત્રમાં કથા સાંભળવાને બેઠા છીયે. ૨૧. બ્રહ્માએ દુસ્તર સંસારમાંથી પાર ઉતરવાને માટે કલિમલ હરણાર્થે આપને મલ્લાહ-રૂપે હમને દેખાડયા છે. ૨૨. આગળ અ. ૨ માં વ્યાસજી બોલ્યા કે આ પ્રમાણે પુછવાથી સૂતજીએ વ્યાસજીને નમસ્કાર કર્યા. જે શ્લોક મહાત્મ્યના આરંભમાં પદ્મ પુરાણનો છે તેજ શ્લોક અહિં ભાગવતમાં છે માટે તેની સમીક્ષા ત્યાં તેજ અહીં સમજવી. પરન્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં એટલી વાત વિશેષ છે કે વ્યાસસ્તુ શુકદેવજીને પણ પ્રણામ છે. યથા.

यः स्वानुभावमखिल श्रुतिसारमेकमध्यात्मदीपमति तितीर्षतां तमोन्धम् ।
संसारिणां करुणयाह पुराणगुह्यं त व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ॥ ३ ॥

આ શ્લોકમાં વ્યાસપુત્ર શુકદેવજીને નમસ્કાર કરવામાં આવ્યો છે. તેપરથી સિદ્ધ થાય છે કે તે વ્યાસોક્તિ નથી તેમજ પરીક્ષિત પ્રતિ શુકોક્તિ પણ નથી.

ત્રીજા અધ્યાયનાં આરંભમાંજ ચોવીસ અવતારોની કથા છે. તેનું ચિત્ર ચરિત્ર અદ્‌ભુત છે.

जगृहे पौरुषं रूपं भगवान्महदादिभिः
सम्भूतषोडशकलमादौ लोकसि सृक्षया ॥ १ ॥

અર્થ–આદિમાં લોકરચનાર્થે સોળ કળાથી ભરપુર પુરૂષાવતાર થયો. એના નાભિકમલમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા. તે બ્રહ્માજીને સહસ્ર પાદ, સહસ્ર, સહસ્ર ભુજાઓ, શિર કાન નાક હતાં. તેમણે શરીરે વસ્ત્ર તથા કુંડલ ધારણ કીધા હતા. તે અવતાર સર્વ અવતારોના બીજરૂપ હતો. એના અંશથી દેવતા, સર્પ, મનુષ્યાદિ થયા. સનત્કુમારો સુદ્ધા તેમાંથીજ થયાં. યથા.

सएव प्रथमं देवः कौमारं सर्गमास्थितः ॥ ६ ॥

સમીક્ષા–અવતારનું વર્ણન કરતાં કહ્યું કે નાભીથી બ્રહ્માજી જન્મ્યા અને એમ કહેતાં લાગલાજ સનત્કુમારોની ઉત્તપત્તિ પર આવી પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨—વરાહ અવતાર.

द्वितीयन्तु भवायास्य रसातलगतां महीम् ।
उद्धरिष्यन्नुपादत्त यज्ञेशः सौकरंवपुः ॥

અર્થ-જ્યારે પૃથ્વી પાતાલમાં ગઇ ત્યારે વિષ્ણુ ભગવાને તેને બહાર લાવવાને શુકરરૂપ ધારણ કર્યું.

સમીક્ષા-આની વિશેષ સમીક્ષા તો તેના ચરિત્ર સમયે કરીશું. હાલતો એટલુંજ કહેવું બસ છે કે શુકર તો સ્થળચર છે માટે તેના કરતાં **નાકા** બન્યાં હોત તો સારૂં અને જ્યારે પૃથ્વી પાતાલમાં ગઇ હતી ત્યારે કયી પૃથ્વીપર વિષ્ણુ મહારાજે અવતાર લીધો? મને તો લાગે છે કે તેમનો અવતાર પાતાળમાં થયો હશે.

૩-નારદ અવતાર.

तृतीयमृषिसर्गंचदेवर्षित्वमुपेत्य सः ।
तन्त्रं सात्वतमाचष्टे नैष्कर्म्यं कर्मणां यतः ॥ ८ ॥

અર્થાત્-ત્રીજો શાસ્ત્રપ્રચારક નારદ અવતાર થયો.

સમીક્ષા—આ નારદજી એ છે કે જે ભાગવતમાં અવિશ્વાસથી મુક્તિના ઉપાય અને ભક્તિના ઉદ્ધરાર્થે આમ તેમ ફર્યા કરતા હતા, જેને આકાશવાણી થઇ હતી અને જેણે ઋષિયોને ઉપાય પુછ્યા હતા અને સનત્કુમારોની સ્તુતિ કરી હતી. સાથે સાથે વાંચકો યાદ રાખજો કે સનત્કુમારોને પણ એક પરમાત્માનો અવતાર બતાવ્યો છે. ત્યારે શું શ્રોતા અને વકતા બન્ને ઇશ્વરના અવતાર હતા?

૪—નરનારાયણવતાર.

तुर्यं धर्मकलासर्गे नरनारायणावृषी ।
भूत्वात्मोपशमोपेतमकरोद्दुश्चरं तपः ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ—તપ કરવાવાળો નરનારાયણ અવતાર થયો.

સમીક્ષા-એ સમજણ પડતી નથી કે ઇશ્વરને તપ કરીને બીજી કયી શ્રેષ્ઠ પદ્વીની અભિલાષા હતી. મહાભારતમાં તો આ બન્નેને, અર્જુન અને કૃષ્ણનો પૂર્વ જન્મ બતાવ્યો છે ત્યારે જો ભગવાનને પૂર્વજન્મમાં તપ કરવાથી પુનર્જન્મમાં બળવાન થવાનું બતાવવામાં આવે તો જીવ કરતાં બ્રહ્મમાં અધિકતા શું રહી ? કાંઇજ નહી.

૫—કપિલદેવનો અવતાર.

पञ्चमः कपिलो नाम सिद्धेशः कालविप्लुतम् ।
प्रोवाचाऽऽसुरये सांख्यं तत्त्वग्रामविनिर्णयम् ॥ १० ॥

પાંચમો, સાંખ્ય શાસ્ત્ર કર્તા કપિલદેવજીને અવતાર થયો.

સમીક્ષા—આ અવતાર, સાંખ્યમાં દર્શાવ્યા મુજબ વેદ ભગવાનને અપૌરૂષેય માને છે.

૬—દત્તાત્રેય અવતાર.

षष्ठे अत्रेरपत्यत्वं वृतःप्राप्तोऽनसूयया ।
आन्वीक्षिकीमलर्काय प्रन्हादादिभ्यऊचिवान् ॥ ११ ॥

આ દત્તાત્રેયનો અવતાર છે. દત્તાત્રેય અત્રિ ઋષિના પુત્ર હતા માટે તેની સમીક્ષા પૂર્વવત્ સમજવી.

૭--યજ્ઞાવતાર.

ततः सप्तम आकूत्यां रुचेर्यज्ञोभ्यऽजायत ।
सयामाद्यैः सुरगणैरपात्स्वायंभुवान्तरम् ॥ १२ ॥

આ યજ્ઞાવતારનું વર્ણન છે. આકૂતિમાંથી ઉત્પન્ન થયલા ઋષિના પુત્ર યજ્ઞએ સ્વાયંભુવ મન્વન્તરની રક્ષા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા-કોને ખબર આ અવતારને મન્વન્તરની આયુષ્ય કેમ મળી ?

૮—ઋષભ દેવનો અવતાર.

अष्टमे मेरुदेव्यां तु नाभेर्जात उरुक्रमः ।
दर्शयन् वर्त्म धीराणां सर्वाश्रम नमस्कृतम् ॥

અર્થ—આઠમો મેરૂદેવીના પુત્ર ઋષભ દેવનો અવતાર સન્યાસ માર્ગના રક્ષણ માટે થયો. આ અવતાર પણ ભૂભાર નાશને માટે થયો જણાતો નથી અને દશ અવતારમાં આ અવતાર ગણવામાં નથી આવ્યો.

૯—નવમો પૃથ્વીરાજનો અવતાર બતાવ્યો છે. તેનું જન્મ વર્ણન અદ્ભુત છે. પુરૂષના શરીરના મથનથી તેની ઉત્તપત્તિ બતાવી છે. તે આગળ, એની કથા વિસ્તારથી વર્ણવેલી છે ત્યાં બતાવીશું.

૧૦-મત્સ્યાવતાર દશમો અવતાર છે. આ અવતારનું કામ સમુદ્રમાં ડુબી ગયલી ધરતીને બહાર કાઢી વૈવસ્વત મનુને આપવાનું, બતાવ્યું છે.

સમીક્ષા-પરમાત્માને માછલી બનાવતાં સુધી ભાગવત કર્તાની કલમ ચાલી છે.

૧૧-અગીયારમો કૂર્માવતાર છે. દેવ અને દાનવો જ્યારે સમુદ્ર મથન કરતા હતા ત્યારે ડુબી જતી પર્વતની મથનીને કમરપર લેવાને કૂર્મનો અવતાર થયો.

આની સમીક્ષા પૂર્વવત્ સમજી લેવી.

૧૨-બારમો અવતાર ધન્વન્તરિજીનો થયો. તે મહાત્મા સમુદ્રમાંથી અમૃતનો ઘડો લઇને નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩–તેરમો મોહની અવતાર છે. તે સ્ત્રીરૂપ અવતાર હતો. તે સ્ત્રીરૂપ પર દેવ દાનવો મોહી ગયા અને તેને માટે તેઓ અંદર અંદર લડયા અને અમૃત કોણે લેવું તેનો વિચાર કરવાને પંચ નીમ્યું અને પંચે અમૃત દેવતાઓનેજ આપ્યું.

સમીક્ષા.-દેવ અને દાનવોએ બન્નેએ એક સરખો પરિશ્રમ કર્યો અને પરમેશ્વરે સ્ત્રીરૂપ થઇને એક તરફી ન્યાય કર્યો તેથી પરમેશ્વરના ન્યાય ગુણપર ધબ્બો લાગે છે કે નહીં તેનો વિચાર પાઠકો કરી લેશે.

૧૪–ચૌદમો નૃસિંહાવતાર થયો. તેનું શરીર અડધું પુરૂષનું અને અડધું શરીર સિંહનું હતું. હિરણ્યકશિપુને મારવાને તેમને બિચારાને અદ્ભુત અવતાર લેવો પડયો. તે પણ ક્ષણભંગુર અવતાર થયો. કાંઇ સમજણ પડતી નથી કે જ્યારે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ એ ઇશ્વરનાં નામ છે અને તે સર્વ એકજ છે એવું પુરાણ માને છે ત્યારે આ ત્રણમાંથી કોઇ વરદાન આપે તો કોઇ તેને મારવાને બહુરૂપી બને. હા ! દૈવ ! ભારત વર્ષની વેદ વિદ્યાનો નાશ કરવાને આવા ઉટપટાંગ પુરાણ બનાવતારાઓનો અવતાર ક્યાંથી થયો ?

૧૫–પંદરમો વામન અવતાર થયો. બલિને છળવાને માટે કેટલાક વખત સુધી આ અવતાર રહ્યો અને તેના ત્રણ પગમાં તેણે આકાશ, પાતાળ અને પૃથિવી રાખી.

આ અવતાર બાઇબલ અને કુરાનના કિસ્સાઓ કરતાં પોતાનો કિસ્સો એક પાયરી ઉંચી રાખવાને માટે થયો હોય એવું લાગે છે. એના શિવાય તેમાં બીજું કાંઇ તત્વ માલમ પડતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬–સોળમો અવતાર પરશુરામજીનો થયો. પરશુરામજીએ માતાનું ગળું કાપ્યું અને એકવીશ વાર પૃથિવી નિઃક્ષત્રિયા કરી. આ પરશુરામજી લાખો વર્ષ પર રામચંદ્રજીના સમયમાં ત્રેતાયુગમાં થયા હતા પરંતુ મહાભારતમાં તો તેમણે ભીષ્મની સાથે યુદ્ધ કર્યું એમ લખ્યું છે. એમાંથી કયી વાત સત્ય માનવી, દ્વાપરની (મહાભારતની) કે ત્રેતાની (રામાયણની) ?

૧૭–સત્તરમો સત્યવતીને પેટે વ્યાસજીનો અવતાર થયો. જો એમ હોય તો વ્યાસજી "कुमारीगर्भसम्भूतः" કેમ કહેવાય ? વળી બીજું એ કે યદિ ભાગવત વ્યાસકૃત હોતે તો તેમાં એમ લખતે કે સત્તરમો અવતાર હું છું. એમ તો લખ્યું નથી પરંતુ આ પ્રમાણે લખ્યું છે કે યથા.

ततःसप्तदशे जातः सत्यवत्यां पराशरात् ।
चक्रेवेदतरोः शाखा दृष्ट्वा पुंसोऽल्पमेधसः ॥ २१ ॥

અર્થ––સત્તરમી વાર પરાશરથી સત્યવતી સ્ત્રીના પેટમાં ઉત્પન્ન થયા અને લોકોને અલ્પ બુદ્ધિવાળા જાણી વેદવૃક્ષની શાખા બનાવી. અહીં ભૂતકાળમાં છે વર્તમાનમાં નથી તે પાઠકોએ સ્મરણમાં રાખવું. એટલે આ ભાગવત વ્યાસોક્ત નથી પરન્તુ અન્યોક્ત. જો તેમ ન હોતે તો એમ ન કહેતે કે વ્યાસજી થયા અને તેમણે અમુક કાર્ય કર્યું ઇત્યાદિ.

૧૮–અઢારમો રામાવતાર તે શ્રી રામચંદ્રજીનો અવતાર બતાવ્યો છે. યથા–––

नरदेवत्वमापन्नः सुरकार्यचिकीर्षया ।
समुद्रनिग्रहादीनि चक्रे वीर्याण्यतः परम् ॥ २२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના પછી દેવ કાર્યની ઇચ્છાને લીધે નરદેહત્વને પ્રાપ્ત થયા. તેમણે સમુદ્ર નિગ્રહાદિ કામ કર્યા.

સમીક્ષા–વ્યાસજીના અવતાર પછી રામાવતાર બતાવવા તેજ મોટી ભૂલ છે. શ્લોકમાં "अतःपरम्" પાઠ છે તેનો અર્થ સ્પષ્ટ છે કે "તેના પછી," અને ચકે ક્રિયાપદ ભૂતકાળમાં છે તેથી પણ સ્પષ્ટ સમજાય છે કે ભાગવત વ્યાસજીએ બનાવ્યું નથી પરંતુ એમ જણાય છે કે વ્યાસજીના નામથી જેણે તે બનાવ્યું તેને કદાચિત્ એમ અભિલાષા થઈ હશે કે ચાલો, આપણે શ્રીરામચંદ્રજીના પહેલાના થઈ જઈએ.

૧૯. ૨૦. ઓગણીસ અને વીસમો અવતાર શ્રીકૃષ્ણ અને બળદેવનો થયો.

एकोनविंशे विंशतिमे वृष्णिषुप्राप्यजन्मनी ।
रामकृष्णाविति भुवो भगवानहरद्भरम् ॥ २३ ॥

અર્થ—ઓગણીશ અને વીશમાં વૃષ્ણિકુળમાં રામ (બળદેવ) અને કૃષ્ણના ભૂમિભાર ઉતારવાને માટે બે અવતાર થયા. અહિં "विंशतितमे" ને બદલે "विंशतिमे" લખ્યું છે કે તેને માટે ટીકાકારે એમ લખ્યું છે કે તે શબ્દ વેદવત્ છે એમ કહીને અહિં ઢાંક્યું છે. પરન્તુ "भारम्" ને બદલે "भरम्" લખ્યું છે તેને માટે તો ટીકાકાર કાંઈ લખતાજ નથી. અહિં બે ભાઈઓના અવતારના સંબંધમાં પાંચ શ્લોક લખ્યા પછી અઠ્ઠાવીસમાં શ્લોકમાં લખ્યું છે કે

एतेचांशकलाः पुंसः कृष्णस्तु भगवान्स्वयम् ॥

અર્થ—બીજા અવતારતો અંશાવતાર છે પરંતુ કૃષ્ણ તો પોતે ભગવાનજ છે. એક વખત તો બતાવ્યું કે બળદેવ અને કૃષ્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભાઈઓ, બીજી વખત કહે છે કે બીજા બધાં તો કોઇ નહી પરંતુ કૃષ્ણ તો સ્વયં ભગવાન છે એ કેટલી મોટી ભૂલ છે. યદિ કૃષ્ણ સ્વયં ભગવાન હતા તો તેમની સાથે ઉત્પન્ન થયલા બળદેવજી વળી કયા ભગવાન હતા? વળી દશમસ્કન્ધ અ: ૩૩ શ્લોક ૨૭ માં લખ્યું છે કે

રાજોવાચ–

संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।
अवतीर्णो हि भगवानंशेन जगदीश्वरः ॥ २७ ॥

અર્થ–ધર્મની રક્ષા અને અધર્મનો નાશ કરવાને માટે અંશથી જગદીશ્વર ઉત્પન્ન થયા. ૨૭.

જ્યારે અધર્મના નાશને માટે અવતાર લીધો ત્યારે ધર્મના નાશ માટે પરસ્ત્રીગમનાદિ કર્મો શું કરવાં કીધાં? આનો ઉત્તર શુકદેવજીએ એવો દીધો છે કે જેવી રીતે અગ્નિ સર્વભૂક્ છે તેજ પ્રમાણે તેજસ્વી પુરૂષોનાં દોષ નથી. અહિં આ બાબતની સમીક્ષા કરવાનો પ્રસંગ નથી, અહીં તો માત્ર એટલુંજ દેખાડવાનું છે કે ભાગવત કોઇ ઠેકાણે અંશાવતાર, કોઇ ઠેકાણે સ્વયં પૂર્ણ અવતાર બતાવે છે અને તેથી તેમાં વિશ્વાસ થઇ શકતો નથી.

કૃષ્ણ મહારાજ પોતે સ્વયં વિષ્ણુ ભગવાન નહોતા એવો પુરાવો ભાગવતના ભાઇબંધ વિષ્ણુ પુરાણમાંથી મળી આવે છે. યથા. ૫–૧.

एवं संस्तूयमानस्तु भगवान् परमेश्वरः ।
उज्जहारात्मनः केशौ सितकृष्णौ महामुने ॥
उवाच च सुरानेतौ मत्केशौ वसुधातले ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अवतीर्य्य भुवोभारं क्लेशहानिं करिष्यतः ॥
वसुदेवस्य या पत्नी देवकी देवतोपमा ।
तस्यायमष्टमो गर्भो मत्केशो भविता सुराः ॥
अवतीर्य च तत्रायं कंसं घातयिता भुवि ।
कालनेमि समुद्भूतमित्युक्त्वाऽन्तर्दधे हरिः ॥

અર્થાત્-જ્યારે દેવતાઓએ નારાયણની સ્તુતિ કરી ત્યારે પરમેશ્વરે પોતાના કેશમાંથી એક સફેદ અને બીજો કાળો કેશ ઉખાડીને દેવતાઓને કહ્યું કે, હે દેવો? આ મારા કેશ પૃથ્વીપર અવતાર લઇને ભૂમિભાર ઓછો કરશે, તમારા દુઃખોનો નાશ કરશે. વસુદેવની સ્ત્રી દેવકીના આઠમા ગર્ભમાં મારા કેશ ઉત્પન્ન થશે અને કાલનેમિથી ઉત્પન્ન થયલા કંસને મારશે ઇત્યાદિ કહીને હરિ અંતર્ધાન થયા. तस्याःतस्य પાઠના સબંધમાં કાંઇ ઉત્તરજ નથી.

હવે કોઇ ઠેકાણે કૃષ્ણને સાક્ષાત્ ભગવાન, કોઇ ઠેકાણે અંશ, તો કોઇ ઠેકાણે કૃષ્ણને પમેશ્વરનો વાળ બતાવ્યો છે તો આપણે તેમને કેવા માનવા? આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે પુરાણો વ્યાસકૃત નથી તો નથી પરંતુ તે સર્વ એકજ કર્તાના હોય તેમ પણ પ્રતીત થતું નથી.

૨૧-એકવીસમો બુદ્ધાવતાર થયો કે જેનાથી બૌદ્ધ ધર્મ ચાલ્યો છે.

ततः कलौ सप्रवृत्ते संमोहाय सुरद्विषाम् ।
बुद्धो नाम्नाजिनसुतः कीटकेषु भविष्यति ॥ २८ ॥

અર્થ-કલિયુગના આવવાથી અને દૈત્યોના ભમાવવાથી જીનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્ર કીટક દેશમાં (ગયા દેશ) ગયો હશે. કોઇ કોઇ પુસ્તકમાં અજનસુત પણ માનવામાં આવ્યા છે એવું શ્રીધરી ટીકા કહે છે.

સમીક્ષા—આશ્ચર્યની વાત તો એ છે કે જે બુધ્ધે વેદને નહીં માની વેદધર્મને ઉખેડી નાંખવા ઉદ્યોગ કર્યો તેને ઇશ્વરાવતાર બતાવવામાં આવ્યા છે. એ બૌદ્ધમતની શિક્ષા એવી છે કે

त्रयो वेदस्य कर्त्तारो भण्ड धूर्त्तनिशाचराः ।

અર્થાત્—ત્રણે વેદનો બનાવનાર ભાંડ-ધૂર્ત કે રાક્ષસ હતો. અવતાર પરમેશ્વરને ધર્મ રક્ષાર્થ લેવો પડે છે ન કે ધર્મનાશાર્થે. ત્યારે બુદ્ધાવતારે શું વેદધર્મનું રક્ષણ કર્યું? યદિ બુદ્ધ ઇશ્વરાવતાર હતો તો તેની આજ્ઞા પણ ઇશ્વરાજ્ઞા થઇ. તો પછી વેદના કર્તાને જેમ તેણે માન્યો છે તેમજ આપણે માનવો પડશે અને ન માનીએ તો નાસ્તિકતાનો દોષ આવે. યદિ કોઇ એમ કહે કે બૌધ્ધોની સાથે ભ્રાતૃભાવ કરવાને માટે ભાગવત કર્તાએ બુદ્ધને ઇશ્વરાવતાર માન્યો તો તે ભ્રાતૃભાવ પણ જણાતો નથી કારણ કે તે મતનું જબરજસ્ત ખંડન શંકરાચાર્યે કર્યું છે અને તેથી સર્વ લોકો બૌદ્ધમતને નાસ્તિક મત કહે છે.

૨૨. બાવીસમો કલ્કિ અવતાર થયો. યથા.

अथासौ युगसन्ध्यायां दस्युप्रायेषु राजसु ।
जनिता विष्णुयशसो नाम्ना कल्किर्भविष्यति ॥ २५ ॥

અર્થાત્—યુગના અન્તરમાં સન્ધ્યા સમયે જ્યારે રાજા ધર્મ ભ્રષ્ટ ડાકુ અર્થાત્ લુંટારા સમાન થઇ જશે ત્યારે વિષ્ણુયશાના ઘરમાં કલ્કિ અવતાર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા—પ્રથમ તો કયા યુગના અંતમાં અવતાર થશે તે બતાવ્યું નથી પરન્તુ કલિયુગનો અન્ત અથવા સન્ધ્યા માની લઇએ તોપણ અત્રે ભવિષ્ય વાણી લખીને કલ્કિ પુરાણમાં ભૂતક્રિયા લખવી તે ઘણી મોટી ભૂલ સિદ્ધ કરે છે એટલુંજ નહીં પરંતુ એ બતાવે છે કે પુરાણોનો કર્તા એક નથી.

નોટ-ખેમરાજના છાપેલા સૂચીપત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા છે પરન્તુ અહિં તો કેવળ બાવીસજ ગણાવવામાં આવ્યા. મેં એ વિષયમાં એક સનાતની પંડીતને પુછ્યું તો તેમણે હયગ્રીવ અને હંસ નામના બીજા બે અવતાર બતાવી ચોવીસ પુરા કર્યા પરંન્તુ તે બાબતનો ભાગવતમાં કાંઇ ઉલ્લેખ નથી જેથી અધિક લખી શકતો નથી. પરન્તુ એમ માલમ પડે છે કે ભાગવત કર્તા વિસરી ગયા હશે.

પૌરાણિક પ્રજા દશ અથવા તો ચોવીશ અવતાર માને છે કોઇ ભાગવતના કથનાનુસાર બાવીસ તો માનતુંજ નથી. કોને ખબર ભાગવત કર્તાએ કોણ જાણે કેમ ભૂલ ખાધી ?

(૭) ચોવીસ અવતારોની કથા ઉપરાંત આગળ અંકમાં લખ્યું છે કે

इदं भागवतं नाम पुराणं ब्रतिसम्मतम् ।
उत्तमश्लोकचरितं चकार मतिमानृषिः ॥ ४० ॥
सर्ववेदेतिहासानां सारं सारं समुद्धृतम् ॥ ४१ ॥
सतु संश्रावयामास महाराज परीक्षितम् ।
तथा च
कृष्णेस्वधामोपगते धर्मज्ञानादिभिः सह ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः ॥ ४३ ॥

અને વળી

सोऽहं वः श्रावयिष्यामि यथाधीतं यथामति ॥ ४४ ॥

અર્થાત્—આ ભાગવત પુરાણ વેદસમ્મત ઇશ્વર ચરિત્ર વ્યાસજીએ સર્વ વેદપુરાણનો સાર લઇને બનાવ્યું છે. શુકદેવજીએ રાજાને સંભળાવ્યું છે. ધર્મજ્ઞાનાદિ સાથે શ્રી કૃષ્ણના વૈકુંઠ ગયા પછી કલિયુગમાં નષ્ટ દ્રષ્ટિવાળાને માટે પુરાણ સૂર્યનો ઉદય થયો છે.

સમીક્ષા—એ વાત હાસ્યજનક છે કે ઇશ્વરી વાણી વેદ લોકોના અજ્ઞાનાંધકાર દુર કરી શકી નહીં એટલે મનુષ્ય વાણી ભાગવતે પરિશ્રમ કરવા માંડ્યો. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી ? હા ! પૌરાણિક અંધકારને ભગવાન્ સૂર્ય પણ દુર કરી ન શક્યા તેથી બિચારા આમતેમ ધક્કા ખાયા કરે છે. બીજું વ્યાસજીએ ભાગવત બનાવ્યું તે દર્શક શ્લોક પણ સ્પષ્ટ અન્યોક્તિ છે. શુકદેવે, મહારાજ પરીક્ષિતને ભાગવત સંભળાવ્યું એ કહેવું એમ દર્શાવે છે કે રાજાને પ્રથમ સ્કન્ધ સંભળાવવો તદન અસંભવીત છે. શ્લોક ૪૩, પર થી ચોખું દેખાય છે કે પુરાણોની સૃષ્ટિ કૃષ્ણ મહારાજની પછી થઇ.

(૮) અધ્યાય ચોથાના આરંભમાંજ "व्यास उवाच" છે અને વ્યાસ કહે છે કે સુતજીને શૌનક પુછે છે કે કયા યુગમાં, શાને માટે અને કીયે સ્થાને વ્યાસજીએ ભાગવત બનાવ્યું કે જે ભાગવત શુકદેવજીએ પરીક્ષિત રાજાને સંભળાવ્યું છે.

સમીક્ષા—બુદ્ધિમાન પાઠકો વિચાર કરો કે આવી તરેહના પ્રશ્નોત્તર વ્યાસના મુખમાંથી નીકળે ? અને તે પ્રશ્નો-તર પણ ભાગવતમાંજ. ભાગવત જ્યારે વ્યાસે બનાવ્યું ત્યારે શુકદેવે સંભળાવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે પહેલાં. યદિ પછી સંભળાવ્યું કહો તો તે સબંધનું વૃત્તાન્ત ભાગવતમાં ક્યાંથી ?

(૯) આગળ અધ્યાય ૪માં લખે છે

दृष्ट्वाऽनुयान्तमृषिमात्मजमप्यनग्नं देव्योह्रिया ।
परिदधुर्न सुतस्य चित्रम् ।
तद्वीक्ष्य पृच्छति मुनौ जगदुस्तवास्ति स्त्रीपुंभिदा ।
न तु सुतस्य विविक्तदृष्टेः ॥ ५ ॥

અર્થ—જ્યારે વ્યાસજી આવ્યા ત્યારે સ્ત્રીઓએ પરદો કર્યો અને જ્યારે શુકદેવજી નગ્ન આવ્યા ત્યારે તેનો કોઇ સ્ત્રીએ પરદો રાખ્યો નહીં ત્યારે તેનો મર્મ વ્યાસજીએ સ્ત્રીઓને પુછ્યો તો ઉત્તર મળ્યો કે તમે સ્ત્રીપુરૂષભાવને જાણો છે પરન્તુ શુકદેવજીના સબંધમાં તેમ નથી.

સમીક્ષા-દેવીભાગવત સ્કન્ધ એક અધ્યાય ૧૯માં સ્પષ્ટ લખ્યું છે કે શુકદેવજીના પીવરી સાથે વિવાહ થયા હતા અને તેથી તેને ચાર પુત્ર અને એક કન્યા થઇ અને આ ઠેકાણે અર્થાત્ ભાગવતમાં એમ બતાવ્યું કે તે સ્ત્રીપુરૂષભાવથી અજ્ઞાન હતા. તેજ બતાવી આપે છે કે પુરાણોનો કર્તા એક નથી. આથી એમ તો જરૂર વિદિત થાય છે કે યા તો દેવીભાગવતના કર્તાએ ભાગવત જોયું નહીં હોય કે ભાગવતકર્તાએ દેવી ભાગવત વાંચ્યું નહીં હોય.

(૧૦) શૌનક પુછે છે કે શુકદેવજી ગૃહસ્થોમાં ગોદોહન જેટલોજ વખત રહેલા હતા તો પછી સાત દિવસ સુધી કથા કેવી રીતે કરી ? સુતજી કહે છે કે કલિયુગનું આગમન જાણીને એક વેદના ચાર ભાગ બનાવ્યા અને ઇતિહાસ પુરાણ પણ બનાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्त्रीशूद्र द्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा ॥ २४ ॥

અર્થાત્ સ્ત્રીઓ અને શુદ્રોને વેદત્રયી ન સંભળાવાય.

इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥ २५ ॥

એટલા માટે કૃપા કરીને મુનિએ ભારત બનાવ્યું. ૨૫. આટલુ કરવા છતાં પણ વ્યાસજીનું ચિત્ત પ્રસન્ન ન થયું ત્યારે ખિન્ન ચિત્તે બેઠા એટલામાં નારદજી આવ્યા. છઠા અધ્યાય સુધી પોતાના પૂર્વ જન્માદિ તથા ભક્તિનું વૃત્તાન્ત કહ્યું છે. ત્યાર પછી શૌનક પુછે છે કે પછી શું થયું ? ત્યારે સુતજીએ કહ્યું કે પછી તેમણે સરસ્વતિ તટપર ભાગવત બનાવ્યું અને શુકદેવને ભણાવ્યું. આવા સારાંશની કથા અ. ૭. શ્લોક ૧૧ સુધી છે. આગળ, પરીક્ષિતનો જન્મ કેમ થયો ઇત્યાદિને બતાવવા માટે ભારતની કથા લખી છે.

સમીક્ષા—જે ગ્રંથમાં સૂત શૌનક સંવાદ હોય તે વ્યાસકૃત કેમ હોઇ શકે ? ભાગવત કયાં બન્યું, કેવી રીતે બનાવ્યું એવા જે પુસ્તકમાં પ્રશ્નો શૌનકાદિએ કરેલા છે તે પુસ્તકને વ્યાસકૃત કેમ મનાય ? આપણને ભાગવતનાજ પ્રમાણથી વિદિત થઇ ચુકયું કે તે પુસ્તક કૃષ્ણ મહારાજના મરણ પછી ઘણે કાળે બન્યું છે અને શુકદેવજીના પરલોકગમનની કથા મહાભારત શાન્તિ પર્વમાં ભીષ્મ પીતામહ સંભળાવી ચુકયા ત્યારે પછી શુકદેવજી ભાગવતનું અધ્યયન કરવા કયાંથી ઉડીને આવ્યા ? શૌનકે સૂતજીને પ્રશ્ન પુછેલો કે શુકદેવજી વસ્તીમાં તો ગોદોહન માત્રજ રહેતા હતા તો સાત દિવસ કથા કયાંથી સંભળાવી તેના સંબંધનો કાંઇ ઉત્તરજ નથી.

પાઠકો આપ જાણો છો કે ભાગવત એક મોટું વિસ્તીર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રન્થ છે જેથી તેના પ્રતિ શ્લોકની તો શું પરન્તુ તે ગ્રન્થના બે અધ્યાયનીજ સમાલોચના કરવામાં આવે તો એક મોટું પોથું બની જાય તેટલા માટે તેના દરેક સ્કન્ધમાં થોડા થોડા શ્લોકની સમાલોચના કરવાનો વિચાર છે તેથી ક્ષમા યાચું છું. કૃષ્ણકુળ યાદવોનો નાશ કરીને અર્જુન અધ્યાય ૧૫ માં કહે છે કે

वारुणीं मदिरां पीत्वा मदोन्मथितचेतसाम् ।
अजानतामिवान्योन्यं चतुः पञ्चावशेषिताः ॥ २३ ॥

અર્થાત્—મદ્ય પી પી ને બેહોશ થઇ ગયા, અંદર અંદર લડી લડીને માત્ર ચાર પાંચ આદમી શેષ રહ્યા અને મોટી માછલી નાની માછેલીને ખાય છે તેમ દુર્બલોને સબળોએ માર્યા. આ સર્વ કૃષ્ણની ઇચ્છાથી થયું છે એમ લખ્યું છે.

સમીક્ષા—અરે વાહરે ભાગવત કર્તા ! કૃષ્ણ કુળની કીર્તિ તો સારી દેખાડી. પ્રથમ તો કૃષ્ણ મહારાજ જેવા જ્ઞાની મહાત્માના સંગથી જે મનુષ્ય મદ્યપાન કરતો હોય તે છોડી દે તોપછી તેની અંદર કૃષ્ણની ઇચ્છા છે એમ લખવું તે શું વ્યાજબી છે ? મને તો આ વામમાર્ગીનો રંગ લાગે છે કારણકે કૃષ્ણના ભક્ત વૈષ્ણવો તો મદ્યને સ્પર્શવામાં પણ પાપ સમજે છે.

૧૨. શ્રી કૃષ્ણના પરંધામ ગયા પછી કલિયુગ આવ્યાની પરિક્ષા યુધિષ્ઠિરે આ પ્રમાણે કરી કે

यदा मुकुन्दो भगवानिमां मही जहौ स्वतन्वा श्रवणीयसत्कथः ।
तदाहरेवाप्रतिबुद्धचेतसामधर्महेतुःकलिरन्ववर्त्तत ॥ ३६ ॥
युधिष्ठिरस्तत्परिसर्पणं बुधः पुरे च राष्ट्रे च गृहेतथात्मनि ।
विभाव्य लोभानृतजिह्महिंसनाद्य धर्मचक्रं गमनायपर्यधात् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્–શ્રીકૃષ્ણના સ્વધામ ગયા પછી અધર્મનું ચિન્હ જોઇ કલિયુગની પધરામણી થઇ કારણ કે યુધિષ્ઠિરે, હસ્તિનાપુર નગરમાં, ભારતવર્ષમાં અને પોતાના ઘરમાં લોભ, જૂઠું, કુટિલતા હિંસાદિ અધર્મને દીઠા.

સમીક્ષા–કૃષ્ણના ગયા પછી અધર્મના ચિન્હ યુધિષ્ઠિરે દીઠા તો શું કૃષ્ણમહારાજની અસ્તિમાં તેમના કુળમાં મદ્યપાન, યુદ્ધની અંદર યુધિષ્ઠિરનું અસત્ય બોલવું તથા કૌરવોની સાથે જુગાર રમવો કે જેને માટે પાંચે પાંડવોને વનમાં ભટકવું પડ્યું તે પાપ નહોતાં? ખેર પરન્તુ કૃષ્ણમહારાજના મરી ગયા પછી કોણે કોણે શું શું પાપ કીધાં તથા યુધિષ્ઠિરે શું શું અધર્મ કીધાં તે વિષયમાં કાંઇ પણ લખ્યું નથી. આને બદલે પાંચે ભાઇઓ ઉત્તરખંડમાં ચાલ્યા ગયા એમ લખ્યું છે. ત્યાં પણ, લખ્યું છે કે યથા.

कलिनाऽधर्ममित्रेण दृष्ट्वा स्पृष्टाः प्रजा भूवि ॥

અર્થાત્–પૃથ્વીની પ્રજાને અધર્મના મિત્ર કલિયુગનો સ્પર્શ થયલો જોતા જોતા ચાલ્યા ગયા.

૧૩. આગળ અ. ૧૬ માં વર્ણન છે કે પરીક્ષિતને "ઉ-તર"ની કન્યા ઇરાવતીથી ચાર પુત્ર થયા. મોટા પુત્રનું નામ જન્મેજય હતું. તેણે ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા. યથા.

आजुहावाश्वमेधांस्त्रीन् गङ्गायां भूरिदक्षिणान् ।
शारद्वत गुरुं कृत्वा देवा यत्राक्षिगोचराः ॥ ३ ॥

અર્થ–કૃપાચાર્યને ગુરૂ બનાવ્યા અને ગંગા નદીપર સારી દક્ષિણા આપી ત્રણ અશ્વમેધ કર્યા જેમાં દેવતાઓ સામે આવી બેઠા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા–પૌરાણિક લોકો માને છે કે યજ્ઞમાં પશુ હિંસા છે, અને નીચેનો શ્લોક જેનો પતો નથી કે તે કયા ગ્રંથનો કયો શ્લોક છે તેનું પ્રમાણ આપીને કહે છે કે

अश्वालम्भं गवालम्भं सन्यासं पलपैतृकम् ।
देवराच्च सुतोत्पत्ति कलौ पञ्च विवर्जयेत् ॥

અર્થ–અશ્વમેધ, ગોમેધ, સન્યાસ અને શ્રાદ્ધમાં માંસ, એ ચાર વાના કલિયુગમાં વર્જીત છે. પરન્તુ ભાગવતમાં તો રાજા પરીક્ષિત અને કૃપાચાર્યની કૃપાથી આ બનાવટી શ્લોકનું ખંડન થઇ ગયું કારણ કે તેમણે કલિયુગમાં વર્જીત "અશ્વમેધ" કલિયુગમાંજ કર્યો.

૧૪. આગળ અ. ૧૬ શ્લોક ૪ માં કહ્યું છે કે

निजग्राहौजसा वीरः कलिं दिग्विजये क्वचित् ।
नृपलिङ्गधरं शूद्रंघ्नतं गोमिथुनं पदा ॥ ४ ॥

અર્થાત્–એક સમયે રાજાના રૂપમાં શુદ્ર કલિયુગનો ગૌને જોડા મારતો, રાજા પરીક્ષિતે બળપૂર્વક નિગ્રહ કર્યો. આગળ શૌનકે પ્રશ્ન પુછયો કે ગોમિથુન કોણ હતો અને રાજાના રૂપમાં શુદ્ર કોણ હતો ? તેના ઉત્તરમાં સૂતજી કહે છે કે કલિયુગ, રાજાના રૂપમાં શુદ્ર હતો અને ગૌ તે પૃથ્વી હતી.

સમીક્ષા–આવા લેખોથી વિવેકી માણસને ભ્રાન્તિ થાય છે. જેવી રીતે શ્રી વેંકટેશ્વર સમાચારે ભારતદેશ અને કોંગ્રેસની નરાકૃતિ છાપી છે અથવા તેણે એકવાર ભારતની કંગાળ નરાકૃતિ અને તેનાપર એક અંગ્રેજને રૂપીયાનો બોજો લાદતો દેખાડયો છે તે પ્રમાણે યદિ પુરાણિક જને અર્થ સમજીને પૃથ્વીની કલ્પના કરી હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભવ છે-કે જેવી રીતે ભારતવર્ષ વા કોંગ્રેસ એક જનસમુદાય છે તોપણ નરાકૃતિ રૂપે તે સમજાવવાનો તથા દેખાડવાનો પ્રપંચ કીધો છે. અંગ્રેજી પેપરોમાં પણ તેમજ કરવામાં આવે છે પરન્તુ પુરાણ પાઠી હજુ એવું માનતો નથી. પરન્તુ યાદ રાખવું કે એક દિવસ એવો આવશે કે જ્યારે પુરાણિક ભાઇઓને, પુરાણોમાં પ્રક્ષિપ્ત ભાગ તથા કલ્પિત ગાથા તથા અલંકારની કથા છે અને યથાર્થ ઇતિહાસ ઘણો થોડોજ છે એમ માનવું પડશે. આ અધ્યાયના અગીઆરમા શ્લોકથી આગળ એવું વર્ણન છે કે રાજા પરીક્ષિતે દિગ્વિજય કર્યો અને કૃષ્ણનું નામ તથા અર્જુનની સર્વત્ર પ્રતિષ્ઠા સાંભળી ઘણો પ્રસન્ન થયો ત્યાર પછી પૃથ્વીની સાથે વાર્તાલાપ થયો, અને વાર્તાલાપમાં પૃથ્વીએ પોતાના દુખડાં કહ્યાં.

સમીક્ષા-જ્યારે રાજા પરીક્ષિતે શ્રીકૃષ્ણનામાદિની સર્વત્ર પ્રશંસા સાંભળ્યા પછી પૃથ્વીની સાથે વાર્તાલાપ કર્યો અને તેણે તેના દુખડાં સંભળાવ્યા ત્યારે શું પૃથ્વીએ દુખડાં સંભળાવ્યા તે પહેલાં પૃથ્વી ભાસી અર્થાત્ રાજાને તેના રાજ્યની ખબર નહોતી ? યદિ ખબર નહોતી તો એમ સિદ્ધ થાય કે પૃથ્વીએ આવીને જુઠી વાતો કહી. યદિ ખબર હતી તો સાંભળવાનુંજ રહ્યું નહી. એમાંથી કઇ વાત ખરી તે ભાગવત કર્તા જાણે.

સત્તરમા અધ્યાયમાં તેજ અલંકાર છે જે પૂર્વ વર્ણીત છે.

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् ।
दण्डहस्तंच वृषलंददृशे नृपलाञ्छनम् ॥ १ ॥

સમીક્ષા-આ શ્લોકમાં અને અધ્યાય ૧૬ ના ૪ શ્લોકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ફેર છે ? " नृपालिङ्गधरं शूद्रं घ्नन्तं गोमिथुनंपदा " પાઠ છે એટલોજ બાકી સારાંશ તો એકજ છે. આગળ

वेपमानं पदैकेन सीदन्तं शूद्रताडितम् ॥ २ ॥

અર્થ-હવે ધર્મનો એક પગ રહ્યો છે. ત્યારે શું ધર્મના ચારે પગ રાખવાને સ્વયંભગવાન કૃષ્ણમહારાજ પણ સમર્થ ન થયા ? યદિ કહો કે શ્રીકૃષ્ણજીએ તો પૂર્ણ રાખ્યા હતા તો એટલા થોડા સમયમાં ધર્મના ત્રણ પગ તુટી પડયા અને ત્યાં સુધી રાજા પરીક્ષિતને ખબર ન પડી ? યદિ કહો કે એક એક યુગમાં ધર્મનો એક એક પગ તુટતો જાય છે તો પણ વ્યવસ્થા ઠીક બેસતી નથી કારણકે દ્વાપરમાં શ્રીકૃષ્ણજીએ ધર્મની સંપૂર્ણ સ્થાપના કીધી તે કહેવાશે નહીં. અરે ! જ્યારે શ્રીકૃષ્ણ મહારાજ જેવાથી ધર્મની સંપૂર્ણ રક્ષા ના થઇ તો રાજા પરીક્ષિત તથા આજકાલની બિચારી સનાતન ધર્મ સભાથી તો ધર્મનું શું રક્ષણ થવાનું હતું ? કારણ કે કલિયુગમાં ધર્મપાદ ખંડીત રહેવોજ જોઇએ. આજ અધ્યાયમાં લખ્યું છે કે

तपः शौचं दया सत्यमिति पादाः प्रकीर्त्तिताः ।
अधर्मांशैस्त्रयो भग्नाः स्मयसंगमदैस्तव ॥ २३ ॥

આ શ્લોકમાં તપ-શૌચ-દયા અને સત્ય એ ચાર ધર્મના પાદ બતાવ્યા છે.

સમીક્ષા-શું કૃષ્ણમહારાજના વખતમાં તપ-શૌચ-દયા નહોતી ? કેવળ સત્યજ હતું ? યદિ નહોતું તો વ્યાસાદિએ તપ કેવી રીતે કર્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ કલિયુગની સાથે રાજા પરીક્ષિતને વાતચીત થઇ અને તેથી કલિયુગે ભયભીત થઇને રાજાની પાસે વસવાનું સ્થાન માંગ્યું ત્યારે રાજાએ તેને માટે પાંચ સ્થાન નિર્દેશ કર્યા છે. યથા.

द्युतंपानं स्त्रियःसूना यत्राऽधर्मश्चतुर्विधः ॥ ३७ ॥
पुनश्चयाचमानाय जातरुपमदात्प्रभुः ।
ततोऽनृतं मदं कामं रजो वैरं च पञ्चमम् ॥ ३८ ॥

અર્થાત્-જુગારમાં અસત્ય, મદ્યમાં નિશા, સ્ત્રીયોમાં કામ, સૂનામાં રજોગુણ અને સૂવર્ણમાં વેર આ પ્રમાણે યથા સંખ્ય (શ્રીધરી ટીકાનો મત છે) કલિયુગના સ્થાન રાજા પરીક્ષિતે બતાવ્યાં. આ શ્લોકની ટીકામાં બતાવ્યું છે કે દ્વાદશ સ્કન્ધમાં કલિયુગ ધર્મના અન્યાન્ય પાદોનું વર્ણન છે. યથા.

सत्यं दया तपोदानमितिपादा विभो नृप ।
तथाच
त्रेतायां धर्मपादानां तुर्यांशो ह्रियते शनैः ।
अधर्मपादैरनृतहिंसाऽसन्तोष विग्रहैः ॥

અર્થાત્-સત્ય-દયા-તપ-દાન એ ધર્મના ચાર પાદ છે અને ત્રેતાદિયુગોમાં ધીમે ધીમે એક પાદ ધર્મ ઘટતો જાય છે. અધર્મના પાદ મિથ્યા ભાષણ, હિંસા-અસન્તોષ-વિગ્રહ ઉત્પન્ન થતાં જાય છે.

સમીક્ષા-પાઠક મહાશયો સ્વયં વિચાર કરો કે આ પ્રમાણેનું યુગોનું યથા સંખ્ય પૈરાણિક પક્ષને કેવું દુઃખસાગરમાં નાંખે છે! જ્યારે મૂળમાં તપ પ્રથમ, સત્યયુગમાં નષ્ટ થાય છે ત્યારે ટીકામાં તપની સંખ્યા ત્રીજી છે. મુળમાં ધ્યાનનો નંબર ત્રીજો છે ત્યારે ટીકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર બીજો છે. મૂળમાં સત્યનો નંબર ચોથો છે ત્યારે ટીકામાં પ્રથમ છે. મૂળમાં શૌચનો બીજો નંબર ત્યારે ટીકામાં તેનો પત્તોજ નથી. મૂળમાં વિગ્રહ:કલહનો પતો નથી. તોપણ ટીકાકારે દ્વાદશ સ્કન્ધના આધારનો ઇશારો કર્યો છે. આગળ પરીક્ષિતે ધર્મના ત્રણ નષ્ટપાદો પૂર્ણ કર્યા એમ બતાવ્યું છે. યથા.

वृषस्य नष्टां स्त्रीन्पादांस्तपः शौचंदयामिति ।
प्रतिसन्दध आश्वास्य मही च समवर्धयत् ॥ ४१ ॥

અત્ર એ પણ લખવામાં આવ્યું છે કે પરીક્ષિતથી કલિયુગ ડરતો હતો જેથી પોતાની સત્તા પથરાવી શકયો નહીં.

સમીક્ષા—યદિ રાજાએ ધર્મના સર્વપાદ પૂર્ણ કર્યા તો તે શ્રીકૃષ્ણમહારાજથી પણ ચઢી ગયા એટલે જે કામ સ્વયંભગવાનથી ન થયું તે મૃત્યુલોકના માનવીએ કર્યું એ પણ એક અજબ બીના છે. તથાપિ આગળ રાજા પોતે અપરાધી બન્યો છેઃ—

અધ્યાય ૧૮ માં લખ્યું છે કે એક સમયે રાજા મૃગયાર્થે ગયો હતો. તે ભુખપ્યાસથી વ્યાકુળ થઇ શમીક ઋષિના આશ્રમમાં ગયો ત્યારે તે મહાત્મા સમાધિમાં બેઠેલા હતા. તેથી રાજા ક્રોધિત થઇને મરી ગયેલો સર્પ ઋષિના ગળામાં નાંખી ચાલી ગયો. મુનિપુત્ર *શૃંગીએ કૌશિકી નદીનું જળ હાથમાં લઇને શાપ દીધો કે આજથી સાતમે દિવસે જેણે મારા પિતાને ગળે સાપ નાંખ્યો તેને તક્ષક કરડશે.

---

* શૃંગી ઋષિનો આશ્રમ હજુ સુધી પરીક્ષિતગઢમાં છે. તેની પાસે એક ઝાડી છે જયાં સર્પ ઘણા છે પરન્તુ કૌશિકી નદી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति लङ्घितमर्यादं तक्षकः सप्तमेऽहनि ।
दंक्ष्यति स्म कुलाङ्गारं चोदितो मे ततद्रुहम् ॥ ३७ ॥

પિતાની પાસે આવીને શૃંગીજી રડી પડ્યા અને પિતાએ સમાધિથી મુક્ત થઇને તેનું કારણ પુછ્યું ત્યારે દીધેલા શાપનું સર્વ વૃત્તાન્ત સંભળાવ્યું. પિતા તે સાંભળી દુઃખી થયા અને રાજાની પાસે પોતાનો શિષ્ય મોકલી કહેવડાવ્યું કે તને શાપ આપવામાં આવ્યો છે માટે સાવધાન થા.

અધ્યાય ૧૯ માં લખ્યું છે કે તે સાંભળી રાજા પસ્તાયો અને—

अद्यैव राज्यं बलमृद्धकोशं प्रकोपितब्रह्मकुलाऽनलोमे ॥
दहत्वभद्रस्य पुनर्नमेभूत्पापीयसी धीर्द्विजदेवगोभ्यः ॥ २ ॥

અર્થાત્-આજે ને આજે મારૂં રાજ્ય, સેના, ખજાનો, બ્રાહ્મણ શાપથી ભસ્મ થઇ જાય તો તેની મને ફિકર નથી પરન્તુ હવે પછી મારી બુદ્ધિ બ્રાહ્મણ દેવતા ગૌપ્રતિ આવી કુત્સિત ન થાય એવું હું ઇચ્છું છું. એ પ્રમાણેનો પશ્ચાત્તાપ કર્યો અને સર્વસ્વ ત્યાગ કરી ગંગા તટપર* ચાલી ગયો. રાજાની પાસે અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, ભરદ્વાજ, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇન્દ્રપ્રમદ, ઇધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ગૌતમ, પિપ્લાદ, મૈત્રેય, ઔર્વ, કવષ ઇત્યાદિ ઋષિઓ આવ્યા.

---

*આ સ્થાન પણ પરીક્ષિત ગઢથી પાંત્રીસ મૈલ દૂર છે. મુજફ્ફર નગરના જીલ્લામાં "શુકતાલ" નામથી પ્રસિદ્ધ છે. પરન્તુ આના વિરૂદ્ધ મહાભારતના આદિ પર્વ અધ્યાય ૪૨ માં લખ્યું છે કે રાજા ઘર પર એક સ્તમ્ભમાં સ્થાન બનાવીને રહ્યા તથા ઔષધનો સંગ્રહ કર્યો અને રાજ કાર્ય પણ કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદન્તર વ્યાસ પુત્ર શુકનું આગમન લખ્યું છે. યથા.

तत्रागमद्भगवान् व्यासपुत्रो यदृच्छया गामटमानोऽनपेक्षः ।
अलक्ष्यलिङ्गो निजलाभतुष्टो वृतश्च बालैरव धूतवेषः ॥ २५ ॥

આ શ્લોક પર ટીકા છે કે

तेषु यागयोगतपोदानादि विवेदमानेषु सत्सु०

અર્થાત્—સર્વ ઋષિ યજ્ઞ, યોગ, તપ દાનાદિ વિષયમાં રાજાની સાથે વિવાદ કરી રહ્યા હતા. શુકાગમન વિષયક શ્લોક ૨૬ માં શુકજીની ઉમર સોળ વર્ષની બતાવી છે, અને સુગાત્રતા પણ ઘણી વર્ણવી છે પરન્તુ મને તો એમની સોળ વર્ષની ઉમર સાંભળીનેજ સંદેહ થાય છે કે શુકદેવજીનું સ્વર્ગમાંથી આવવાનું તો વર્ણન નહી હોય! કારણ કે દેવવર્ષ ઘણાં મોટાં હોય છે. મનુષ્યોનું એક વર્ષ તે દેવોની એક અહોરાત્રિ ગણાય. તથા પૂર્વ શ્લોક ૨૫ માં " अलक्ष्यलिंगः " પણ લખ્યું છે પરન્તુ ટીકાએ તેને આશ્રમલીંગ બતાવીને માંડી વાળ્યું છે. હમને સમજણ નથી પડતી કે સોળ વર્ષની આયુમાં શુકદેવજીને બ્રહ્મચર્યનું ચિન્હ કેમ દેખાતું નહોતું. એમને આગળ ઉપર દીગંબર કહ્યા છે અને સાથે સાથે એમ પણ જણાવ્યું છે કે શુકદેવજી સ્ત્રીપુરૂષ ભાવને જાણતા નહોતા. પરન્તુ મહાભારત તથા દેવી ભાગવતમાં તો તેમની સ્ત્રી પુત્રીનું વર્ણન છે. રાજાએ તેમની ઘણી સ્તુતિ કરી અને એમ પણ લખ્યું છે કે શુકાગમન સમયે મહર્ષિ તથા રાજર્ષિ સસ્ત્રીક ઉભા થયા અને પછી રાજાએ કહ્યું કે હે ભગવાન્! મનુષ્યનું મૃત્યુ સમયે શું કર્તવ્ય છે તે સંબંધમાં જે શ્રોતવ્ય, જાપ્ય, સ્મર્તવ્ય તથા ભજનીય વાતો હોય તે કૃપયા કહો. યદ્યપિ આપ કોઇ સ્થળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોદોહન માત્ર પણ રહેતા નથી તથાપિ હમારાપર કૃપા કરો ! ઇતિ.

સમીક્ષા–પ્રથમ સ્કન્ધ સપ્તાહનું અંગ સિદ્ધ થતું નથી કારણ કે તેમાં પૂર્ણાહુતી થતાં સુધી શુકદેવજીએ પરીક્ષિતને એક અક્ષર પણ સંભળાવ્યો નથી, એમ છે તો પછી પાઠ "शुकमुखादमृतद्रवसंयुतम्" ને માટે તો કંઇ રહ્યુંજ નહી અને પ્રથમ સ્કન્ધ વ્યાસ પ્રોક્ત પણ થઇ શકતો નથી. હવે પછી પરીક્ષિત ભાગવત સાંભળશે. સપ્તાહ વાંચવાવાળા પંડિતો સપ્તાહમાં પ્રથમ સ્કન્ધ સંભળાવવાનો વૃથા પ્રયત્ન કરે છે.

इति प्रथमस्कन्ध समीक्षा ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

अथ द्वितीयस्कन्धसमीक्षा.

પાઠકગણ ! માહાત્મ્ય અને પ્રથમ સ્કન્ધની સમીક્ષામાં ઘણો વિસ્તાર થઇ ગયો પરંતુ હવે આપનો અમુલ્ય વખત આમાં ઓછો લાગે તેથી અન્ય સ્કન્ધની સમીક્ષા સંક્ષેપમાં કરીશું.

શ્રી શુકદેવજીએ રાજાની પ્રસંશા કરીને કહ્યું કે અભયની ઇચ્છાથી ઇશ્વરનું ભજન કીર્તન કરવું તથા સાંભળવું ઉત્તમ છે અને સાંખ્ય યોગનો પણ તેજ આશય છે કે ઇન્દ્રિયોને વશમાં રાખી બ્રહ્મોપાસના કરવી જોઇએ.

શ્લોક ૧૨ અને ૧૩ માં કહ્યું છે કે મોક્ષને માટે એક મુહૂર્ત અર્થાત પળ ઘણી છે. ખટ્વાંગ રાજા પણ એક મુહૂર્તમાં હરિપદ પામ્યો હતો. તારે માટે તો જીવનના સાતજ દિવસ છે. અન્ત સમય પુરૂષે સન્યાસ લેવો તે ઉત્તમ છે. મનને જીતવું જોઇએ અર્થાત મનને તમોગુણ અને રજોગુણથી પૃથક કરવું જોઇએ.

यतः संधार्यमाणायां योगिनो भक्तिलक्षणः
आशु सम्पद्यते योग आश्रयं भद्रमीक्षतः ॥ २१ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ધારણા શકિત કેવી રીતે નિર્મળ થઇ શકે ? શુકદેવજીએ ઉત્તર દીધો કે તેને માટે આસન, શ્વાસ, સંગ અને ઇન્દ્રિયો જીતવી જોઇએ. યથા.

जितासनो जितश्वासो जितसंगो जितेन्द्रियः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ભગવાનના વિરાટ્ સ્વરૂપનું વર્ણન છે. તેમાં સમસ્ત સંસાર બ્રહ્મની અંતર્ગત બતાવ્યો છે, અને કહ્યું છે કે નદી, પર્વત, ગ્રહ, ઉપગ્રહ, જીવજન્તુ વિગેરે સર્વ બ્રહ્મની ભીતર રહે છે. ઇત્યાદિ.

બીજા અધ્યાયના સાતમા શ્લોકમાં કહ્યું છે કે-

कस्तां त्वनादृत्य परानुचिन्तामृते पशूनसतीं नामयुञ्ज्यात् ।

અર્થાત્-સર્વવ્યાપક પરમેશ્વરની ચિંતાનો અનાદર કરી દુષ્ટ માર્ગમાં પશુઓ સિવાય કોણ ફસે! અર્થાત્-જે ફસે છે તે પશુ સમાન છે. આગળ ચૌદમા શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે કે જ્યાં સુધી પરાવર વિશ્વેશ્વરના (અર્થાત્ પૂર્વોક્ત વિરાટ સ્વરૂપ)માં ભક્તિ યોગ થાય નહીં ત્યાંસુધી સ્થિર સુખ થતું નથી. કારણ કે

न यत्रकालोऽनिमिषांपरः प्रभुः कुतोनुदेवाः जगतां यईशिरे ।
न यत्रसत्वं न रजस्तमश्च नवै विकारो न महान्प्रधानम् ॥ १० ॥

અર્થાત્-તે કાળાદિથી પણ પરે છે અને તેમાં ત્રિગુણ વિકારાદિથી નથી. અધ્યાય ૩ના આરમ્ભમાંજ શુકદેવજીએ કહ્યું છે કે

एवमेतन्निगदितं पृष्टवान्यद्भवान्मम ।
नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ॥ १ ॥

અર્થાત્-હે રાજન્! જે તેં મરણ સમયે ઉપયોગી પ્રશ્ન કર્યો હતો તેનો પ્રત્યુત્તર મેં કહી દીધો.

સમીક્ષા-જો એમ હતું તો ભાગવત અહિંજ સમાપ્ત થવું જોઇતું હતું.

આગળ શ્લોક બેથી દશ સુધી એવી કથા છે કે બ્રહ્મતેજની કામનાવાળો બ્રહ્મની, ઇન્દ્રિયકામી ઇન્દ્રની, સન્તાનાર્થી પ્રજાપતિઓની, લક્ષ્મીની કામનાવાળો માયા દેવીની, તેજાર્થી સૂર્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસુ અર્થાત્ ધનાર્થી વસુઓની, બળાર્થી રૂદ્રોની, અન્નાર્થી અદિતિની, સ્વર્ગાર્થી દેવતાઓની, રાજ્યાર્થી વિશ્વદેવોની ઉપાસના કરે અર્થાત્ પૃથક પૃથક વસ્તુની પ્રાપ્ત્યર્થે પૃથક પૃથક દેવતાઓનું વર્ણન લખ્યું છે.

સમીક્ષા–આ વિષયનો પ્રશ્ન રાજાએ જ્યારે કર્યો નહોતો તો શુકદેવજી આવી અપ્રાસંગિક વાત વચમાં નાંખેજ શું કરવા? વારૂ તે તો તે, પરંતુ આ વિષય મૃત્યુસમય કોઇને રૂચિકર પણ થઇ શકે નહી તેમજ તે વેદાનુકુળ પણ નથી અને રાજાને તે સાંભળવાની જરૂર પણ નહોતી. આગળ શૌનકજી કહે છે કે હે સૂતજી! રાજાએ તે સાંભળીને પછી શુકદેવજીને શું પુછ્યું? શ્લોક ૧૩ થી ૨૫ સુધી રાજાની ભકિત આદિની પ્રસંશા છે બીજું કાંઇ નથી. અધ્યાય ૪ ના પાંચમા શ્લોકમાં રાજાએ સૃષ્ટિની ઉત્પતિ વિષયક પ્રશ્ન કર્યો છે. શુકદેવજીએ નારદ અને બ્રહ્માનો સંવાદ સંભળાવ્યો અને પંચતત્વોની ઉત્પત્તિ ઉત્તમ રીતે સમજાવી ને ભગવાનના વિરાટ સ્વરૂપનું અલંકાર રૂપમાં પુરૂપ સૂકતવત્ વર્ણન કર્યું. અધ્યાય ૭ માં સર્વની ઉત્પત્તિ બ્રહ્માથી બતાવી છે પરન્તુ કમળ વા પાણી વા પોતાથી સંસારની ઉત્પત્તિ કાંઇ બતાવી નહી. પરન્તુ એમ લખ્યું છે કે

> अहं भवान् भवश्चैव तइमे मुनयोऽग्रजाः ।
> सुरासुरनरानागाः खगामगसरीसृपाः ॥ १२ ॥
> गन्धर्वाप्सरसो यक्षा रक्षोभूतगणोरगाः ।
> पशवः पितरः सिध्धा विद्याधराश्चारणाद्रुमाः ॥ १३ ॥

ઇત્યાદિ શ્લોકોથી પુરૂપ સૂકતની તુલ્ય એટલુંજ નહીં પરન્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના વાક્યનાં વાક્ય ગોઠવ્યાં છે. યથા " साशनानशने उभे " ઇત્યાદિ (શ્લોક ૧૯ મો.)

तमेव पुरुषं यज्ञं तेनैवायजमीश्वरम् ॥ २६ ॥
ततस्ते भ्रातर इमे प्रजानां पतयो नव ।
अयजन्व्यक्तमव्यक्तं पुरुषं सुसमाहिताः ॥ २७ ॥

આ શ્લોકમાં સર્વનો ઉત્પાદક તથા સર્વનો ઉપાસ્ય દેવ એક બ્રહ્મ વર્ણવ્યો છે. પરન્તુ શ્લોક ૩૦ માં ફરીથી બ્રહ્માજી કહે છે કે

सृजामि तन्नियुक्तोहं हरोहरति तद्वशः ।
विश्वं पुरुषरूपेण परिपाति त्रिशक्तिधृक् ॥ ३० ॥

યદિ આ શ્લોકને પ્રથક કરવામાં આવે તો આ સમસ્ત અધ્યાયમાં બ્રહ્માથી સૃષ્ટિની ઉત્પત્તિની લેશ માત્ર પણ ગંધ નથી. ખરૂં પુછો તો આ ઠેકાણે આ શ્લોક વ્યર્થ છે કારણકે બારમા શ્લોકની આગળ બ્રહ્માજી પોતાની, નારદની, અન્ય નર નાગ પશુ પક્ષિ ઇત્યાદિ સર્વની ઉત્પત્તિ સ્પષ્ટ રીતે બ્રહ્મથી બતાવી ચુકયા છે તો પછી બ્રહ્માજીએ આવી અપ્રાસંગિક વાત કરી પરસ્પર વિરોધ દર્શાવવાની શું જરૂર હતી ? મને તો લાગે છે કે બ્રહ્માએ તો નહીં કહ્યું હોય પરન્તુ કોઇ પેટાર્થીનું આ કામ છે.

આગળ બ્રહ્માજીએ ઉક્ત વિરાટ્ની સ્તુતિ કરી છે એ પરથી પણ સ્પષ્ટ સિદ્ધ છે કે બ્રહ્મા સ્વયં બ્રહ્મ નહોતા પરન્તુ પોતાને જીવજ સમજતા હતા. બ્રહ્માએ સ્પષ્ટ કહ્યું છે કે

नान्यद्भगवतः किञ्चिद्भाव्यं सदसदात्मकम् ॥ ३१ ॥
न भारती मेङ्ग ! मृषोपलक्ष्यते न वै क्वचिन्मे मनसो मृषागतिः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્-હે નારદ? જે તમે મને પુછ્યું તેનો જવાબ મેં સત્યજ કહ્યો છે, મારી બુધ્ધિ અસત્ય નથી દેખાતી, મારા મનની ગતિ અસત્યાર્થપર નથી દોડતી માટે સત્ય માનો કે તેજ પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિ છે અન્ય પ્રકારે નહીં.

સમીક્ષા-પાઠકો વિચારો કે હવે, જલથી કમળ, કમળમાંથી બ્રહ્મા, એ કેમ સત્ય થઇ શકે?

અધ્યાય સાતમાં ચોવીશ અવતારોનું વર્ણન છે. એની સમાલોચના હમે પ્રથમ સ્કન્ધમાં કરી છે જેથી અત્રે કાંઇ વિશેષ નહીં લખીયે પરન્તુ જુદી વાત અવશ્ય દેખાડીશું.

બન્ને સ્કન્ધોના અવતાર ક્રમનો પરસ્પર વિરોધ.

દ્વિતીય સ્કન્ધ.	પ્રથમ સ્કન્ધ.	દ્વિતીય સ્કન્ધ.	પ્રથમ સ્કન્ધ.
૧ વારાહ	૧ પુરૂષ	૧૩ નૃસિંહ	૧૩ મોહિની
૨ યજ્ઞ	૨ વારાહ	૧૪ હરિ	૧૪ નૃસિંહ
૩ કપિલ	૩ નારદ	૧૫ વામન	૧૫ વામન
૪ દત્તાત્રેય	૪ નરનારાયણ	૧૬ હંસ	૧૬ પરશુરામ
૫ કુમાર	૫ કપિલ	૧૭ મનુ	૧૭ વ્યાસ
૬ નરનારાયણ	૬ દત્તાત્રેય	૧૮ ધન્વન્તરિ	૧૮ રામચન્દ્ર
૭ ધ્રુવ	૭ યજ્ઞ	૧૯ પરશુરામ	૧૯ કૃષ્ણ
૮ પૃથુ	૮ ઋષભ	૨૦ રામ	૨૦ બળદેવ
૯ ઋષભ	૯ પૃથુ	૨૧ કૃષ્ણ	૨૧ બુદ્ધ
૧૦ હયગ્રીવ	૧૦ મત્સ્ય	૨૨ વ્યાસ	૨૨ કલ્કિ
૧૧ મત્સ્ય	૧૧ કૂર્મ	૨૩ બુદ્ધ	૨૩
૧૨ કૂર્મ	૧૨ ધન્વન્તરિ	૨૪ કલ્કિ	૨૪

પ્રથમ સ્કન્ધમાં બાવીસજ અવતારો લખ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વિતીય સ્કન્ધમાં સંખ્યામાં ફેરફાર શિવાય પુરૂષ, નારદ અને મોહિની અવતાર લખ્યાજ નથી, જ્યારે પ્રથમ સ્કન્ધમાં કુમાર, ધ્રુવ, હરિ, હંસ અને મનુ એ પાંચનું વર્ણન નથી. આ પ્રમાણે જ્યારે ભાગવતમાંજ વિરોધ તો પછી તેની માન્યતા કેમ થાય? પ્રથમ સ્કન્ધના અવતારનો ક્રમ બીજામાં નહીં, જે અવતાર બીજા સ્કન્ધમાં છે તેમાંના કેટલાક પ્રથમમાં મળે નહીં ત્યારે શું સમજવું?

હવે ૨૪ અવતાર ન માનતાં યદિ સતાવીશ માને તો કોણ પુછવાનું છે? મને એમ ભાસે છે કે અધિક ગુણધારી પરાક્રમી પુરૂષોને અવતાર માનવામાં પુરાણોના સમયમાં મતભેદ હતો. જે જેને લાગે તેને ઉત્કૃષ્ટ ગુણી માનતા હશે અને ભારત ગવર્નમેન્ટનું એ વાઘોનું ચિન્હ છપાય છે તેમ મત્સ્ય, કૂર્મ, વિરાહાદિ ઉક્ત મહાત્માઓનાં ચિન્હ હશે. પરમેશ્વરના જન્મ લેવાનેજ યદિ તે લોકો અવતાર માનતા હોતે તો નારદજી કે જેનું પૂર્વ જન્મમાં દાસીપુત્રત્વ, તેમની જ્ઞાન પ્રાપ્તિ અને વિષ્ણુને તેમણે કરેલા પ્રશ્નનું સ્પષ્ટ વર્ણન લખી ચુકયા છીયે તેને અવતાર કેમ માનતે? બસ જે લોકોને માલમ પડ્યું કે નારદજીના કૃત્યો ઉત્તમ અને વેદમાર્ગોદ્ધારક છે તે લોકો પુરાણોમાં નારદજીનો અવતાર માનવા લાગ્યા.

અધ્યાય ૮માં પરીક્ષિતે બ્રહ્માનું કમળથી ઉત્પન્ન થવું, બ્રહ્મ, માયા આદિ અવતાર કથા, યુગોના ધર્મો, વેદ, ઉપવેદ અને ઇતિહાસ પુરાણોનાં ધર્મો, એ વિષે શુકદેવજીને પ્રશ્નો પુછ્યાં છે. અધ્યાય આઠના અંતમાં નિમ્ન શ્લોક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूत उवाच-

प्राह भागवतं नाम पुराणं ब्रह्मसम्मितम् ।
ब्रह्मणे भगवत्प्रोक्तं ब्रह्मकल्प उपागते ॥ २८ ॥
यद्यत्परीक्षिदृषभः पाण्डूनामनुपृच्छति ।*
आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ॥ २९ ॥

અર્થાત્-વેદ સમ્મિત પુરાણ ભાગવત શુકદેવજી સંભળાવવા લાગ્યા અને રાજાએ જે જે પ્રશ્નો કર્યા એનું સમાધાન કરતા ગયા; અને ચાર શ્લોકની ભાગવત જે હાલ પ્રસિદ્ધ છે તે શ્લોક નીચે પ્રમાણે છે.

अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥ ३२ ॥
ऋतेर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।
तद्विद्यादात्मनोमायां यथाभासो यथा तमः ॥ ३३ ॥
यथा महान्तिभूतानि भूतेषुच्चावचेष्वनु ।
प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु नतेष्वहम् ॥ ३४ ॥
एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनात्मनः ।
अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात्सर्वत्र सर्वदा ॥ ३५ ॥

આ બ્રહ્માની પ્રતિ ભગવાનની ઉકિત છે. દશમા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને અંડથી અનેક યોનિયોનો પાદુર્ભાવ મનુસ્મૃતિના વર્ણિત છે. નાભિથી કમળ અને કમળમાંથી બ્રહ્મા એવું કાંઇ ઉત્પત્તિનું વર્ણન ત્યાં નથી. એથી સિદ્ધ થાય છે કે નાભિકમળથી

---

* શ્લોક ૨૯ માં પરીક્ષિત શબ્દનો હલન્ત કેમ થયો તે ચિન્ત્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મા અને બ્રહ્માથી પુત્રોત્પત્તિ, પૃથ્વીતળ અને સર્વયોનિઓની ઉત્પત્તિ થઇ એ પુરાતન વાત નથી. ત્યાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે

प्रजापतीन्मनून्देवानृषीन्पितृगणान्पृथक् ।
सिद्धचारणगन्धर्वान्विद्याध्रासुरगुह्यकान् ॥ ३७ ॥

શૌનકે ૪૮ મા શ્લોકમાં પ્રશ્ન કર્યો છે કે હે સુતજી! તીર્થયાત્રામાં થયલો વિદુર મૈત્રયનો સંવાદ કૃપયા સંભળાવો. આનો જવાબ સૂતજીએ દીધો કે રાજા પરીક્ષિતે શુકદેવજીને પ્રશ્ન કરેલો અને તેનો ઉત્તર જે શુકદેવજીએ દીધો છે તે તમે પણ શ્રવણ કરો. આ પરથી તદન સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે આ ભાગવત જેમાં શૌનકે પ્રશ્ન પુછ્યો અને સૂતજીએ જવાબ દીધો છે તે તે ભાગવત નથી કે જે શુકદેવ દ્વારા રાજા પરીક્ષિતે સાંભળ્યું હતું. આ તો શૌનકજીના મનમાં આવે છે, તે તે પુછે છે અને સૂતજીને ઉત્તર દેતી વખતે પોતાને જે યાદ આવે છે તે અને શુક પરીક્ષિત સંવાદમાંથી જે યાદ આવે છે તે સંભળાવે છે.

इति द्वितीयस्कन्धसमीक्षा.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ૩મ્

अथ तृतीयस्कन्धसमीक्षा.

તૃતીય સ્કન્ધની સમીક્ષા શરૂ કરૂં તે પહેલાં એક વિચિત્ર વાત પાઠકોને જ્ઞાત કરાવવા ઉચિત સમજું છું કે આજે મેં ભાગવતની ભાષાટીકા (જે ભારત ધર્મ મહા મંડળદ્વારા પદકપ્રાપ્ત મહામહોપદેશક પંડિત જ્વાળા પ્રસાદજીની શોધિત છે) જોઇ તેના આરંભમાં લખ્યું છે કે,

"પ્રથમ બ્રહ્મા ભગવાનનો સંવાદ સંક્ષેપથી કહ્યો છે પછી શેષજીનું કહેલું ભાગવત વિસ્તારથી કહ્યું છે. ભાગવત સંપ્રદાયની પ્રવૃત્તિ બે પ્રકારની છે, એક તો સંક્ષેપમાં શ્રીનારાયણ અને બ્રહ્મા-દ્વારા અને વિસ્તારથી શેષ, સનત્કુમાર સાંખ્યાયન આદિ દ્વારા થઇ. દ્વિતીય સ્કન્ધમાં શ્રી નારાયણ બ્રહ્માના સંવાદરૂપ સંક્ષેપમાં "अहमेवासमेवाग्रे" ઇત્યાદિ ચાર શ્લોકની ભાગવત કહી; તેજ બ્રહ્મા નારદના સંવાદમાં દશ લક્ષણથી કાંઇ વિસ્તારમાં કહી; અને તેજ શેષજીએ કહી અને હવે તેનો અતિ વિસ્તાર તૃતીય સ્કન્ધમાંથી શરૂ થશે. તૃતીય સ્કન્ધમાં પ્રથમ વિદુર અને મૈત્રેયનો સમાગમ થયો ઇત્યાદિ"

સમીક્ષા-ભાગવત (૧) બ્રહ્મા અને નારાયણ (૨) બ્રહ્મા અને નારદ અને (૩) શેષજીનું બનાવેલું એમ સિદ્ધ થયું. તેમાં કાંઇ શુક પરીક્ષિત સંવાદનો ખુલાસો તો આવ્યોજ નહી એટલુંજ નહીં પરન્તુ ભાગવત વ્યાસકૃત છે તે પણ કાંઇ વર્ણવ્યું નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તૃતીય સ્કન્ધમાં વળી વિચિત્રતા એ જોવાની છે કે દ્વિતીય સ્કન્ધના અન્તમાં તો શૌનકે સૂતજીને અપ્રાસંગીક પ્રશ્ન પૂછ્યો કે વિદુરજીને તીર્થયાત્રા કરતી વખતે મૈત્રેયની સાથે શું સંવાદ થયો હતો ? સૂતજીએ કહ્યું કે રાજા પરિક્ષિતના પુછવાથી શુકદેવજીએ જે ઉત્તર આપ્યો છે તે હું તમને સંભળાવું છું. વિચિત્રતા એ કે ક્યાં ભાગવત, પરીક્ષિત શુક સંવાદ ક્યાં, તેનું વ્યાસકૃત હોવું ક્યાં અને ક્યાં તેમાં શોનક અને સૂતજીના પ્રશ્નોત્તર!

હવે તૃતીય સ્કન્ધમાં પ્રથમથીજ " शुकउवाच " આવે છે. શુકદેવજી કહે છે કે,

एवमेव पुरापृष्टो मैत्रेयो भगवान् किल ।
क्षत्रा वनं प्रतिष्ठेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥ १ ॥

અર્થાત્-હે રાજન્ ? આ પ્રમાણે ઘર તજી વન જઇને વિદુરજીએ મૈત્રેયને પુછ્યું.

સમીક્ષા.-હવે જ્યારે રાજાએ આ પ્રકારનો પ્રશ્ન પુછ્યોજ ન હોતો તો વચમાં ઉપરોક્ત વાત લાવીને નાંખવાનું શુકદેવજીને શું કારણ

આગળ " राजोवाच "

कुत्र क्षत्तुर्भगवता मैत्रेयणाऽस्त संगमः ।
कदावा सह संवाद एतद्वर्णय नः प्रभो । ॥ ३ ॥

અર્થાત્-વિદુર મૈત્રેયનો સંવાદ ક્યારે અને ક્યાં થયો તેનું વર્ણન કરો.

સમીક્ષા-વિલક્ષણતા તો જુઓ કે શુકદેવજીએ જ્યારે પ્રથમ શ્લોકમાં કહી દીધું કે આ પ્રમાણે ઘર તજી વન જઇને વિદુરજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈત્રેયને પુછ્યું ત્યારે ઉત્તર થઇ ગયા પછી વળી રાજાનો ક્યાં અને ક્યારે સંવાદ થયો? એ પ્રશ્ન શું?

નીચેના શ્લોકમાં પણ અદ્‌ભુત કથા છે,

अजस्य जन्मोत्पथनाशनाय कर्माण्यकर्तुर्ग्रहणाय पुंसाम् ।
न चान्यथा कोऽर्हति देहयोगं परोगुणानामुत कर्मतन्त्रम् ॥ ४४ ॥

અર્થ—અજન્માનો જન્મ, પાપી પુરૂષોના નાશાર્થે અને અકર્મા જગદીશનાં કર્મ સાધુ પૂરૂષો ગ્રહણ કરે તેટલા માટે થાય છે, કારણ કે જ્યારે કર્મરહીત જીવ મોક્ષ મેળવી જન્મ મરણથી રહીત થઇ જાય છે તો પછી નિર્ગુણ સ્વરૂપ પરમાત્મા શરીર બન્ધનમાં આવે તે તદ્દન અસંભવ છે.

સમીક્ષા-જે જન્મ લે તેને અજન્મા કોઇ પણ રીતે કહેવાયજ નહીં અને જે માનુષી કર્મો કરે તેને અકર્મા પણ કહેવાય નહીં અને દશમ સ્કન્ધના કૃષ્ણચરિત્રમાં લખ્યું છે કે તેમણે અર્થાત્ કૃષ્ણે ૧૬૦૦૦ રાણીઓ કરી અને નૃત્ય કર્યું તો ભાગવતી લોકોએ તે અકર્મા જગદીશ કૃષ્ણનું કૃત્ય પસંદ કરી ગ્રહણ કરવું પડશે અને જ્યારે પુરાણિક લોકો નિમિત્તથી બધ્ધ જીવની મુક્તિથી પુનરાવૃત્તિ માનતા નથી તો પછી સ્વભાવથી મુક્ત જગદીશનો જન્મ તો સંભવેજ કેમ? આગળ અધ્યાય બેમાં કૃષ્ણજીના મૃત્યુ સમાચાર ઉદ્ધવજી રૂદન કરીને કહે છે કે

दुर्भगो बत लोकोयं यदवो नितरामपि ।
ये संवसन्तो न विदुर्हरिं मीना इवोडुपम् ॥ ८ ॥

ઉદ્ધવજી વિદુરને કહે કે આ દુનિયા ભાગ્યહીન છે અને યાદવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વળી બીલકુલ ભાગ્યહીન છે કારણ કે જેવી રીતે માછલી ચંદ્રમાને નથી ઓળખતી તેમ તેઓ પોતાની પાસે વસતા શ્રીકૃષ્ણને ઓળખી શકયા નહીં કે તે બ્રહ્મ છે.

આના પર શ્રીધરી ટીકા કરે છે કે,

ननु शोचान्नाह दुर्भगो भाग्यहीनः । ये सह वसन्तोपि श्री हरिरयमिति न विदुः यथा क्षीरसमुद्रे जातमुडुपं तदा तत्रत्यामीनाः केवलं कमनीयः कश्चिज्जलचर इत्येवं विदुः नत्वमृतमय इति, तद्वत् । यद्वा जले प्रति बिम्बितं चन्द्रंययेति ॥

અર્થાત્-ઉદ્ધવજી વિચાર કરીને કહે છે કે જેવી રીતે જલ નિવાસી માછલી સમુદ્રમાં જન્મ મલ્યા છતાં ચંદ્રમાને એમજ જાણે છે કે એ કોઇ સુંદર જલ જીવ છે પરંતુ તેને અમૃતમય નથી જાણતી તેવી રીતે લોકોએ અને યાદવોએ શ્રી કૃષ્ણની સાથે ક્રીડા કરતા હતા છતાં પણ કૃષ્ણને બ્રહ્મ જાણ્યા નહીં.

આથી એ વાત તો સિદ્ધ થઇ જાય છે કે કૃષ્ણ મહારાજ જ્યાં સુધી જીવતા રહ્યા ત્યાં સુધી તેમને કોઇએ ઇશ્વરનો અવતાર માન્યો નહોતો.

શ્લોક ચૌદમાં રાસલીલા અને ગોપીયોની ભકિત દર્શાવી છે. આગળ

दृष्टा भवद्भिर्ननु राजसूये चैद्यस्य कृष्णं द्विषतोपि सिद्धिः ।
यां योगिनः संस्पृहयन्ति सम्यग्योगेन कस्तद्विरहं सहेत ॥ १९ ॥

ઉદ્ધવજી કહે છે કે હે વિદુરજી! આપે રાજસૂયમાં જોયું કે શિશુપાળે શ્રી કૃષ્ણ મહારાજને કેટલા અપશબ્દો કહ્યા હતા તે છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દ્વેષથી જે ગતિ શિશુપાળની થઇ તે ગતિ તેને માટે યોગ માર્ગથી પ્રયત્ન કરે છે. તેવા કૃષ્ણના વિરહને કોણ સહન કરી શકશે ?

સમીક્ષા-બુદ્ધિશાળીઓને વિચારવાનું છે કે જ્યારે ભગવાન પાપીયોના વધાર્થે જન્મ લે છે ત્યારે આ પ્રમાણે પાપીને મોક્ષ સંભવેજ કેમ? ભગવાનને શિશુપાળે ગાળો દીધી તે પાપ કીધું અને તેથી જે ગતિ તેની થઇ તેવી ગતિને માટે યોગીજનો સદાચરણાદિ વ્રતો કરી વર્ષો સુધી પ્રયાસ કરે છે ત્યારે ધર્મીઓની સહાયાર્થે તેમણે તે જન્મ લીધો કે પાપીયોને યોગીયોને દુર્લભ તેવી ગતિ આપવાને જન્મ લીધો? અતિ પાપનું પ્રાયશ્ચિત્ત, ભગવાને જન્મ લઇ પોતાને હાથે મરવા માત્રથી થતું સમજવું તે કેવી જાતની ફિલાસોફી તે સમજાતું નથી. આગળ વીશમા શ્લોકમાં કેવળ કૃષ્ણના હાથથીજ મરેલાની મુક્તિ થઇ એટલુંજ નહિં પરન્તુ અર્જુનના હાથે મરેલાની પણ મુક્તિ થઇ ગઇ એમ બતાવ્યું છે. ત્રેવીશમાં શ્લોકમાં પૂતના જે સ્તનમાં ઝેર લગાડીને દુધ પીવડાવવા આવી હતી તેને માતા યશોદાના સમાન ગતિ મળી. કોડ કપુર કપાસ સર્વનો એકજ ભાવ ભાગવત કર્તાને ગમ્યો.

ततोनन्दव्रजमितः पित्रा कंसाद्धि बिभ्यता ।
एकादश समास्तत्र गूढार्चिः सबलोऽवसत् ॥ २६ ॥

કંસના ભયથી પિતાએ નન્દને વ્રજમાં મોકલ્યા જ્યાં તે અગિયાર વર્ષ સુધી ગુપ્ત રહ્યા.

સમીક્ષા-જ્યારે આ અધ્યાયમાં પૂતનાનો કાલિયનો અને બકાસુરનો વધ, ગોવર્ધન ઉઠાવવો અને અનેક કૃષ્ણ ચરિત્રો વર્ણવેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તો બાળલીલામાં તેમને ગુપ્ત રહેલા બનાવવા તે ગ્રંથકર્તાની બાળલીલા નહીં તો બીજું શું?

शरच्छशिकरैर्मृष्टम्मानयन् रजनीमुखम् ।
गायन्कलपदं रेमे स्त्रीणां मण्डलमंडनः ॥ ३४ ॥

શરદના ચંદ્રમાને રાત્રિ મુખ જાણી, સ્ત્રીયોના મંડળને શોભીત કરવાવાળા કલપદ ગઇને રમણ કરતા હતા.

સમીક્ષા-વારૂ આ વાત કોઇને પણ રૂચિકર થશે?

અધ્યાય ૩ માં

सांदीपने सकृत् प्रोक्तं ब्रह्माधीत्य सविस्तरम ।
तस्मै प्रादाद्वरं पुत्रं मृतं पञ्चजनोदरात् ॥ २ ॥

ઉધ્ધવજી કહે છે કે સાંદીપન ઋષિ પાસેથી તેમણે એકજ વાર સમસ્ત વેદ સાંભળ્યા અને તરત શીખી ગયા અને તેમનો મરી ગયેલો પુત્ર પંચજનના પેટમાંથી લાવી આપ્યો.

સમીક્ષા-મરી ગયલાને જીવતો કરવો અને તેને પાછો પેટમાં કે જ્યાં આહારનુ રકત તથા રસ બને છે તેમાંથી લાવવો તે, પુરાણી કિસ્સા શિવાય બીજું કાંઇ નથી. ત્રીજા શ્લોકમાં રૂક્મિણી હરણની પ્રસંશા કરી છે. અહિં ગાંધર્વ વિવાહ બતાવ્યો છે પરંતુ વાસ્તવિક રીતે તો તે રાક્ષસ વિવાહ હતો. કારણકે લડાઇ કરી કન્યા હરણ કરવાને ગાંધર્વ વિવાહ કહેવાતો નથી અને તેટલાજ માટે આગળ નાગ્નિજીતીનો સ્વયંવર અને સત્યભામાની સાથે વિવાહ લખ્યો છે. અને આગળ છઠ્ઠા અને સાતમા શ્લોકમાં ભૌમાસુરના રણવાસમાંની અનેક રાજકન્યાઓની સાથે શ્રી કૃષ્ણજીનો વિવાહ વર્ણીત છે ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आसां मुहूर्त एकस्मिन्नानागारेषु योषिताम् ।
सविधं जगृहे पाणीननुरूपः स्वमायया ॥ ८ ॥
तास्वपत्यान्यजनयदात्मतुल्यानि सर्वतः ।
एकैकस्यांदशदश प्रकृतेर्विबुभूषया ॥ ९ ॥

અર્થાત્-સર્વનું એક મુહૂર્ત માત્રમાં પાણિ ગ્રહણ કર્યું. એક-એક સ્ત્રીથી પોતાના જેવા દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા.

સમીક્ષા-એક કૃષ્ણ મહારાજનોજ યદિ અવતાર હતો તો નિજ તુલ્ય સર્વ સ્ત્રીયોમાં દશ દશ પુત્રો ઉત્પન્ન કરવાથી શતશઃ કૃષ્ણ ભૂમંડળમાં થઇ ગયા હશે તો પછી કૃષ્ણ ભક્તિ તે શું ?

શ્લોક પંદરમાં કહ્યું છે કે સ્વાદિષ્ટ મદ્ય (દારૂ)ના મદથી લાલ લોચન કરી પરસ્પરમાં તકરાર કરી લડી લડીને યાદવો મરશે.

અધ્યાય ચોથામાં ફરીથી કહ્યું છે કે

अथ ते तदनुज्ञाता भुक्त्वा पीत्वा च वारुणीम् ।
तया विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ॥ १ ॥

અર્થાત-યાદવો વારૂણી શરાબ પી પીને બેહોશ થઇ ગયા અને લડી લડીને મરી ગયા.

સમીક્ષા-વિચારણીય વાત એ છે કે શ્રી કૃષ્ણ જેવા મહાત્માને યાદવો દારૂ પીશે એવું જ્ઞાન હોવા છતાં પણ તે કુલરક્ષાર્થે ઉદ્યોગ ન કરે તે વાત શું સંભવીત છે ? વળી અહિં તો કૃષ્ણની આજ્ઞાથી મદ્ય પાન કર્યું એમ કહ્યું છે. આ વખતે યાદવોનો કાંઇ સૌત્રામણી યજ્ઞ ન હોતો કે જેથી કોઇ એમ કહે કે તેનો નિષેધ કૃષ્ણ મહારાજે ના કર્યો. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે આના કર્તા મદ્યપાનને પાપ સમજતા ન હોતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भगवानपि विश्वात्मा लोकवेदपथानुगः
कामान्सिषेवे द्वार्वत्यामसक्तः सख्यमास्थितः ॥ १९ ॥

આગળ અધ્યાય ૩ શ્લોક ૧૯ માં કહ્યું છે કે

આમાં શ્રી કૃષ્ણ મહારાજને વેદ પથગામી બતાવ્યા છે. જો એમ છે તો પછી તેમણે પોતાના કુળને મદ્યપાન કરવાનો ઉપદેશ શા માટે કર્યો ? વળી ભૌમાસુરની કન્યાઓને સ્ત્રી ભાવથી રાખી સર્વની સાથે ભોગવિલાસ કરવો તે વેદમાર્ગથી તદ્દન વિરૂદ્ધજ છે.

અધ્યાય ૫ માં સ્પષ્ટ કહ્યું છે વિદુરજી **વ્યાસના** વીર્યથી ઉત્પન્ન થયા.

नैतच्चित्रं त्वयि क्षत्तर्बादरायणिवीर्यजे ।

અર્થાત્-મૈત્રેયજી વિદુરને કહે છે કે આપ વ્યાસવીર્યથી (ભુજીષ્યા દાસીમાં) ઉત્પન્ન થયા છો. આગળ બ્રહ્મા, વિષ્ણુ શિવને વૈકારિક તત્વાત્મક બતાવ્યા છે. શ્લોક ૨૩ થી સૃષ્ટિની ઉત્પત્તિ લખી છે. યથા.

भगवानेक आसेदमग्र आत्माऽऽत्मनां विभुः ।
आत्मेच्छानुगतो वात्मा नानामत्युपलक्षणः ॥ २३ ॥
सवा एष तदा द्रष्टा नापश्यद्दृश्यमेकराट् ।
मेनेऽसन्तमिवात्मानं सुप्तशक्तिरसुप्तदृक् ॥ २४ ॥

तथाच

कामवृत्या तु मायायां गुणमय्यामधोक्षजः ।
पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान् ॥ २६ ॥

આ ટીકા એમ કહે છે કે સર્વદ્રષ્ટા ઇશ્વરમાં સંપૂર્ણ શક્તિ છે પરન્તુ તેના વૈભવને કોઇ જોવાવાળો નહી હોવાથી અને માયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિક શકિત લીન હોવાથી તેને અસત્ માનેલો છે અર્થાત્-છે પણ કાંઇ નથી. ॥ ૨૪ ॥

હે મહાભાગ ! ત્યાર પછી સર્વદ્રષ્ટા ઇશ્વરની કાર્ય કારણરૂપી અનુસન્ધાનરૂપી માયા નામ્ની મહાશકિત ઉત્પન્ન થઇ અને તેથી સમર્થ ઇશ્વરે સર્વની રચના કરી. ॥૨૫॥ કાળની શકિતથી ગુણમયી માયામાં વીર્યવાન પુરૂષરૂપ કરીને વીર્ય ધારણ થવા લાગ્યાં ॥૨૬॥ કાળ પ્રેરિત અવ્યકત માયાથી મહત્તત્વ ઉત્પન્ન થયું; તમોગુણનાશક વિજ્ઞાન આત્મા, જીવના દેહમાં સ્થિત થયો અને વિશ્વને પ્રકાશીત કરી. ॥૨૭॥ અંશગુણ જીવ કાળ આત્મા ભગવતની દ્રષ્ટિ આગળ વિશ્વની રચના કરવાની ઇચ્છાથી જીવાત્માએ પોતાના આત્માનું રૂપાન્તર કરવા માંડયું. ॥૨૮॥ મહત્તત્વ જ્યારે વિકારને પ્રાપ્ત થયું ત્યારે અહંતત્વ ઉત્પન્ન થયું. કાર્ય કારણ કર્તા જીવ પંચ ભૂત ઇન્દ્રીય મનોમય થવા લાગ્યો ॥૨૯॥ તે અહંકાર, વૈકારીક તેજસ તામસ ભેદથી ત્રણ પ્રકારનો થયો; અહંકાર, વિકારને પ્રાપ્ત થયો ત્યારે વૈકારિક અહંકારથી મન થયું ॥૩૦॥ દેવતાઓ જે વૈકારિક થયા તેનાથી શબ્દાદિ ગુણ પ્રકાશ થયા; બ્રહ્મા, વિષ્ણુ, શિવ રજસત્વતમોમય છે

સમીક્ષા–સૃષ્ટિનું વર્ણન કરતાં શ્લોક ૨૫ માં લખ્યું છે કે ઇશ્વરે માયાશકિત ઉત્પન્ન કરી. આ વાત, બાબા આદમથી હવા ઉત્પન્ન થઇ તે વાતને મળતી છે. મને લાગે છે કે શાકત મતમાંથીજ યવનોના કુરાનમાં તે શિક્ષા ગઇ હશે. વળી શ્લોક ૩૧ માં બ્રહ્મા વિષ્ણુ શિવને તત્વમય બતાવ્યા અને કોઇ ઠેકાણે તો તેમને સાક્ષાત્ જગદીશ બતાવ્યા છે તો ખરી વાત શું છે તે કાંઇ જણાતુંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી અને વળી સૃષ્ટિની ઉત્પત્તિ નાભિકમળથી તે વાત તો ઉડીજ ગઇ. અરે વાહરે ભાગવતી તારા અચલ સિદ્ધાંતને !

આગળ શ્લોક ૩૪ માં

अनिलोऽपि विकुर्वाणो नभसोरुपालन्वित:
ससर्ज रुपतन्मात्रं ज्योतिर्लोकस्य लोचनम् ॥ ३७ ॥

ઇત્યાદિ શ્લોકમાં " आकाशाद्वायुः वायोरग्निः अग्नेरापः ઇત્યાદિ અર્થનું વર્ણન છે.

પછી વળી

एते देवा: कला विष्णो: कालमायांशयोगत:
नानान्वास्स्वक्रियाऽनीशा:प्रोचु प्राञ्जलयो विभूत् ॥ ३८ ॥

અર્થાત--પૂર્વ વર્ણવેલા સર્વ દેવતાઓ વિષ્ણુની કળા છે. તેસનામાં સૃષ્ટિ રચવાનું સામર્થ્ય ન હોવાથી તેઓએ હાથ જોડી પ્રભુની સ્તુતિ કીધી.

સમીક્ષા-વિચારણીય વાત છે કે આકાશને હાથ ક્યાં છે કે જેથી તે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યું. હવેથી બ્રહ્મા વિષ્ણુ શિવને સાક્ષાત્ ભગવાન નહી કહેવાય કારણ કે તે તો કળા ભાગ છે.

૮ મા અધ્યાય (શ્લો. ૫) માં શુકદેવજી કહે છે કે મૈત્રેયે કહ્યું છે કે,

प्रवर्त्तये भागवतं पुराणं यदाह साक्षात् भगवानृषिभ्यः ।

અર્થ-જે ભાગવત સાક્ષાત્ શેષ ભગવાને ઋષિઓને કહી સંભળાવ્યું હતું, તેજ ભાગવત હું કહી સંભળાવું છું. તે આગળ જણાવે છે કે, એક વખત શેષજીએ સનત્કુમારોને ભાગવત કહી સંભળાવ્યું હતું, તેજ ભાગવત સાંખ્યાયન મુનિએ સનત્કુમારોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાવ્યું તથા સાંખ્યાયને પરાશરને તથા હમારા ગુરૂ બૃહસ્પતિને સંભળાવ્યું, ગુરૂજીએ મને સંભળાવ્યું અને હું હવે આપને સંભળાવુંછું.

આ ઉપરની સંસ્કૃત ભાષાટિકામાં લખ્યું છે કે, પરાશરને જ્યારે ખબર પડી કે મારા પિતાનું રાક્ષસ ભક્ષણ કરી ગયો છે ત્યારે, તેણે તે દુષ્ટનો વધ કીધો અને યજ્ઞ કરવામાં પ્રવૃત્ત થયો. પણ તેમ કરતાં તેને વશિષ્ઠજીએ રોકયા તથા પુલસ્ત્યે પોતાની સંતતિની રક્ષા કીધી; અને પ્રસન્ન થઇને પરાશરને વરદાન આપ્યું કે તમે પુરાણવક્તા થશો.

સમીક્ષા—ત્યારે આ વળી નવું ભાગવત હશે, કારણ અત્યાર સુધી તો પરાશરના પુત્ર વ્યાસ પુરાણકર્તા હતા. પરંતુ તેના પુત્રે કહેલા ઉક્ત વચનથી તો પરાશરજી પુરાણકર્તા સિદ્ધ થાય છે.

આગળ ૮ મા અધ્યાયમાં વિષ્ણુની દુંટીમાંથી બ્રહ્માની ઉત્પત્તિ વર્ણવી છે. બ્રહ્માને વિચાર થયો કે હું કયાંથી આવ્યો ? અને શું કરૂં ? બાદ ચતુર્મુખી બ્રહ્માજી દુંટીની નાળની નીચે દાખલ થયા. એમ એજ અધ્યાયના ૧૯ મા શ્લોકમાં છે. શેષરૂપ વિષ્ણુની શૈય્યાની શોભાના પણ પુષ્કળ વખાણ કીધા છે. અ. ૯ માં બ્રહ્મા કહે છે કે, **ज्ञातोसि मेद्य** અર્થાત્ “ આજે મેં તને (વિષ્ણુને) ઓળખ્યો.” આથી સિદ્ધ થાય છે કે બ્રહ્મા તે પહેલાં વિષ્ણુને પીછાનતો નહોતો. જ્યારે પહેલાંથીજ સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે તો પછી આ નાભિકમલની મિથ્યા કથા કોણ જાણે કયાંથી ઉત્પન્ન થઇ, તેની સમજ પડતી નથી.

૧૦ મા અધ્યાયમાં દશ પ્રકારના સર્ગનું વર્ણન છે. પશુ, પક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીટ, પતંગ, ભૂત, પ્રેત, પિશાચ, ગુહ્યક એ સર્વેની ઉત્પત્તિ વર્ણવવામાં આવી છે. ૧૧ મા અધ્યાયમાં પરમાણુ આદિ દ્વિપરાર્દ્ધ પર્યંતનું, તથા કલ્પનું વર્ણન છે. આગળ ૧૨મા અધ્યાયમાં મન્વન્તરનું વર્ણન છે. તેમાં પ્રથમજ અંધતામિસ્ર, તામિસ્ર, મહામોહ, મોહી તથા તામસી રચના કરવાની વાત આવેછે.

दृष्ट्वा पापीयसीं सृष्टिं नात्मानं बह्वमन्यत ।
भगवद्ध्यानपूतेन मनस्यान्यां ततो सृजत् ॥ ३ ॥

અર્થ- સૃષ્ટિ પાપી જોઇને બ્રહ્મા દુઃખી થયા, બાદ તેની રચના કીધી ત્યારે સનકાદિ ચાર મુનિઓ થયા. પણ તેઓ બ્રહ્મચારી થઇ ગયા. બ્રહ્માએ તેમને સૃષ્ટિવૃદ્ધિ અર્થે ગૃહસ્થી થવા કહ્યું પણ તેઓના ધ્યાનમાં એ વાત ઉતરી નહીં. આથી બ્રહ્મા કોપિત થયા અને તેથી "રૂદ્ર" સંજ્ઞા પ્રાપ્ત કીધી.

આગળ પુરાણ જણાવે છે કે રૂદ્રની સૃષ્ટિ જગત્‌ને ચારે તરફથી ખાવા લાગી. જ્યારે હજારો માણસો ખવાઇ ગયાં સાંભળ્યા ત્યારે બ્રાહ્મને શંકા થઇ તેથી તેમણે આજ્ઞા કીધી કે "હવે બસ કરો, રહેવા દો, તપ કરો!"

સમીક્ષા-રચ્યા વિના સહસ્ર મનુષ્યો કેવી રીતે મનના મોદક પેઠે ખવાઇ ગયા તે સમજ પડતી નથી. માત્ર સનકાદિ ચારજ મનુષ્ય ઉત્પન્ન થયા હતા અને તેમાંના તો એકને પણ ખાવામાં આવવાનું લખ્યું નથી. ત્યારે શું રૂદ્રયુથ પરસ્પરનું ભોજન કરતા હતા અથવા બ્રહ્મા બીજી તરફ બીજાને રચ્યો જતો હતો?

રૂદ્ર તપ કરવા ગયા ત્યારે બ્રહ્માએ મરિચી આદિ પુત્ર નીચે પ્રમાણે ઉત્પન્ન કીધાઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૂંટણથી નારદ, અંગુઠાથી દક્ષ, પ્રાણથી વશિષ્ટ, ત્વચાથી ભૃગુ, હાથથી ક્રતુ, નાભિથી પુલહ, કાનોથી પુલસ્ત્ય, મુખથી અંગિરા, નેત્રોથી અગ્નિ, મનથી મરીચિ, જમણા સ્તનથી ધર્મ, પીઠથી અધર્મ, અધર્મથી મૃત્યુ, હૃદયથી કામ, ભમરથી ક્રોધ, અધર ઓષ્ટથી લોભ, મુખથી વાણી, લીંગથી સમુદ્ર, ગુદાથી પાપાશ્રય મૃત્યુ, અને છાયાથી "કર્દમ અર્થાત્ દેવહુતિનો પતિ" થયો.

वाचं दुहितरं तन्वीं स्वयंभूर्हरतीं मनः ।
अकामो चकमे क्षत्तः सकाम इति नः श्रुतम् ॥ २७ ॥

અર્થાત્—વાણીરૂપી કન્યાએ બ્રહ્માનું મન હરી લીધું. અકામ વાણીથી બ્રહ્મા સકામ થયા. એવું સાંભળ્યું છે.

तमधर्मे कृतमतिं विलोक्य पितरं सुताः ।
मरीचि मुख्यामुनयो विश्रम्भात्प्रत्यबोधयन् ॥ २८ ॥
नैतत्पूर्वैः कृतं त्वद्य न करिष्यन्ति चापरे ।
यत्त्वं दुहितरं गच्छेरनिगृह्याङ्गजं प्रभुः ॥ २९ ॥
तेजीयसामपि ह्येतन्न सुश्लोक्यं जगद्गुरो ।
यद्वृत्तमनुतिष्ठन्वै लोकः क्षेमायकल्पते ॥ ३० ॥

અર્થાત્- મરિચીઆદિ પુત્રોએ પોતાના પિતાને સકામ જાણીને રોકયા અને કહ્યું કે **"આપ પુત્રીગમન (પાપ) કરોછો, જેવું પ્રથમ કોઈએ કર્યું નથી અને કોઇ કરશે પણ નહી."** તેજસ્વિ પુરૂષોએ એવું કરવું ન જોઇએ, કારણકે જેવાં આચરણ તેઓનાં હોય છે તદનુસાર દુનિયા પણ વર્તે છે." આ પરથી બ્રહ્મા શરમાઇ ગયા અને પોતાનું શરીર ત્યાગ કરી દીધું અને તે શરીર અંતરિક્ષ સંસારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ પણ વિદ્યમાન છે. આનાપર ભાષા ટીકામાં કહ્યું છે કે," આ તો અલંકાર છે. અહિં સરસ્વતિરૂપ વિદ્યા જાણવી."

સમીક્ષા—અમારા મનમાં પણ એમજ છે કે આપણા ગ્રંથોમાં અઘટીત વાતોને બદલે અલંકાર જ હોવા જોઇએ, પરન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે શ્રીધર આદિ ટીકાકારોએ એ વિષયમાં કાંઇ પણ કહ્યું નથી. આવા અલંકારો ભાગવતમાં નહોતે તો શું બગડી જાત? કારણ કે તેને અલંકાર માનીયે તો પણ તેની વ્યવસ્થા ઠીક બેસી શકતી નથી. બ્રહ્માને બ્રાહ્મણ માનીએ અને તેમની છોકરી વાણીને સરસ્વતી માનીએ અને એમ દર્શાવીયે કે બ્રાહ્મણને વિદ્યાનો મોહ હોય છે પરન્તુ વિદ્યાની પાછળ દોડનાર બ્રાહ્મણને શરમ થતી નથી તથા તેથી તેને શરીર ત્યાગવું પડતું નથી પરન્તુ તે તો હમેશા તે સત્કર્મમાં નિમગ્ન રહે છે અને કોઇ તેને રોકી શકતું નથી તો બ્રહ્માને તેના પુત્ર મરીચિ આદિએ રોકવાનું શું પ્રયોજન? આથી એમ સિદ્ધ થાય છે કે તે અલંકાર નથી પરન્તુ તેપરથી ગ્રંથકર્તાની મનોવૃત્તિ કેવી હતી? તે સ્પષ્ટ જણાય છે. નહીંતો આવી ખોટી કલ્પના કરી પ્રજાના મન બગાડવાની અને હિંદુ ધર્મપરથી શ્રદ્ધા ઉઠાડવાની તેને શું જરૂર? વળી લખે છે કે બ્રહ્માના શરીરથી લોભ મોહાદિ ઉત્પન્ન થયા, તો શું બ્રહ્માજીને શરીર પણ હતું? યદિ હતું તો તેમાંથી લોભમોહાદિ ઉત્પન્ન થયા તે એમજ બતાવે છે કે બ્રહ્મા સ્વયં લોભી અને કામી હતા. કોઇ ઠેકાણે તો બ્રહ્માજી પાપી સૃષ્ટિને જોઇને દુઃખી થાય છે અને વળી સ્વયં પોતાની પુત્રી પર મોહીત થઇ પાપ કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બીજું કાંઇ નહીં પરન્તુ બાઇબલ અને આદમ હવ્વાના કિસ્સા જેવી વાતો છે.

इतिहासपुराणानि पञ्चमं वेद ईश्वरः ।
सर्वेभ्य एव वक्त्रेभ्यः ससृजे सर्वदर्शनः ॥ ३६ ॥

અર્થાત્, બ્રહ્માએ ઋગ્, યજુ, સામ, અથર્વ, આયુર્વેદ ધનુર્વેદ, ગાન્ધર્વવેદ (સ્થાપત્ય); અર્થવેદ, ચારેવેદ પૂર્વાદિ ચાર મુખથી રચ્યા અને ઇતિહાસ પુરાણ પણ તેમણેજ રચ્યાં. અત્ર જો કે પુરાણોના નામો બતાવ્યા નથી, પરન્તુ યદિ હમારા સનાતની ભાઇઓ પુરાણોનો અર્થ ભાગવતાદિ પુરાણો કરશે તો તેમના કર્તા તેમણે પરાશર માનેલા છે તે પણ નહીં રહે પરન્તુ પુરાણકર્તા બ્રહ્મા બનશે. યદિ એક મનુષ્ય ન્યાયાલયમાં ઉભો રહીને ન્યાયાધીશની પાસે એમ કહે કે મારા રૂપીયા દેવદત્તે લીધા છે, પછી કહે કે પ્રિયવતે લીધા અને ત્રીજીવાર કહે કે ના તેણે નહીં રામદત્તે લીધા છે, તો તેનો દાવો રદ કરવામાં આવે છે. તેમ અત્ર પણ કોઇ ઠેકાણે પુરાણ કર્તા વ્યાસજી, કોઇ ઠેકાણે પરાશર અને અહિં વળી બ્રહ્મા બતાવ્યા. તેથી ગ્રંથકર્તાની કયી વાત સત્ય તે સમજાતું નથી. આ તો ત્રણ થયા પણ હજી સૂત અને વૈશંપાયનાદિ તો બાકીજ છે. જેથી સનાતનીઓનો દાવો કે પુરાણ પાંચમો વેદ છે તે રદ બાતલ થાય છે.

શ્લોક ૫૨–૫૩ માં દર્શાવ્યું છે કે મનુ અને શતરૂપાની ઉત્પત્તિ બ્રહ્માએ કરી અને ત્યારથી મૈથુની સૃષ્ટિ ચાલી. મનુને પાંચ સન્તાન થયા. બે પુત્રો પ્રિયવત અને ઉત્તાનપાદ અને ત્રણ કન્યા આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. અધ્યાય ૧૩માં મનુને બ્રહ્માએ કહ્યું છે કે "હે રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુ! પ્રજા ઉત્પન્ન કરો અને તેની રક્ષા કરો" ત્યારે મનુજીએ કહ્યું કે "જ્યારે પૃથ્વીજ નથી તો પ્રજા ઉત્પન્ન કરી તેને વસાવું કયાં?"

બ્રહ્માજીએ વિચાર કર્યો એટલામાં તેમના નાકમાંથી સૂકર (ડુક્કર)નું નાનું બચ્ચું નીકળ્યું અને જોતજોતામાં તો હાથીના સમાન થઇ ગયું. આથી મન્વાદિ તો ચકિતજ થઇ ગયા. પૃથ્વીપરના સૂકરનેજ મળતુ બ્રહ્માજીના સૂકરનું પણ વર્ણન છે.

स्वदंष्ट्रयोद्धृत्य महीं निमग्नां स उत्थितः संरुरुचे रसायाः ।
तत्रापि दैत्यं गदया पतन्तं सुनामसंदीपिततीव्रमन्युः ॥

અર્થાત-ડુબી ગયલી ધરતીને સૂકરે પોતાના દાંતપર રાખીને દૈત્યની સાથે ગદાયુધ્ધ કર્યું.

સમીક્ષા-અરે વાહરે! ભાગવત કર્તા! ધન્ય તમારી પદાર્થવિદ્યા! કે જેનું નહીં ઠર કે ઠેકાણું. પાઠકો વિચાર તો કરો કે જ્યારે સૂકરનું શરીર પાર્થિવ (માંસ રક્તાદિ યુક્ત) હતું તો તેણે પૃથ્વીને દાંતપર લીધી તો તેણે પોતે કયી પૃથ્વીપર ઉભા રહીને યુદ્ધ કર્યું?

શ્લોક ૨૯માં "घ्राणेन पृथ्व्याः पदवीं विजिघ्रन्" પણ લખી ચુકયા છે, જેથી તેનું શરીર પાર્થિવજ હતું એ નિર્વિવાદ છે, કારણકે પૃથ્વી તત્વથીજ ગન્ધ ગુણ જાણી શકાય છે.

ચૌદમા અધ્યાયમાં હિરણ્યાક્ષની ઉત્પત્તિ એવી લખી છે કે દક્ષની પુત્રી દિતિ, મરીચિના પુત્ર કસ્યપની સ્ત્રી હતી; તેણે સન્ધ્યા સમયે મુનિની પાસેથી વીર્યદાન માંગ્યું, અને કહ્યું કે શોકયના સન્તાનોથી મને દુઃખ થાયછે. ભર્તાએ તેને ઘણુંએ સમજાવી પરન્તુ દિતિએ વેશ્યા સમાન લજ્જા છોડી પૂજન કરતા મુનિનું ધોતીયું કાઢી નાંખ્યું. મુનિએ જાણ્યું કે આનું ભવિષ્ય ખોટું છે. પછી તેણે સંયોગ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન કર્યા પછી પુનઃ જપ કરવા લાગ્યા; દિતિએ શિવની અને તેના પતિની સ્તુતિ કરી, ત્યારે પતિએ કહ્યું કે તારો પૌત્ર ભકત થશે.

અધ્યાય ૧૫મા લખ્યું છે કે દિતિએ સો વર્ષ સુધી ગર્ભધારણ કર્યો, જેથી સંસારમાં અન્ધકાર છવાઇ ગયો. દેવતાઓ ગભરાઇને બ્રહ્માની સ્તુતિ કરવા લાગ્યા. અને પુછવા લાગ્યા કે આ શું થયું? બ્રહ્માએ કહ્યું કે મારા સનકાદિ ચાર પુત્રો વૈકુંઠ ગયા હતા ત્યારે દ્વારપાળોએ તેમને રોકયા હતા તેથી સનકાદિને ક્રોધ થયો અને તેમને શાપ દીધો કે તમે બન્ને દ્વારપાળના પદને લાયક નથી. દ્વારપાળોએ પશ્ચાત્તાપ કર્યો અને અપરાધની ક્ષમા માંગી. ભગવાન લક્ષ્મી સહિત આ લોકોની વાતો સાંભળી ઉઠીને બહાર આવ્યા.

અધ્યાય ૧૬માં ભગવાને ફેંસલો આપ્યો છે કે તમે દ્વારપાળો અસુર થશો અને ત્યારપછી પાછા અહિં આવશો. આ શાપને વશ થઇ તે બન્ને જણાઓ દિતિના ગર્ભમાં આવ્યા.

શ્લોક ૩૦માં વિષ્ણુજીએ કહ્યું છે કે લક્ષ્મીજીએ પ્રથમથીજ મને કહ્યું હતું કે બ્રાહ્મણો આવશે અને દ્વારપાળો તેમને રોકશે.

સમીક્ષા—મહાશયો! ખ્યાલ કરો કે વિષ્ણુજીએ પોતે પ્રથમથી જાણ્યું હતું કે, બ્રહ્મણો આવશે અને તેમને દ્વારપાળો રોકશે તો તેમને પ્રથમથીજ સૂચના શું કામ ન કરી? આવી રીતે જાણવા છતાં પોતાના દ્વારપાળોને શાપ અપાવવો અને બ્રાહ્મણોનું અપમાન કરાવવું તે વિષ્ણુ મહારાજને તો શું પરન્તુ એક સાધારણ માણસને પણ છાજે નહીં. અહિં વૈકુંઠનું વર્ણન પણ મુસલમાનોના બહિસ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવુંજ કર્યું છે. જોઇએ તો કુરાને પુરાણમાંથી લીધું હોય કે પછી પુરાણે કુરાનમાંથી લીધું હોય. દ્વિતીય વાત એ વિચારણીય છે કે હમારા સનાતની ભાઇઓ મુક્તિ થયા પછી પુનરાવૃત્તિ માનતા નથી તો દ્વારપાળો વૈકુંઠમાંથી મૃત્યુ લોકોમાં આવ્યા તે પુનરાવૃત્તિ નહીં તો શું ?

અધ્યાય સત્તરમાં વર્ણન છે કે જ્યારે દિતિએ જન્મ આપ્યો ત્યારે ગધેડાં ભૂકવા લાગયા, પક્ષીઓ માળા છોડી નાસવા લાગ્યા, લોહીની વૃષ્ટિ થઇ, ભયંકર વાયુ વાવા લાગ્યો, અને મહાન ઉત્પાત થવા લાગ્યો. કશ્યપ મુનિએ પોતાના બંન્ને પુત્રોમાંના એકનું નામ હિરણ્યકશિપુ અને બીજાનું નામ હિરણ્યાક્ષ પાડ્યું. હિરણ્યકશિપુએ ત્રણ લોકનાં લોકપાળોને વશ કરી લીધા અને હિરણ્યાક્ષ ગદા લઇને સ્વર્ગમાં ગયો, ત્યારે દેવગણો નાસવા લાગ્યા. ત્યારે તે વરૂણ લોકમાં ગયો. ત્યાં પણ સર્વ નાસી ગયા. વરૂણે કહ્યું કે ઇશ્વર સિવાય આપની સાથે હાલ કોણ લડે તેમ છે ? અને ઇશ્વર તો હાલ પાતાળમાં છે. વરૂણની આવી વાત સાંભળી તે રસાતળ ગયો ત્યારે વરાહજી કે જેમણે દાંત પર પૃથ્વી લીધેલી હતી તેમને દીઠા ત્યારે તેને તેણે કહ્યું કે,

आहैनमेह्यज्ञ महीं विमुञ्चनो रसौकसां विश्वसृजे यमार्पिता ॥

अः १८ । ३

અર્થાત્--પૃથ્વી છોડીદે, તે બ્રહ્માજીએ મને આપેલી છે. પછી વરાહની સાથે હિરણ્યાક્ષનું યુદ્ધ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા—અમે પૌરાણિકો પાસેથી એમ સાંભળતા હતા કે ધરતીને બગલમાં મારીને રાક્ષસ લઇ ગયા હતા. પરન્તુ તે તો અહિં આવ્યું નહીં. કદાચિત્ વારાહ પુરાણમાં એની વધારે વિગત આપી હશે. અહિં તો બ્રહ્માજીએ મને આપી છે એમ લખ્યું છે. અધ્યાય ૧૯માં હિરણ્યાક્ષને મારવાનું વર્ણન છે. અધ્યાય વીશમા બ્રહ્માએ સૃષ્ટિ રચી તેનું વર્ણન અને,

विससर्जात्मनः कायं नाभिनन्दंस्तमोमयम् ।
जगृहुर्यक्षरक्षांसि रात्रिं क्षुत्तृड् समुद्भवाम् ॥ १६ ॥

અર્થાત્ તમોમય સૃષ્ટિથી અપ્રસન્ન થઇ બ્રહ્માએ પોતાન શરીરનો ત્યાગ કીધો; તે શરીરથી રાત્રિ ઉત્પન્ન થઇ અને તે યક્ષ રાક્ષશોએ ગ્રહણ કીધી. યક્ષ રાક્ષસો બ્રહ્માને ખાવાની સલાહ કરવા લાગ્યા. બીજી અદ્‌ભૂત વાત તો એ છે કે

देवोदेवाञ्जघनतः सृजतिस्मातिलोलुपान् ।
तएनं लोलुपतया मैथुनायाभिपेदिरे ॥ २३ ॥
ततो हसन्क्षभगवान सुरौर्निरपत्रपैः ।
अन्वीयमानस्तरसा क्रुद्धोभीतः परापतत् ॥ २४ ॥

અર્થાત્—બ્રહ્માએ જંઘાથી અસુર બનાવ્યા; તેઓ કામી થયા અને બ્રહ્માની સાથે મૈથુન કરવા દોડયા. નિર્લજ્જ અસુરોની ચેષ્ટા જોઇને બ્રહ્માજીને હસવું આવ્યું અને તે ક્રોધિત થઇને ભગવાન પાસે નાશી ગયા અને ફરિયાદ કીધી કે

पाहिमां परमात्मंस्ते प्रेषणेनाऽसृजं प्रजाः ।
ताइमा यभितुं पापा उपक्रामन्ति मां प्रभो ॥ २६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્–હે પરમાત્મન્! મેં તો આપના કહેવાથી પ્રજા ઉત્પન્ન કરી પરંતુ આ પાપીઓ તો મૈથુનાર્થે મારી પાછળ પડયા છે માટે હે પ્રભુ! રક્ષા કરો.

सोवधार्य्यास्य कार्पण्यं विविक्ताध्यात्मदर्शनः ।
विमुञ्चात्मतनुं घोरामित्युक्तो विमुमोच ह ॥ २८ ॥

અર્થાત-બ્રહ્માજીની આવી દીનતા જોઇ ભગવાન્ બોલ્યા કે "હે બ્રહ્મા! આપનાં આ ઘોર શરીરનો ત્યાગ કરો" ત્યારે બ્રહ્માજીએ શરીર તજી દીધું, ત્યારપછી લટકોમટકો કરતી સુંદર સ્ત્રી ઉત્પન્ન થઇ તે જોઇને દૈત્ય બોલ્યા કે "તું કોણ છે? કયાંથી આવી? તેના જવાબમાં આડી તેડી વાતો કરી અને અસુરોએ સન્ધ્યા નામની સ્ત્રીને ઘેરી લીધી.

સમીક્ષા–સ્ત્રીનું સ્વરૂપ કોણે ધારણ કર્યું? બ્રહ્માજીએ કે ભગવાને પોતે? તે સંબંધનો કાંઇ પણ ખુલાસો નથી. શ્લોક ૨૮માં બ્રહ્માજીએ શરીર તજ્યું તે વર્ણવ્યું અને શ્લોક ૨૯માં સ્ત્રીનું વર્ણન છે જેથી ઉપરોક્ત શંકા થાયછે. બ્રહ્માજીને વારંવાર શરીર ત્યાગવું પડેછે એ પણ કાંઇ અદ્‌ભુત વાત લાગેછે. એક વાર પુત્રી સરસ્વતીના અલંકારમાં મરણનું વર્ણન, બીજું આજ અધ્યાયના વીશમા શ્લોકમાં, અને વળી શ્લોક ૨૮માં પણ તેનું વર્ણન છે પરન્તુ જન્મ કેવી રીતે થયો તેના સંબંધમાં કાંઇ કથન નથી. ચતુર્મુખી બ્રહ્માપર તેમના પોતાના ઉત્પન્ન કરેલા પુત્રો શાથી આસકત થયા? શું બ્રહ્માજી સ્ત્રી સ્વરૂપ હતા? યદિ કહો કે, "હા" તો તત્સંબંધનું વર્ણન આ અધ્યાયના ૨૯ માં શ્લોક શિવાય બીજામાં નથી. પુરૂષરૂપનું વર્ણન તો છે. યદિ કહો કે ના તે સ્ત્રી રૂપ નહોતા તો શું પુરૂષ રૂપપર અસુરો મૈથુનાર્થ આસકત થયા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શું કુદ્રતી નિયમની વિરૂદ્ધ કુરીતિ તે જમાનામાં પણ હતી? નહીં કદાપિ નહીં. લેખકનો શું ઇરાદો હશે તે તે જાણે અને તેના અનુયાયીઓ જાણે પરન્તુ મારા વિચાર પ્રમાણે તો આવા પુસ્તકોને ધર્મ પુસ્તકો માનનારને નીચું જોવરાવવા શિવાય બીજો કાંઇ લેખકનો ઇરાદો નથી. ત્યાર પછી બ્રહ્માજીએ અપ્સરા બનાવી.

विससर्ज तनुं तां वैज्योत्स्नां कान्तिमतीम्प्रियाम् ॥ ३६ ॥

ત્યાર પછી શરીર વળી બ્રહ્માજીએ ત્યજ્યું. પછી નગ્ન રહેવાવાળા ભૂત, પ્રેત અને પિશાચ રચ્યા, નિંદ્રા ઉન્માદ અને આળસ રચ્યા, અને પિતર કે જેમનું શ્રાદ્ધ કરવામાં આવે છે તે રચ્યા; ત્યાર પછી બ્રહ્માજીએ પોતાનું જે સિદ્ધ વિદ્યાધર કિન્નર નામનું તનુ અર્થાત્ અંગ હતું તે મેળવ્યું.

સમીક્ષા:—શું તનુ અર્થાત્ અંગ બ્રહ્માજીનું કપડાના પોશાક જેવું હતું કે તેમણે જ્યારે ફાવ્યું ત્યારે પહેર્યું અને ફાવ્યું ત્યારે ઉતાર્યું? અરે વાહરે વાહ! પ્રાચીન પુરાણો! તમારા તત્વ જ્ઞાનને!

ત્યાર પછી સર્પાદિ રચ્યા અને પછી ઋષિઓ ઉત્પન્ન કર્યા. શ્લોક ૪૮ માં વળી ફરીથી બ્રહ્માજીએ શરીર ત્યાગ કીધું. બ્રહ્માના મુર્દાના બાલોથી સર્પ થયા ત્યારે બ્રહ્માજી પ્રસન્ન થયા અન પછી મનુજી ઉત્પન્ન કર્યા.

પાઠકો! યદિ હું આ પ્રમાણે દરેકે દરેક અધ્યાયનું વર્ણન કરવા બેસું તો સમય પણ ઘણોજ વ્યતિત થશે અને પુસ્તક પણ નાહક વીસ્તીર્ણ થઇ જશે જેથી હવે પછી સંક્ષેપમાં કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ કથાનુંજ વર્ણન કરીશ. આગળ મારે અઢારે પુરાણોની સમીક્ષા કરવાનો વિચાર છે જેથી સંક્ષેપમાં સમીક્ષા કરવી અભિષ્ટ છે.

અધ્યાય ૨૧માં, મનુની પુત્રી દેવહૂતિને કર્દમથી સન્તાન કેમ થયું? ઇત્યાદિ પ્રશ્નો છે. ત્યારપછી કર્દમના તપનું વર્ણન અને ભગવદ્દર્શનની કથામાં ભગવાનની ગરૂડપર સ્વારીનું વર્ણન છે. અધ્યાય ૨૨ શ્લોક ૩૪માં મનુજીએ, કર્દમને, પોતાની કન્યાના તેની સાથે વિવાહ કરવાની પ્રાર્થના કરી છે ત્યારે કર્દમે ઉટપટાંગ જવાબ દીધો છે કે હું અવશ્ય તમારી કન્યાસાથે વિવાહ કરીશ. એક સમયે જ્યારે મનુજીની કન્યા પોતાના મહેલમાં રમતી હતી ત્યારે વિશ્વાવસુ તેના રૂપને જોઇ મોહીત થઇ વિમાનમાંથી પડી ગયો હતો.

સમીક્ષા-ભાગવતકર્તાએ સભ્યતા પણ સારી શીખવી છે કે જેવી આજકાલના ફટાણામાંથી શિખાય છે. ગરૂડ પક્ષિની ઉત્પત્તિ પહેલાંનો ભગવાન કોણ જાણે કીયા ગરૂડપર સ્વાર થઇ ગયા?

અધ્યાય ૨૨ શ્લોક ૨૯-૩૧માં લખ્યું છે કે વરાહ અવતારે જ્યારે પોતાનું શરીર કંપાવ્યું ત્યારે તેના ઉભા થયલા રૂવાંટામાંથી કુશા ઉત્પન્ન થઇ તેથી તે યજ્ઞ રક્ષાર્થે કામમાં આવેછે. શ્લોક ૩૪માં ઉપરોક્ત કથા શ્રવણ કરવાથી કલિયુગમાં ઉદ્ધાર થાયછે એમ કહ્યું છે. અધ્યાય ૨૩માં દેવહુતિએ કર્દમને વિમાનમાં બેસાડી સકળ ભૂલોક દેખાડ્યું અને નળકન્યા ઉત્પન્ન કરી; ત્યારપછી સો વર્ષ સુધી ભોગ ભોગવ્યા પરન્તુ તે તેમને ક્ષણ માત્ર પ્રતીત થયા. અધ્યાય ૨૪ માં કર્દમથી કપિલાવતાર એમ બતાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्यां बहुतिथे काले भगवान्मधुसूदनः ।
कार्दमं वीर्यमापन्नो जज्ञेऽग्निरिव दारुणि ॥ ३ ॥
अवादयंस्तदा व्योम्नि वादित्राणि घना घनाः ।

અર્થાત્-પરમેશ્વર જ્યારે કર્દમના વીર્યમાં વાસ કરી દેવહુતિના ગર્ભમાં આવ્યા ત્યારે આકાશમાં વાજીંત્રનો નાદ થયો અને અપ્સરાઓ ગાવા અને નાચવા લાગી. ઇત્યાદી

સમીક્ષા-ગીતામાં તો કૃષ્ણચંદ્રે કહ્યું છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મની વૃદ્ધિ થાયછે ત્યારે ત્યારે હું અવતાર લઉં છું તો અહિં ધર્માત્મા પ્રજામાં કપિલાવતારની શું આવશ્યકતા! કહે છે કે માતાને ઉપદેશ કરવાને કપિલજી આવ્યા. ત્યારે શું કર્દમજી તેમના કરતાં કમ ઉપદેશક હતા? પછી ગર્ભવતીને બ્રહ્માજી કહે છે કે તારા ગર્ભમાં કૈટભાસુરનો મારનાર ઉત્પન્ન થશે. (જુઓ શ્લોક ૧૮) આની વિરૂદ્ધ દુર્ગાપાઠમાં મધુ કૈટભનો વધ દેવીએ કર્યોછે એમ બતાવ્યું છે. પછી બ્રહ્માની આજ્ઞાથી કર્દમે પોતાની નવ પુત્રીઓ મરિચ્યાદિ સાથે વિધિપૂર્વક પરણાવી. અરે પરમાત્મા! મામાની સાથે ભાણજીઓના વિવાહ જે પુસ્તકમાં વર્ણવેલા તે ભારત વર્ષને માટે ધર્મ પુસ્તક થઇ પડયું, આ તે શું! ભીમસેનાદિ ઘણાંએક પૌરાણિક પંડિતો કહેછે કે માનસી સૃષ્ટિમાં આવા પ્રકારના વિવાહનું પાપ નથી પરંતુ તે દલીલ પણ અત્રે લાગુ પડતી નથી કારણકે આતો માનસી સૃષ્ટિ નથી પરન્તુ મૈથુની છે કારણકે કન્યાઓ મૈથુનથી થઇ છે એવું સ્પષ્ટ વર્ણન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭ શ્લોક ૧૧માં ચોવીસ તત્વો ગણાવ્યાછે પરન્તુ પ્રથમ અધ્યાય ૭ શ્લોક એમાં તો તે ત્રીશ તત્વો બતાવી ગયાછે જેથી પરસ્પર વિરોધ સિદ્ધ થાયછે. અધ્યાય ૨૮માં યોગ માર્ગોપદેશ છે તેમાં પણ શ્લોક ૬ માંતો वैकुण्ठलीलाऽभिध्यानं समाधानं तथात्मनः॥६॥

અર્થાત્-યોગાર્થ એકાન્તવાસમાં રહેવું ઇત્યાદિ બાબતોનું વર્ણન કરતાં કરતાં કહેછે કે સાથે સાથે વૈકુંઠલીલાનું પણ ધ્યાન કરતા રહેવું. તે વાત ઠીક નથી કારણકે પુરાણિકોના મતાનુસાર વૈકુંઠમાં તો મદ, મોહ, મત્સરતા, સ્ત્રી, ગાન વાદ્ય, યુદ્ધ, શાપ, સુવું, જાગવું આદિ સર્વ સાંસારિક ભોગ છે તો તે એકાંતવાસ કહેવાય નહીં.

શ્લોક ૧૪ થી હાર કંકણાદિ ધારી શેષ વિહારી વિષ્ણુનું ધ્યાન પ્રાણાયામથી કરવાનું બતાવ્યું છે તે પણ યોગશાસ્ત્રથી પ્રતિકૂળ છે. અધ્યાય ૩૩ માં લખ્યું છે કે

अहोबतश्वपचोऽतोगरीयान् यज्जिव्हाग्रे वर्त्तते नाम तुभ्यम् ।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति तेये ॥

અર્થાત્-જેની જીહ્વાપર તારૂં (પરમાત્માનું) નામ છે તે ભલેને ચાંડાલ હો પરન્તુ શ્રેષ્ઠ છે; જે આર્યોએ તારૂં નામ લીધું તેણે તપ, હોમ, સ્નાન, વેદપાઠ સર્વ કરી લીધું એમ સમજવું.

સમીક્ષા-હે સનાતન ધર્મીઓ ! ભાગવત તો ચાંડાલોને પણ વેદ પાઠ કરાવી શુદ્ધ આર્ય કરવાની રજા આપે છે તેનું શું ? સત્ય વાત હમેશાં અસત્ય ઘણુંજ હોય તો પણ તેમાં ઝળકી આવ્યા વિના રહેતી નથી તેમજ ભાગવતમાં પણ કાંઇ ઇસારો છે.

इति तृतीयस्कन्धसमीक्षा ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

अथ चतुर्थस्कन्ध समीक्षणम्

(સગા ભાઇના બહેનની સાથે લગ્ન)

" प्रथमग्रासे मक्षिकापातः " કહેવતની માફક સર્વથી પહેલાંજ એક મહા અધર્મની શિક્ષા લખી છે.

(જુઓ અધ્યાય ૧ શ્લોક ૧ થી ૬ સુધી)

मैत्रेय उवाच

मनोस्तु शतरूपायां तिस्रः कन्याश्च जज्ञिरे ।
आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः ॥ १ ॥
आकूतिं रुचये प्रादादपि भ्रातृमतीं नृपः ।
पुत्रिकाधर्ममाश्रित्य शतरूपानुमोदितः ॥ २ ॥
प्रजापतिः स भगवान्रुचिस्तस्यामजीजनत् ।
मिथुनं ब्रह्मवर्चस्वी परमेण समाधिना ॥ ३ ॥
यस्तयोः पुरुषः साक्षाद्विष्णुर्यज्ञस्वरूपधृक् ।
या स्त्री सा दक्षिणा भूतेरंशभूताऽनपायिनी ॥ ४ ॥
आनिन्ये स्वगृहं पुत्र्याः पुत्रं विततरोचिषम् ।
स्वायंभुवो मुदा युक्तो रुचिर्जग्राह दक्षिणाम् ॥ ५ ॥
तां कामयानां भगवानुवाह यजुषां पतिः ।
तुष्टायां तोषमापन्नोऽजनयद्द्वादशात्मजान् ॥ ६ ॥

અર્થાત્-સ્વાયંભૂવ મનુને શતરૂપા નામની સ્ત્રીથી ત્રણ કન્યાઓ થઇ (૧) આકૃતિ (૨) દેવહૂતિ (૩) પ્રસુતિ. આકુતિના લગ્ન રુચિ સાથે કર્યા; તેથી તેને પુત્ર વિષ્ણુ યજ્ઞ સ્વરૂપ અને પુત્રી લક્ષ્મીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશ **દક્ષિણા** નામની થઈ. પુત્ર યજ્ઞને તેના દાદા મનુએ રાખ્યો અને પુત્રી દક્ષિણા તેના પિતા પાસે રહી; ત્યાર પછી સહોદરભાઈ યજ્ઞના વિવાહ પોતાની બ્હેન દક્ષિણા સાથે થયા અને તેથી તેને બાર પુત્ર પેદા થયા.

સમીક્ષા–આના શિવાય બીજું કયું પાપ વધારે છે ? અરે આવું પાપ તો સાધારણ માણસ પણ નથી કરી શકતા તો ચોવીસ અવતારો કે જેના આચરણો પ્રમાણે સાધારણ માણસો વર્તે છે તેમાંનો અવતાર આવા અઘોર પાપમાં કદાપિ પણ પ્રવૃત્તિ કરે ? હાય ! ભારતવર્ષ ! તારી પવિત્ર જગામાં વસતા ઋષિમુનિઓપર આવું કલંક ! અફસોસ !

નરનારાયણ અવતાર.

અ. ૧ શ્લોક ૪૮

દક્ષપ્રજાપતિએ ૧૩ કન્યા ધર્મની સાથે પરણાવી હતી. તેમનાં નામ અને સંતાનો નીચે પ્રમાણે દર્શાવ્યા છે. ૧ શ્રદ્ધાથી શુભ–૨ મૈત્રીથી પ્રસાદ–૩ દયાથી અભય–૪ શાન્તિથી સુખ–૫ તુષ્ટિથી મુદ–૬ પુષ્ટિથી સ્મય–૭ ક્રિયાથી યોગ–૮ ઉન્નતિથી...૯ બુદ્ધિથી અર્થ–૧૦ મેધાથી સ્મૃતિ–૧૧ તિતિક્ષાથી ક્ષેમ–૧૨ હ્રીથી પ્રશ્રય અને ૧૩ મૂર્તિથી નરનારાયણ ઉત્પન્ન થયા.

સમીક્ષા–ઉપરોકત બાર પુત્રોનાં અને પુત્રીઓના નામપર વિચાર કરીયે તો તેઓ શરીર ધારી માલમ નથી પડતાં તો પછી તેરમી પુત્રીથી ઋષિરૂપ નરનારાયણ અવતાર કેવી રીતે થયો ? આ બન્ને અવતારો સ્વાયંભૂવ મનુના સમયમાં સાથે થયા છે એમ સિદ્ધ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે પરન્તુ આગળ શ્લોક ૫૯ માં તો અર્જુન અને શ્રીકૃષ્ણ બતાવ્યા છે. યથા.

तावीमौ वै भगवतो हरेरंशाविहागतौ ।
भारव्याय च भूव: कृष्णौ यदुकुरूद्वहौ ॥ ५९ ॥

આ તો ગત દ્વાપરાન્તમાં થઇ ગયા છે આગળ સ્વાહા નામની સ્રીથી અગ્નિ દેવની સન્તતિનું વર્ણન છે. અગ્નિના સન્તાનનું નામ અગ્નિષ્વાત્ત, બર્હિષદ્, સૌમ્ય અને આજ્યપા પિતર ઇત્યાદી છે.

સમીક્ષા-આજકાલ સનાતની લોક અગ્નિષ્વાત્ત આદિનો અર્થ મરેલા પિતરો કરે છે પરન્તુ ભાગવત તો અગ્નિશ્વાત્તની ઉત્પત્તિ લખે છે.

બીજા અધ્યાયમાં દક્ષપ્રજાપતિના યજ્ઞનું વર્ણન છે. દક્ષપ્રજાપતિ, તેમાં દક્ષનો અર્થ ચતુર અને પ્રજાપતિ, એ શબ્દથીજ તેનું જ્ઞાન તથા માન કેવુ હશે તેનું અનુમાન પાઠકો કરશે તેવા ચતુર પ્રજાપતિએ પોતાના જમાતા શિવની (કે જેને પુરાણિક લોકો ઇશ્વર માને છે) ઘણી નિંદા કરી છે. નમુનાને માટે બે શ્લોકો લખું છું.

प्रेतावासेषु घोरेषु प्रेतैर्भूतगणैर्वृत: ।
अटत्युन्मत्तवन्नग्नो व्युप्तकेशो हसन् रुदन् ॥ १४ ॥
चिताभस्मकृतस्नान: प्रेतस्रङ्न्रस्थिभूषण: ।
शिवापदेशो ह्यशिवो मत्तोमत्तजनप्रिय: ॥ १५ ॥

અર્થાત્-શિવતો પ્રેતોમાં વસે છે અને વખતે હસ્યા કરે છે અને વળી રડયા કરે છે, તે માણસોનાં હાડકાંઓની માળા ધારણ કરે છે માટે તે અશિવ છે. આવો અભિપ્રાય દક્ષપ્રજાપતિ સાહેબનો શિવના વિષયમાં છે. અધ્યાય ૫ શ્લોક ૩ માં શીવની જટામાંથી વીરભદ્રની ઉત્પત્તિ બતાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. મહાશયો ! બાલમાંથી બચ્ચાં તથા યુવાન પુરૂષો ઉત્પન્ન થાય છે એ નવી તત્વ વિદ્યા પર ખ્યાલ કરવાનું તમનેજ સોંપું છું. અધ્યાય ૧૩ માં મૈત્રેયઉવાચ આવ્યું છે; શ્લોક ૨૪ ની આગળ તે એ વાક્ય લખ્યું હતું તો પછી પાછું શ્લોક ૨૮ થી લખવાનું શું પ્રયોજન? ત્યાર પછી લખે છે કે વેનની ઉત્પતિ યજ્ઞથી થઇ. યદિ એમ હતું તો અધર્મી કેમ થયો? અધ્યાય ૧૪મા વેન રાજાના દેહ મંથનથી ભીલનું ઉત્પન્ન થવું, અધ્યાય ૧૫માં પૃથુરાજાની ઉત્પત્તિ અને અર્ચિદેવીના અવતારનું વર્ણન લખ્યું છે. આ જોડીયો અવતાર થયો છે. શ્લોક એમાં લખ્યું છે કે

तद्दृष्ट्वा मिथुनं जातमृषयो ब्रह्मवादिनः ।

શ્લોક છમાં

एष साक्षाद्धरेरंशो जातोलोकारिरक्षया ।
इयं च तत्परा हि श्रीरनुजज्ञेऽनपायिनी ॥ ६ ॥

અર્થાત–આ અવતારની જોડી સાક્ષાત હરિનો અને આ રાણી લક્ષ્મીનો અવતાર છે.

પુરૂષોના દેહથી સંતાન ઉત્પન્ન થયાં તે કુદરતી નિયમથી વિરૂદ્ધ છે; વળી બહેનભાઇમાં સ્ત્રી પુરૂષનો વ્યવહાર થઇ શકે કે નહીં તેપણ પાઠકોના વિચારપર રાખુંછું. આવી રીતે જ્યારે સઘળા અવતારો દોષથી ભરેલાછે તો સનાતનીઓને પોતાનું શિર ઉચું કરવાનો સમયજ આવે તેમ લાગતું નથી. અધ્યાય ૧૯ શ્લોક ૨૪-૨૫ માં પૃથુના અશ્વમેધમાંથી ઇન્દ્રએ ઘોડા ચોરી લઇ જવાને ઘણા ફકીરી બાના બતાવ્યા છે તેનું વર્ણન છે અને અશ્વમેધનું પાખંડી ચિન્હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ૩મ્.

अथ पञ्चम स्कन्ध समीक्षणम्

બ્રહ્માજીને ઇશ્વર બતાવનાર પુરાણિકો યદિ ધ્યાનપૂર્વક, ભાગવત સ્કન્ધ ૫. અ. ૧ શ્લોક ૧૪–૧૫ ને વાંચે તો તેમને જ્ઞાન થશે કે બ્રહ્માદિ પણ કર્મબન્ધનથી સુખ દુઃખ ભોગવે છે. તેમાં પ્રિયવ્રતને બ્રહ્મા પોતે કહે છે કે હે પુત્ર! વેદવાણીરૂપી દોરી વતી અતિ દુસ્તર ગુણકર્મોથી બંધાયલો હું, જેવી રીતે નાથેલા ચાર પગ વાળા બળદો મનુષ્યોનું કાર્ય કરે છે તેવી રીતે કાર્ય કરી સર્વ ઇશ્વરાર્થે ભેટ કરૂં છું. ॥ ૧૪ ॥

હે અંગ! કર્માનુસાર ઇશ્વર તરફથી આપવામાં આવેલું સુખદુઃખ હું ભોગવું છું. હું દેખતાની પાછળ આંધળો જેમ જાય છે તેમ દરેક યોનિયોમાં ઇશ્વરાધીન જાઉં છું. તેની મરજી પડે તો મને સૂર્યની ગરમીમાં ઉભો કરે અને ચાહે તો ઠંડીમાં ઉભો રાખે. ॥ ૧૫ ॥.

દંડક ૧૯ માં લખ્યું છે કે પ્રિયવ્રતનો પુત્ર પરમહંસ થઇ ગયો; તેણે અગિયાર અરબ વર્ષો રાજ્ય કર્યું ઇત્યાદિ. જ્યારે ચાર અરબ વર્ષ સુધી સૃષ્ટિ રહે છે અને તેમાં ચૌદ મનુ થાય છે ત્યારે સ્વાયંભૂવના પુત્ર પ્રિયવ્રતનું રાજ્ય અગિયાર અરબ વર્ષ સુધી ક્યાં અને કેવી રીતે રહ્યું હતું? આ ચોખી ગપ નહીં તો બીજું શું? પુરાણનો આશરો લઇને ચાલીયે તો પણ લક્ષ વર્ષથી અધિક કોઇની આયુષ્ય કોઇ પણ યુગમાં થતી નથી તો પ્રિયવ્રતનું અગિયાર અરબ વર્ષ સુધી રાજ્ય કરવું કેમ સંભવે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ: ૧: ૬: ૩૧ માં લખ્યું છે યથા—

येवा उ इतद्रथचरणनेमिकृत परिखाता स्तेसप्त
सिन्धव आसन्थत एव कृताः सप्त भूवोद्वीपाः

રાજા પ્રિયવ્રતે વિચાર્યું કે સૂર્ય રાત્રિએ રહેતો નથી માટે તે સમયમાં હું મારો પ્રકાશ કરીશ. સૂર્યના રથની સમાન પોતાનો રથ બનાવી તેમાં બેસી સાત પરિક્રમા કરી. ॥ ૩૦ ॥ હાલ જે સમુદ્રો છે તે તેના રથના પાયાની ચીલા છે. તેના સાત પાયાથી સાત દ્વીપો બન્યા છે.

સમીક્ષા—ઉપરોક્ત કથન વેદથી તદ્દન વિરૂદ્ધ છે કારણકે.

सूर्या चन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत् यजुः १०।१६०।३
ततः समुद्रो अर्णवः समुद्रादर्णवादधि संवत्सरो अजायत ॥
समुद्रं वः प्रहिणोमि स्वां योनिमभिगच्छत ॥

ઇત્યાદિ વેદના પ્રમાણોથી સમુદ્ર સનાતન સિદ્ધ થાય છે. ભાગવતમાં વિષ્ણુનું શયન ક્ષીરસાગરમાં અને બ્રહ્માની ઉત્પત્તિ જળથી બતાવી છે તો પછી અત્ર પ્રિયવ્રતના રથના સાત પાયાથી સમુદ્રની ઉત્પત્તિ બતાવવી એ તદ્દન હસવા જેવું છે. ભાષા ટીકાકારોએ પણ શંકા કરી છે કે જ્યારે રાજાનો રથ આકાશમાં ફરતો હતો ત્યારે પૃથ્વીપર સમુદ્ર ક્યાંથી થયો? વળી શંકા બીજી ઉત્પન્ન થાય છે કે જ્યારે રથના પાયાની લંબાઇ પહોળાઇ એક સરખી હતી તો પછી પૃથ્વી પર સમુદ્રો નાના મ્હોટા કેમ? આનો ઉત્તર સ્વયં દે છે કે રથના સારથિને ઉતારીને ભગવાન પોતે સારથી બનતા હતા અને રથને જોઇએ તેટલો લાંબો પહોળો કરતા હતા. આ વાત કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પિત છે. મૂળ પાઠમાં કાંઇ નથી. મને એ પ્રશ્ન કરવો પડે છે કે જ્યારે આટલો મોટો રથ ચાલતો હતો ત્યારે ઘોડાઓ પગ ક્યાં મુકતા હતા? તથા ધરા પૃથ્વીથી તે રથ કેટલો ઉંચો ચાલતો હતો અને તેને કયે સ્થળે બનાવવામાં આવ્યો હતો? (ભાષા ટીકાકારો તો લખે છે કે બ્રહ્માએ જ્યારે સ્વાયંભૂવ મનુ પાસે સૃષ્ટિ રચાવી ત્યારે તેણે સાત સમુદ્ર અને નવ દ્વીપ બનાવ્યા નહોતા.) તેમણે એ ન બતાવ્યું કે રથના બીજા પાયાઓ ક્યાં રહ્યા હતા! શું તે રથ બાઇસીકલ સમાન તો નહોતો? યદિ તેમ હોય તો પણ કાર્ય સિદ્ધ થાય તેમ નથી. સાત સમુદ્રો તેવી રીતે બન્યા તો બન્યા પરન્તુ તેમાં એક ખારા જળનો, બીજો શેરડીના રસનો, ત્રીજો મદિરાનો, ચોથો ઘૃતનો, પાંચમો ક્ષીર અર્થાત્ દુધનો, છઠો મઠાનો અને સાતમો શુદ્ધ જળનો સમુદ્ર બતાવ્યો. યદિ શેરડીના રસનો સમુદ્ર છે તો જ્યારે રથના પાયા વતી શેરડી પીલાઇ હશે ત્યારે તેનો રસ નીકળ્યો હશે ને? રસ ભરાઇ ગયો અને તેના છોડાનું શું થયું? શેરડીના રસનો સમુદ્ર પૌરાણિક ભાઇઓને મીઠાઇ બનાવી તેનો વ્યાપાર કરી ભારતવર્ષને તવંગર બનાવવાને ઠીક કામમાં આવતો હશે પરન્તુ ભારતવર્ષના કમ નશીબે તે સમુદ્ર હાલ સુધી રહ્યો નહીં કારણ કે તે રસ સડીને સરકો થઇ ગયો હશે. અહો! પુરાણિક ગપ! આ સમુદ્રો કોણે ભર્યા તે સંબંધમાં કાંઇ જણાવ્યુંજ નથી. ભૂગોળવિદ્યાવિદ્ મંડળીએ સર્વે સમુદ્રોને ક્ષાર બતાવ્યા છે, જ્યોતિષના ગ્રન્થોમાં પણ સમુદ્રનું તેમજ વર્ણન છે તો પુરાણવાળાઓએ કોણ જાણે ક્યાંથી શેરડીના રસ મદિરા ઘૃત ઇત્યાદિના સમુદ્રો ગોઠવી નાંખ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય બેમાં વર્ણવ્યું છે કે પ્રિયવ્રતના પુત્ર આગ્નીધ્રે બ્રહ્માની પૂજા પ્રર્વતમાં આરંભ કરી અને બ્રહ્માએ પૂર્વચિતી અપ્સરા મોકલી. સમીક્ષા-બ્રહ્મા પણ ભલા માણસ જણાય છે કે જ્યારે ભક્ત ઇશ્વરમાં તલ્લીન થવા ભકિત કરે ત્યારે બ્રહ્માજી અપ્સરા મોકલી તે માર્ગથી પાછા ફેરવે. આગળ બતાવે છે કે તે અપ્સરા સાથે "अयुतायुत परिवत्सरोपलक्षणम्" ૧૬* (દશ હજારને અયૂત કહે છે અને અહિં તો અયૂતાયૂત બતાવ્યું છે અર્થાત દશ લાખ વર્ષ, પરન્તુ ટીકાએ તો દશ હજારજ અર્થ કર્યો છે.) સંયોગ કર્યો અને નવ પુત્રો ઉત્પન્ન કર્યા.

આગળ વીસમા દંડકમાં વર્ણવ્યું છે કે "साऽनुवत्सरं सुतान्नवानुवत्सरं गृहएवाऽपहाय" અર્થાત તે અપ્સરા પ્રતિ વર્ષ એક એક પુત્ર ઉત્પન્ન કરતી એવા નવ પુત્ર ઉત્પન્ન કરી ચાલી ગઇ. આથી ગણિતશાસ્ત્રીઓ પણ ચક્કર ખાતા હશે કારણ કે જ્યારે એક એક વર્ષ તે અપ્સરાને એક એક પુત્ર ઉત્પન્ન થતો તો શું નવ વર્ષ સુધી પુત્રોત્પત્તિ થઇ અને પાછળથી વૃથા સંયોગ રહ્યો ? એ તો મહાશયો ! ભાગવતના ગણિતની બલિહારી છે.

અધ્યાય ૩માં નાભિરાજાના પુત્ર ઋષભદેવની ઉત્પત્તિ વર્ણવી છે અને તેને ૨૪ અવતારમાંનો એક વર્ણવ્યો છે. પરંતુ ભાષાટીકામાંતો આ અવતારને જૈનમત પ્રવર્તક બતાવ્યો છે. આથી

---

*ભાષાટીકાકારે દ્વિતીયાધ્યાયમાં છઠા દંડકના અર્થપર અંક નથી કર્યો અને વીસમામાં બે કરી દીધા છે જેથી એક દંડક આગળ પાછળ થઇ ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સિદ્ધ થાય છે કે જૈન મત પણ પુરાણોની શાખા છે અને તેમ હોય તો પુરાણો પણ વેદ વિરોધી વિના મુશ્કેલીએ થઇ ચુકયા કારણ કે જૈન મતવાળાઓ તો વેદ અને ઇશ્વરને માનતાજ નથી. મને સમજાતું નથી કે ભાગવત કર્તા કયા મત પ્રવર્તક હતા !

અધ્યાય ૧૬ શ્લોક ૫.

योवाहयं जम्बुद्वीपः कुवलय कमलकोशाभ्यन्तर कोशो ।
नियुत योजनविशालः संमवर्तुलो यथा पुष्कर पत्रम् ॥

કમળપત્ર સરીખા જમ્બુદ્વીપનું એક લાખ યોજન વર્તુળ છે. પૂર્વ અધ્યાયોમાં (અ. ૨૦ માં એક સમુદ્રથી બીજો સમુદ્ર દ્વિગુણો છે એમ લખ્યું છે) કહી ચુકયા છે કે એક સમુદ્રથી બીજો સમુદ્ર બમણો તદનુસાર તેનો વચલો ભાગ પણ બમણોજ હશે અને તે હિસાબથી ૧,૨,૪,૮,૧૬,૩૨,૬૪ લાખ યોજનના સાતે દ્વિપો થયા અને યદિ પાંચ મૈલના એક યોજન પ્રમાણે તે સર્વના મૈલ કરીએ તો છશોને પાંત્રીસ લાખ મૈલ થાય તેમાં સમુદ્રોની યોજન સંખ્યા મેળવ્યા પહેલાં એ નિશ્ચય કરવો જોઇએ કે ક્ષાર સમુદ્ર ૧૦૦ યોજન વિસ્તીર્ણ બતાવ્યો છે તો બીજો સમુદ્ર ૨૦૦ યોજન થાય અને તે ચારે બાજુએ તેજ પ્રમાણે હશે અને તેજ પ્રમાણે પૃથ્વી પણ ઘેરાતી હશે અને તેજ પ્રમાણે ત્રીજા ચોથાનું સમજવું. હમારા દ્વિગુણા હિસાબથી કરોડો માઇલ થાય છે તો તેમના હિસાબથી વિશેષ થાય એમ સંભવે છે. ભાગવતના માનનારનું આ સંબંધમાં શું કહેવું છે તે હજુ સુધી જણાયું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાન્ત શિરોમણિના ગણિતાધ્યાયમાં લખ્યું છે કે

प्रोक्तो योजनसंख्यया कु परिधिः सप्ताङ्गनन्दाब्धयः ।
तद्व्यासः कु भूजङ्ग सायकभुवोऽथ प्रोच्यते योजनैः ॥

અર્થાત્—પૃથ્વીની પરિધિ ૪૯૬૭ યોજન છે. યદિ ૫ $\frac{૧}{૨૩૦}$ મૈલનું એક યોજન ગણીયે તો ૨૪૮૫૬ મૈલ થાય છે તથા વ્યાસે ૭૫૮૧ યોજન બતાવ્યો છે. અને આજ પ્રમાણે પરિધિ તથા વ્યાસ યૂરોપના વિજ્ઞાનવેત્તાઓએ માન્યા છે. આપરથી ઘણી સહેલાઇથી સિદ્ધ થાય છે કે માત્ર હુંજ પુરાણોનું ખંડન નથી કરતો પરંતુ સિદ્ધાન્ત શિરોમણીના કર્ત્તા ભાસ્કરાચાર્ય પણ ખંડન કરે છે. અને તે નીચે પ્રમાણે છેઃ-

कोटि घ्नैर्नखनन्द षट्कनख भू भू भृद्भुजंगेंदुभिर्ज्योतिः शास्त्रविदो
वदन्तिनभसः कक्षामिमां योजनैः ॥
तद् ब्रह्माण्ड कटाह संपुट तटे केचिज्जगुर्वेष्टनं केचित् प्रोचुरदृश्य
दृश्यक गिरिं पौराणिकाः सूरयः ॥

અર્થ–૧૮૭૧૨૦૬૯૨૦૦૦૦૦૦૦૦ યોજનને જ્યોતિર્વિદો આખી સૃષ્ટિનો એક નાનો ભાગ માને છે. ઘણાએક એને પૃથ્વીની પરિધિનું માન સમજે છે. અને પૌરાણિક વિદ્વાન્ માત્ર એને એક અલૌકિક પર્વતની ઉંચાઈ સમજે છે.

આ પરથી સિદ્ધ થાય છે કે પૌરાણિક ભૂગોલનું માન પૂર્વાચાર્યોને પણ નહોતું. પૃથ્વીને કમલના પાત્રા પ્રમાણે ચપટી અને સુમેરૂ પર્વતને શિખર આગળ ૩૨ હજાર યોજન પોહોળો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તળેટીમાં ૧૬ હજાર યોજન પોહોળો તથા ઉંચાઈ એક લાખ યોજનની બતાવી છે, એ કેવું હાસ્યાસ્પદ છે! પૃથ્વી તલપર કોઇ પણ પર્વત એવો નથી કે જે ઉપર પોહોળો અને નીચે સાંકડો હોય, અને એક લાખ યોજન ઉંચો હોઇ જડ આટલી પાતલી હોય! એવો પર્વત તો તરત ટુટી પડે. તેમજ પૃથ્વીને ચપટી માનવાનું ખંડન પણ સિ૦ શિ૦ માં કર્યું છેઃ—

यदि समा मुकुरोदरा सन्निभ भगवती धरणी तिरणिः क्षितेः
उपरिदूरगतो ऽपि परिभ्रमन् किमुनरै रमरैरिव नेक्ष्यते ॥ १ ॥

અર્થ–યદિ પૃથિવી ચપટી હોય તો પૃથ્વી ઉપરથી ગયલો સૂર્ય સાંયકાળ પછી પણ મનુષ્યોને કેમ દેખાતો નથી?

વળી પૃથિવીને ચપટી માનવામાં પુરાણિકોને સાત સમુદ્રો ને સાત દ્વીપ છે એ સિદ્ધ કરવામાં મુસ્કેલી નડશે કારણ કે સાત વિભાગને માટે આઠ લાઇન દોરાય છે!

આગળ પૃથ્વી ફરે છે કે નહીં તે વિષયમાં વેદમાં શું કહ્યું છે અને પ્રાચીન જ્યોતિષ આચાર્યો શું કહે છે તે વર્ણવીશું અને તેથી પાઠકોની ધ્યાનમાં આવશે કે પુરાણો વેદથી કેટલાં પ્રતિકૂળ છે. ભૂમિ પોતાની કક્ષામાં સ્થિત થઇને સૂર્યની પરિક્રમા કરે છે તે વિષયમાં વેદનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

या गौर्वर्त्तनिं पर्येति निष्कृतं पयो दुहाना व्रतनीरवारवः ।
सा प्रब्रुवाणा वरुणाय दाशुषे देवेभ्यो दाशद्धविषा विवस्वते ॥
ऋ० १० । ६५ । ६ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ-(या गौः *) જે પૃથ્વી (अवारतः) નિરન્તર અર્થાત સદા (पयो दुहाना) અન્નરસ ફલ ફુલ આદિ પદાર્થો, પ્રાણિયોને પુરૂ કરતી તથા (व्रतनीः) પોતાના નિયમનું પાલન કરતી (प्रचुवाणा) પરમેશ્વરની મહિમાનો ઉપદેશ કરતી (दांशुषे वरुणाय) ઉદાર અને શ્રેષ્ટ જનોને (देवेभ्यः) અને વિદ્વાનોને (हविषादाशत्) અનેક સુખ આપતી (वर्त्तनिम्) પોતાની કક્ષારૂપ માર્ગમાં (विवस्वते) સૂર્યની (पर्येति) ચારે બાજુએ ફરે છે.

પૃથિવી કેવળ સૂર્યની ચારે બાજુએ ફરે છે એટલુંજ નહીં પરન્તુ જેવી રીતે ગાડીના પૈડાં પોતાની ધુરી પર ફરે છે અને સાથે સાથે સડકપર પણ ચાલે છે તેવી રીતે તે પણ સાથે સાથે પોતાની ધુરીપર ફરે છે. તેનું પ્રમાણ

आयंगौः पृश्निरक्र मीदसदन्मा तरंपुरः । पितरंच प्रयन्त्स्वः ॥

(ઋગ્વેદ. આ૦ ૮ વ: ૪૭ અને યજુ: અ: ૩. મં. ૬)

અર્થ (अयम्) આ (गौः) પૃથિવી લોક (मातरम्) જળને પ્રાપ્ત કરી અર્થાત્ *જળ સહીત (पृश्निः) અન્તરિક્ષમાં (आक्रमीत्) આક્રમણ કરે છે અર્થાત્ પોતાની ધુરીપર ફરે છે (च) અને (पितरम्)*સૂર્યની પણ (पुरःप्रयन्) ચારે બાજુએ ફરે છે.

---

* નિઘંટુ-અ. ૧ ૧ માં પૃથિવીનું નામ " ગૌ " છે જેનો અર્થ " गच्छतीति गौः " છે એટલે જે ચાલે છે તે. આપરથી પણ સિદ્ધ થાય છે કે ઋષિલોકો ભૂમિ ફરે છે એમ માનતા.

---

* અહિં જળને અલંકાર રૂપમાં પૃથિવી માતા કહી છે કારણ કે તૈત્તિઃ ઉપનિષદમાં વર્ણવ્યા પ્રમાણે જળથી પૃથિવી ઉત્પન્ન છે જેમકે (" अद्भ्यः पृथिवी ")

---

* અહિં સૂર્યને અલંકાર રૂપથી પૃથિવીનો પિતા કહ્યો છે કારણ કે સૂર્યથી પૃથિવીની સ્થિતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિષયમાં ઘણાક મનુષ્યો શંકા કરે છે કે યદિ પૃથિવી ફરે છે તો તે તેમને ચાલતી કેમ માલમ પડતી નથી? તેનો ઉત્તર સિદ્ધાન્ત શિરોમણિમાં આપ્યો છે કે:—

कुलाल चक्रममिवाभगत्या यान्तो न कीटा इव भान्ति यान्तः ॥

અર્થ-કુંભારનો ચાક ફરે છે પરન્તુ તેનાપર બેઠેલા કીડા તેની ગતિને નથી જાણતા તેવીજ રીતે મનુષ્યોને પૃથિવી ચાલતી પ્રતીત થતી નથી. આર્યભટ્ટ કહે છે કે:—

अनुलोमगतिर्नौस्थः पश्यत्यचलं विलोमगं यद्वत् ।
अचलानि भाति तद्वत् समपश्चिमगानि लङ्कायामिति ॥

અર્થ-જેવી રીતે વહાણમાં બેઠેલાં માણસોને કિનારાપરની વસ્તુઓ બીજી બાજુએ અર્થાત્ જે બાજુએ વહાણ ચાલતું હોય તેની પ્રતિકુળ બાજુએ ચાલતી દેખાય છે તેજ પ્રમાણે મનુષ્યોને સૂર્યાદિ નક્ષત્રો જે સ્થિર છે તે પશ્ચિમ દિશામાં ચાલતા દેખાય છે અને પૃથિવી સ્થિર દેખાય છે પરંતુ વાસ્તવિક રીતે તો પૃથિવીજ ચાલે છે.

આથી સ્પષ્ટ સિદ્ધ થશે કે પુરાણીક ખગોળવિદ્યા વેદ અને પ્રાચીન ઋષિમુનિઓની વિદ્યાથી કેટલી પ્રતિકુળ છે?

દંડક ૧૨ માં ચાર વૃક્ષોનું વર્ણન છે. તેમને અગિયાર હજાર યોજન ઉંચા વર્ણવેલા છે. આંબા જાંબુ કદમ્બ અને વડના ફળો આઠસો એકસઠ હાથ લાંબા વાયુપુરાણમાં વર્ણવેલા છે. તે ફળો કુંડામાં પડે છે. તે ચાર ઝાડની ચારે નદીઓ ચારે દિશાઓમાં વહે છે. ભારત વર્ષની બાજુમાં જમ્બુ નદી વહે છે એમ બતાવ્યું છે. યથા. ૬, ૧૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवं जम्बूफला नामऽत्युच्च निपातविशीर्णा नामनस्थि प्रायाणा०

ઠળીઆ વિનાના જાંબુ હાથી જેવડા મોટા પડે છે અને તેના રસની નદી ૪૦ કોસ સુધી સુગંધી આપતી વહે છે. કેરીના રસ વિ. નદીની તો ખબર ન હોય પરંતુ ભરતખંડમાં વહેતા જાંબુની નદી તો આપણે જોવી જોઇએ !

આનાપર ભાષાટીકાકાર પં. જ્વાલાપ્રસાદ મિશ્ર ભારતધર્મ મહામંડલના મહોપદેશકના મનમાં પણ શંકા થઇ છે. સમાધાન બતાવ્યું છે કે જ્યારે સર્વ વર્ણાશ્રમ ધર્મ લુપ્ત થઈ ગયા ત્યારે ભગવાન પણ ડરી ગયા કે આ દુષ્ટ લોકો આ સ્થાનને ભ્રષ્ટ કરશે જેથી તે સ્થાનને છુપાવી દીધું અને તેનો પ્રભાવ હરી લીધો.

સમીક્ષા-મહાશયો ? ભાષાટીકાકારો કેવો તત્વજ્ઞાની ઉત્તર આપે છે તેનો નમુનો જુઓ.

આગળ ઇં. ૨૮ માં લખ્યું છે કે સુમેરૂ પર્વતના ઉપર દશ હજાર યોજન લાંબી, ચાર હજાર યોજન પહોળી બ્રહ્માએ બનાવેલી સુવર્ણપૂરી છે.

આગળ અધ્યાય ૧૭. ઇં. ૧ માં લખ્યું છે કે

तत्र भगवतः साक्षाद् यज्ञलिङ्गस्य विष्णोर्विक्रमतो वामपादाङ्गुष्ट नखनिर्भिन्नो र्ध्वाण्ड कटाह विवरेणान्तः प्रविष्टा या बाह्यजल-धारा तच्चरणपङ्कजा वनेजनारुणकि जल्कोपरञ्जिता खिल जगद् घमला पहोप स्पर्शनोऽमलां साक्षाद् भगवत्पदीत्यनुपलक्षित वचोऽभिधीयमानाऽति महता कालेन युगसहस्रोपलक्षणेन दिवो मूर्द्धन्यवतार ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ—જ્યારે વામન અવતાર બલિના યજ્ઞમાં પૃથિવી માપતા હતા ત્યારે તેમનો ડાબા પગનો અંગુઠો બ્રહ્માંડ ફોડીને બહાર નીકળી ગયો તેથી જળ ધારા થઇ અને તે જળધારા તેમના ચરણ-કમળને લાગેલા કેશરથી લાલ થઇ અને હજાર યુગ વ્યતીત થયા પછી નીચે પડી. તે જળધારા તે ગંગા છે.

સમીક્ષા—(૧)

બ્રાંહ્મડના ફુટવાથી પાણી નીકળવું એ કેવી અસંભવીત વાત છે? ત્યારે શું બ્રહ્માંડની બહાર પાણી છે? ભાગવત કર્તા મને લાગે છે કે એમ માને છે કે બ્રહ્માંડ પૃથિવી સૂર્યાદિની ચારે બાજુ ઇંડા સમાન છે અને તે પાણીથી ભરપુર છે.

૨. તે ધારા કેશરથી લાલ થઇને હજાર યુગમાં નીચે ઉતરી ત્યારે ગંગાનું પાણી હાલ લાલ કેમ દેખાતું નથી?

૩. હજાર યુગ એક મન્વન્તરમાં પણ થતા નથી. એકતીસ ચતુર્યુગનું એક મન્વન્તર થાય છે તો એક મન્વન્તરના ૨૮૪ યુગ થયા.

૪. યદિ એક હજાર યુગમાં પાણીની ગતિ નીચે થઇ અર્થાત્ તેટલા સમયમાં પાણી નીચે પડયું તો તે પાણી કેટલે દુરથી પડતું હશે તેનો ખ્યાલ પાઠકોથી થાય તો તેઓ કરે. નહી તો ભાગવત કર્તાની પાસેજ તેની ફીલસુફી રહેવા દઇ વૈદિક સિદ્ધાંતનું અવલોકન કરે.

આગળ.

इलावृतेतु भगवान् भव एक एव पुमान् नह्यत्राऽपरो निविशति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ-ઇલાવૃત ખંડમાં તો પુરૂષમાં કેવળ શીવજી છે બાકી સર્વ સ્ત્રીઓ છે.

સમીક્ષા-યદિ એમ છે તો ત્યાં સૃષ્ટિનો વ્યવહાર કેમ ચાલે છે અર્થાત્ સ્ત્રીયોને ઉત્પન્ન કોણ કરે છે?

भवानीनाथैः स्त्रीगणार्बुद सहस्त्रैरवरूध्यमानो ।

અર્થ-ત્યાં હજાર અરબ સ્ત્રીયો રહે છે.

સમીક્ષા-અહિં નાથ શબ્દ બહુ વચનમાં છે જેથી સિદ્ધ થાય છે કે ત્યાં શીવજી જેવા અન્ય પુરૂષો વિદ્યમાન છે.

અધ્યાય ૧૮-૧૯ માં લખ્યું છે કે પ્રત્યેક ખંડમાં એક એક અવતારની એક એક ભક્ત સ્તુતિ કરે છે. યદિ એમ છે તે ઇલાવૃત ખંડમાં જ્યારે અન્ય પુરૂષ નથી તો શીવજીના અવતારની સ્તુતિ કોણ કરે છે? મને લાગેછે ભકતાણી સ્તુતિ કરતી હશે. તેમ સમય પણ લખ્યો નથી કે કયાં સુધી એકભકત એક અવતારની સ્તુતિ કરે છે! ભારત વર્ષમાં નરનારાયણ તપ કરે છે અને નારદજી સ્તુતિ કરે છે.

यावन्मानसोत्तरमेर्वोरन्तरं तावती भूमिः
काञ्चन्यन्याऽऽदर्शतलोपमा यस्यां प्रहितः ।
पदार्थो न कथंचित् पुनः प्रत्युपलभ्यते
तस्मात्सर्वसत्व परिहृतासीत् ॥ ३५ ॥

ભાષાટીકાકાર કહે છે કે માનસોત્તર અને સુવર્ણ પર્વતની વચ્ચે જેટલી ભૂમિ છે તેટલીજ સ્વાદિષ્ટ જલસાગરની આગળ એક કરોડ સાડી સત્તાવન લાખ યોજનની અન્ય ભૂમિ છે. અને તેમાં પ્રાણી રહે છે. તેના આગળ વળી સુવર્ણમય ભૂમિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ છઠા દ્વીપનું વર્ણન છે કારણ કે માનસોત્તર દહીં સમુદ્રની પછી છે. પુષ્કર દ્વીપને છઠ્ઠો લખ્યો છે કારણ કે તેના પછી બીજા એક સમુદ્રનું અર્થાત્ સાતમાં સમુદ્રનું વર્ણન છે. હવે જ્યારે દહીના સમુદ્રને છઠ્ઠો માન્યો છે ત્યારે તેની પછીનો માનસોત્તર અર્થાત્ પુષ્કર સમુદ્ર સાતમો કહેવાય તેને બદલે બન્નેને છઠ્ઠા માનવા તે કેવળ હાસ્યજનક છે. આ માનસોત્તર અને સુમેરૂની વચ્ચેના ભૂભાંગનું વર્ણન છે અને તે ભાગને સ્વાદિષ્ટ સમુદ્રના શુદ્ધ જલથી ઘેરાયલો ઉક્ત દંડકોમાં બતાવ્યો છે. અને વળી ૬: ૩૪ માં.

તતઃ પરસ્તાત્ લોકાલોક નામાચલો૦

આ શ્લોકમાં, ઉક્ત દ્વીપ ઉપર લોકાલોક નામનો પર્વત છે એવું વર્ણવ્યું છે.

યદિ એમ હોય તો તે પર્વત સર્વની ચારે બાજુએ હોવાથી કરોડો માઇલ લાંબો હોવો જોઇએ અને તેમ હોવું સર્વથા જૂઠું છે.

ભાષા ટીકાકારે “ आदर्शतलोपम ” નો અર્થ નહીં કરવામાં ચતુરાઇ વાપરી છે કારણકે આધુનિક સમયમાં ભૂમિને સર્વ લોકો ઇંડાકાર માને છે અને હમે પૂર્વે દર્શાવ્યું તે પ્રમાણે ભાસ્કરાચાર્યે પણ દર્પણાકાર પૃથિવીનું ખંડન કર્યું છે. સુવર્ણમય ભૂમિને આઠ કરોડ અને ઓગણચાળીસ યોજન અને કાચ સમાન વર્ણવી છે અને શિવતન્ત્રનું પ્રમાણ આપ્યું છે કે પૃથિવીનું પરિમાણ ૨,૫૩,૫૦,૦૦૦ નું છે. હમે પૃથિવીની પરિધિનું પરિમાણ પાછળ દર્શાવ્યું તે પ્રમાણે ૪૯૬૭ યોજન છે. બન્નેમાંથી સત્ય વાત શું છે તે પાઠકો પોતાની બુદ્ધિથી જાણી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સાતમા દ્વિપની આગળ અર્થાત્ શુદ્ધ સ્વાદિષ્ટ સમુદ્રની આગળ કરોડો યોજન ભૂમિ બતાવે છે અને આગળ બતાવી ગયા કે તેની આગળ લોકાલોક પર્વત છે તેમાં પરસ્પર વિરોધ છે તે તદન સ્પષ્ટ છે.

एतावांल्लोकविन्यासो मानलक्षण
संस्थाभिर्विचिन्तितः कविभिः ।
सतु पञ्चाशत्कोटि गणितस्य भूगोलस्य
तुरीय भागो ऽ यं लोकालोकाचलः

દ૦ ૩૮ અ૦ ૨૦ ॥

ભાવાર્થ—સમસ્ત પૃથ્વી પચાસ ક્રોડ યોજન છે અને તેના ચોથા ભાગમાં લોકાલોક પર્વત છે. હવે ઉપરોકત વચનમાં બતાવેલી પચાસ ક્રોડની સંખ્યાનો હિસાબ આગળ બતાવેલી સંખ્યા સાથે મેળવીએ. દંડક ૩૫ માં બતાવ્યા પ્રમાણે સ્વાદુ સમુદ્રની બહારનો વિસ્તાર ૧,૫૭,૫૦,૦૦૦ યોજનનો વિસ્તાર અને તેટલી સુમેરૂ અને પુષ્કર ભૂમિની વચ્ચેનો વિસ્તાર મેળવવાથી ૩,૧૫,૦૦,૦૦૦ યોજન થાય છે અને શિવતન્ત્રોકત ૮,૩૯,૦૦,૦૦૦ યોજન તેમાં મેળવીએ. તો ૧૧,૫૪,૦૦,૦૦૦ યોજન થાય છે પરન્તુ પચાસ કરોડનો મેળ મળતો નથી. ચાલો તેનું મેળ મેળવવાનું કામ હાલ તુરત ભાગવતને માનવાવાળાઓ પર રાખી તેના બીજા ભાગપર દ્રષ્ટિ ફેરવીએ.

अण्डमध्यगतः सूर्य्यो द्यावा भूम्योर्यदन्तरम् ।
सूर्याण्डगोलयोर्मध्ये कोटयः स्युः पञ्चविंशतिः

અ: ૨૦ શ્લોક ૪૩ શ્રીધરી ટીકા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अण

पूर्वो

અર્થાત્
યોજનનો છે.
પણ તેની ભૂ

આગળ
૯૫૧,૦૦૦૦
સાબીત કરે

અધ્યા
કળ દ્વિદલ અ
રીતે બંને ઠ
છે. અને તે

સમીક્ષ
ખગોળ બરા
પૃથિવીનાથી
ભૂગોળ અને

૬૦ ઉ
भीर्गतिमिरा
शशिष्वहो रा

यदा

અર્થાત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાદિષ્ટ સમુદ્રની
આગળ બતાવી
રસ્પર વિરોધ છે

॥
છે અને તેના
વચનમાં બતા-
ાવેલી સંખ્યા
સ્વાદુ સમુદ્રની
અને તેટલી
૩,૧૫,૦૦,૦૦૦
યોજન તેમાં
પરન્તુ પચાસ
તું કામ હાલ
ીજા ભાગપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अण्डमध्यगतः किन्तन्मध्यं तदाह द्यावा भूम्योः
पूर्वोत्तर कपालयोर्यदन्तरं मध्यस्थानं सर्वतः
पञ्चविंशतिकोटयः ४३

અર્થાત્ પૃથિવી અને સૂર્યમંડલની વચ્ચેનો અંતર ૨૫ કોટી યોજનનો છે. અત્ર સૂર્યશબ્દનો અર્થ ટીકાકારે ધુલોક કર્યો છે તે પણ તેની ભૂલ છે.

આગળ અ. ૨૧. ૬ં. ૭ માં સૂર્યમાનસોત્તર ભૂમિનો અંતર ૯૫૧,૦૦૦૦૦ યોજનનો બતાવ્યો છે તે સ્પષ્ટ પરસ્પરનો વિરોધ સાબીત કરે છે.

અધ્યાય ૨૧. ૬ં. ૨ માં વર્ણવ્યું છે કે દિવ્મંડલ અને ભૂમંડળ દ્વિદલ સમાન છે. ટીકાકાર એના પર ટીકા કરે છે કે જેવી રીતે બંને દળ બરાબર હોય છે તેવી રીતે ભૂમિ સમાન દિવમંડલ છે. અને તેને ખગોળ કહે છે "यथा द्विदलयो इत्यादि"

સમીક્ષા–ભાગવતકર્તાએ અને તેના ટીકાકારે ભુગોળ અને ખગોળ બરાબર વર્ણવવામાં ઘણીજ મોટી ભૂલ કરી છે કારણ કે પૃથિવીનાથી ઘણા મોટા સૂર્યાદિ લોક ખગોળમાં છે ત્યારે પછી ભૂગોળ અને ખગોળ સમાન કેમ મનાય ?

૬૦ ૩ માં—सएष उदगयन वैषुवत संज्ञाभिर्मां न्द्यशैध्रय समाना भीर्गतिभिरारो हणावरो हण समान यथा सवनमाभिपद्यमानो मकरादिषु शशीष्वहो रात्राणि दीर्घहस्व समानानि धत्ते ॥ ३ ॥

यदा मेष तुळयोर्वर्त्तते तदाऽहा रात्राणि समानानि भवान्ति ॥

અર્થાત્–સૂર્ય ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં ધીમો ઉતાવળો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન ગતિથી ચાલે છે. અને જ્યારે મેષ અને તુલા રાશીમાં સૂર્ય આવે છે ત્યારે દહાડો ને રાત સરખા થાય છે.

સમીક્ષા-સૂર્ય સદા એકજ ગતિથી ચાલે છે પૃથિવી પણ હમેશાં સરખું અંતરજ કાપે છે. પૃથ્વિની ગતિથી ૠતુ ભેદ થાય છે અને અયન ભેદ પણ થાય છે. મેષ તુલા રાશીઓમાં દિવસ રાત્રી સરખા નથી હોતા પણ કન્યા અને મીન રાશીમાંજ થાય છે તે સાધારણ ખગોળ શાસ્ત્રનો અભ્યાસી પણ જાણે છે.

यदा वृषभादि पञ्चसु राशिषु चरति तद अहान्येव वर्धन्ते ह्रसति
च मासि मास्येकैका घटिका रात्रिषु ॥ ४ ॥

અર્થાત્-જ્યારે સૂર્ય વૃષભ રાશીમાં હોય છે ત્યારે દિવસ લાંબો થતો જાય છે અને રાત્રિ એક એક ઘડી ટુંકી થતી જાય છે.

સમીક્ષાઃ-આ પણ ભૂલ છે કારણ કે ઉત્તરાયણ ૯-૧૦ અંશ-પર ધન રાશીનો સૂર્ય થતાંજ દિવસ વધવા માંડે છે; ૭ માસ વધ્યા પછી ૭ માસ સુધી ધીમે ધીમે ઘટે છે અને તેથી કન્યા રાશી બાર અંશ પર પૂરા બાર કલાક (૩૦ ઘડી) ના દિન રાત થાય છે અને મીનના ૧૦ અંશપર પણ તે સરખા હોય છે. આથી ભાગવત કર્તા તદ્દન ખગોળ ગણિતશાસ્ત્રાદિથી અજ્ઞાત છે. ભાષાટીકાકારોએ પણ તેવાંજ ગોથાં ખાધાં છેઃ-

દ. ૨ માં જ્યાં સૂર્ય ત્રણ લોકને તપાવે છે ત્યાં ટીકા-કારો પણ શંકા કરે છે કે સૂર્ય પાતાળમાં પ્રકાશ નથી કરતો તો વ્યાસજી (?) એ ત્રણ લોક કેમ લખ્યા ? પોતેજ વળી તેનું સમાધાન કરે છે કે શુકદેવજીએ ભૂમિ નીચેના સાત લોકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથા નથી કહી યાની પૃથિવી ઉપરના ત્રણ લોક માનીનેજ તે વર્ણન કર્યું છે !

સમીક્ષા—ત્યારે અ. ૨૪ માં પાતાળના સાતે વિભાગોનું વર્ણન કયાંથી ? શું શંકા સમાધાન કરવાની યુક્તિ !

સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર.

एवं नव कोटय एक पञ्चाशल्लक्षाणि योजनानां मानसोत्तर गिरिपरिवर्तनस्यो पदिशन्ति ॥ ७ ॥ अ० २१.

અર્થાત્ માનસોત્તર પર્વત ઉપર નવ કરોડ એકાવન લાખ યોજન દૂર સૂર્ય ફરે છે.

સૂર્યની ગતિઃ—

यदा चैन्द्रयाः पुर्याः प्रचलते पञ्चदश घटिकाभिर्याम्यां सपादकोटि-द्वय योजनानां सार्धद्वादश लक्षाणि साधकानि चोपयाति ॥ १० ॥

જ્યારે ઇન્દ્રપુરીથી સૂર્ય ચાલવા માંડે છે ત્યારે ૧૫ ઘડીમાં બે કરોડ આડત્રીસ લાખ પચીસ હજાર યોજન માર્ગ કાપે છે અને વળી

एवं मुहूर्तेन चतुस्त्रिंशल्लक्ष योजनान्यष्ट शताधिकानि सौरो रथ-स्त्रयी मयोसौ चतसृषु परिवर्त्तते पुरीषु ॥ १२ ॥

આ પ્રકારે બે ઘડીમાં ૩૪ લાખ ૮ સો યોજનથી અધિક સૂર્યને રથ ચાલે છે એટલે કે ૧૫ ઘડીમાં ૨૫૫૦૬૦૦૦ યોજન જે ઉપર બતાવેલા ૨૩૭૨૫૦૦૦ થી વધારે છે. વાહરે ભાગવત કર્તાનું ગણિત ! ૩૪ લાખ ૮ સોને સાડાસાતે ગુણાકાર કરતાં પણ આટલી મોટી ભૂલ ! આ તેમના ગણિત અને ખગોળના ખજાનાની પરિક્ષા હમે પાઠકનેજ સોંપીએ છીએ.

૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્ય રથની ધુરીઓ.

દ૦ ૧૪ ની ટીકામાં બે ધુરીઓ સૂર્ય રથની બતાવી છે. એક સુમેરૂથી માનસોત્તર પર્વત સુધી જે દોઢ કરોડ સાડાસાત લાખ યોજનની છે અને બીજી તેના ચોથા ભાગની છે.

(અ૦ ૨૦ દ૦ ૩૫ માં જુઓ.)

रथनीडस्तु षट्त्रिंशल्लक्षयोजनायस्ततूरीय मागविशालस्तावान्० द. १

સૂર્ય રથ ૩૬ લાખ યોજન લાંબો અને ૯ લાખ યોજન પહોળો છે. ધુંસરી પણ તેટલીજ છે. ત્યારે ઘોડાની પીઠ વા ડોક પણ ધુંસરી જેટલા વિસ્તારની કેમ નહિ !

लक्षोत्तरं सार्धनवकोटि योजन परिमण्डलं भूवलयस्य क्षणेन
सगव्युत्युत्तरं द्विसहस्र योजनानि स भुङ्क्ते ॥ १६ ॥

સાડાનવ કરોડ એક લાખ યોજન પ્રમાણના આ ભુમંડળને ફરવાના રસ્તામાં એક ક્ષણમાં એ સૂર્ય બેહજાર બે યોજન ચાલે છે !

ચંદ્રલોક વર્ણન.

एवं चन्द्रमा अर्क गभस्तिभ्य उपरिष्टा लक्ष योजनत
उपलभ्यमानोऽर्कस्य ॥ ८ ॥

અર્થાત્ ચન્દ્ર સૂર્યથી પણ એક લાખ યોજન ઉપર છે !

સમીક્ષા–ગ્રહલાઘવ તથા સિદ્ધાન્ત શિરોમણી અને પાશ્ચાત્ય ખગોળવિદ્યાનુસાર પણ ચન્દ્ર સૂર્ય કરતાં સમીપ અને સૂર્યથી ઘણો નીચે છે. કોણ જાણે ભાગવતકર્તાએ ઉલટા દૂરબીનથી શોધી કરી હશે કે શું ? વ્યાસના ભાષ્યમાં કહે છે કે " अर्कादधश्चन्द्र कक्षा "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રહણ વિચાર.

સૂર્યથી નીચે ૧૦ હજાર યોજને રાહુ છે એવો કેટલાકનો મત છે જેમકે

अधस्तात् सवितुर्योजनायुतेस्वर्भानुर्नक्षत्र वच्चरतीत्येके ॥ १ ॥

यददस्तरणेर्मण्डलं प्रतपतस्तद्विस्तरतो योजनायुतमाचक्षते,

द्वादशसहस्रं सोमस्य, त्रयोदशसहस्रं राहोर्यः पर्वाणि

तद्व्यवधानकृद् वैरानुबन्धः सूर्यचन्द्रमसावभिधावति ॥ २ ॥

સૂર્યનો વિસ્તાર ૧૦ હજાર યોજન, ચન્દ્રનો ૧૨ હજાર અને રાહુનો ૧૩ હજાર યોજન છે વૈરને લીધે રાહુ સૂર્ય ચન્દ્રને ઘેરે છે.

સમીક્ષા–હમે ફકત જ્યોતિષશાસ્ત્રથીજ ગ્રહ લાઘવમાં સ્પષ્ટ લખ્યું છે કે छादयत्यर्क मिन्दुर्विधुं भूमिभा અર્થાત્ સૂર્યને ચંદ્રને ઢાંકે અથવા પૃથ્વીની છાયા ચંદ્રપર પડે ત્યારે ગ્રહણ થાય છે. ચંદ્રમા પોતાનો પ્રકાશ નથી. સૂર્યથી તે પ્રકાશે છે. જુઓ ભાસ્કર પ્ર. ઉત્તરાર્ધ પૃ. ૮૦–૮૩.

શેષજીની સ્થિતિ.

तस्य मूलदेशे त्रिंशद्योजन सहस्रान्तर आस्ते ॥ १ ॥ પાતાળની નીચે ત્રીશ હજાર યોજનને છેટે શેષજી વિરાજે છે જેને સંકર્ષણ નામ અપાયું છે.

यस्येदं क्षितिमंडलं भगवतोऽनन्तमूर्त्तेः सहस्रशिरस एकस्मिन्नेवशीर्षणि ध्रियमाणं सिद्धार्थ इव लक्ष्यते ॥ २ ॥ અનંત નામક જે શેષના હજાર શીરોમાં એક શીરપર આ ભૂમિ મંડલ સરસવના દાણા સમાન રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા—આ માની લઇએ તોપણ શેષજી કોના પર બેઠા છે, તે ભૂમિ કયાં છે, વિગેરે પ્રશ્નો થાય છે જેનો ભાષાટિકાકારો કાંઇ ખુલાસો કરી શકે તેમ નથી માટે તે ગપોડાઓ ભાગવત કર્તાને તેમજ તેના માનનારનેજ મુબારક હો.

अथ षष्ठ स्कन्ध समीक्षा

અધ્યાય પહેલાના એકવીશમા શ્લોકથી અજામિલનું ઉપાખ્યાન છે.

कान्य कुब्जे द्विजः कश्चिद्दासीपतिरजामिलः
नाम्ना नष्ट सदाचारो दास्याः संसर्गदूषितः ॥ २१ ॥
बन्धक्यकैतवै श्चौर्यर्गार्हितां वृत्तिमास्थितः ૪.

અર્થાત્ કાન્યકુબ્જ દેશમાં કોઇ એક અજામિલ નામક કુકર્મી દાસીપુત્ર હતો. તે જુગારમાં ચોરી ઇત્યાદિમાં પોતાનું ગુજરાન કરતો હતો. તેને દશ પુત્રો હતા; નાનાનું નામ નારાયણ હતું. તે કુકર્મી સદા તે નાના નારાયણ પુત્રમાં પ્રેમ રાખતો હતો. તે કુકર્મી દાસી પુત્ર મરવા પડયો ત્યારે યમના દૂતો તેને લેવા આવ્યા. તે સમયે તેણે “ પુત્ર નારાયણ ” એમ કરીને બૂમ પાડી તેથી વિષ્ણુના દૂતો નીચે પધાર્યા અને યમના દૂતોને ધમકાવીને કહેવા લાગ્યા કે તમે કોણ છો ? કયાંથી આવ્યા છો ? અને શું કામ ઉભા છો ? યમદૂતો બોલ્યા કે આ દાસીપુત્ર મહાપાપી અને વૈદિક ધર્મનો વિરોધી છે. વિષ્ણુના દૂતોએ કહ્યું (અધ્યાય. ૨) અરે ન્યાયાસનપર બિરાજમાન થનારાઓ જ્યારે અન્યાય કરશે ત્યારે પ્રજાની શું ગતિ થશે ? યમ રાજા પણ શું જોઇને આને દંડ દેતા હશે ? અરે યમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂતો આણે નારાયણનું નામ લીધું છે માટે હમે વિષ્ણુના દૂતો તેને લઇ જઇશું." એમ કહીને તેઓ તેને લઇ ગયા.

સમીક્ષા—પાઠકો હું શું સમીક્ષા કરૂં? તેમજ યમ રાજાના ન્યાયને વખોડનાર વૈષ્ણવ દૂતોના ન્યાય તરફ દૃષ્ટિ નાંખશો કે સ્વર્ગમાં પણ કેવો મોગલાઇ ન્યાય ચાલે છે? અરે! પણ એવકુફ વૈષ્ણવ દૂતોએ આવો અન્યાય કર્યો પરન્તુ તે વિષ્ણુ મહારાજે કેમ સહન કર્યો? પાઠકો! વધારે શું કહું ભાગવતી વિષ્ણુ એવાજ હોય તે વિષ્ણુના ન્યાયી કાનુન અવલોકવા માટે નીચે નમુના મત્રના બે શ્લોક આપું છું તેથી તમારૂં હૃદય ભાગવતના આશયને સમજી જશે. યથા

स्तेनः सुरापो मित्रध्रुग्ब्रह्महा गुरुतल्पग
स्त्रीराजापितृगोहन्ता यच्च पातकिनोऽपरे ॥ ९ ॥
सर्वेषामप्यघवतामिदमेव सुनिष्कृतम् ।
नामव्याहरणं विष्णोर्यतस्तद्विषया मतिः ॥ १० ॥

અર્થાત્—ચોર, મદ્ય પીનાર, મિત્રદ્રોહી, ગુરૂસ્ત્રીગમન, સ્ત્રી રાજા પિતા અને ગૌને મારવાવાળા અને બીજા ઘણી તરહના પાપીઓ વિષ્ણુનું નામ માત્ર લેવાથી શુદ્ધ થઇ જાય છે.

લ્યો પાઠકો તમે ભાગવત કર્તાને ધન્યવાદ આપો કે તેણે તમારા આવા અઘોર પાપોને માટે તદન સહેલું પ્રાયશ્ચિત્ત ઠરાવ્યું. પાપીઓને ભાગવતનો આશરો ઠીક મળ્યો! અસ્તુ. આગળ વળી ત્રીજા અધ્યાયમાં લખે છે કે યમદૂતોએ યમને પુછ્યું કે મહારાજ! સંસારમાં ન્યાયકર્તા કેટલા છે તે કહો કારણ કે હમે તો આપનેજ માત્ર જાણીએ છીએ. યમે કહ્યું કે મારાથી મોટા વિષ્ણુ ન્યાયકર્તા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠકો ! યમના અને વિષ્ણુના ન્યાયને સારી પેઠે તમો ઓળખી ગયા છો એટલે તેની સમીક્ષા તમેજ કરજો.

અધ્યાય પાંચમાં વર્ણવ્યું છે કે નારદજીએ દક્ષના પુત્રને જ્ઞાનનો પ્રદેશ કર્યો ત્યારે દક્ષે તેને શાપ આપ્યો. **સમીક્ષા**- નારદજીને ગુરૂદક્ષિણા તો સારી મળી!

અધ્યાય ૧૮ માં ઇંદ્ર મહારાજ દિતિના ગર્ભમાં પેસી ગયાનું વર્ણન છે. તેણે ગર્ભમાં પેસીને ગર્ભના સાત ટુકડા કર્યા અને તે સાતના દરેકના સાત સાત ટુકડા કર્યા ત્યારે ગર્ભ રડવા લાગ્યો ત્યારે ઇન્દ્ર મહારાજે કહ્યું રડીશ નહીં. આવી રીતે ૪૯ મરૂત્ થયા.

વાહવાહરે ભાગવતી ઇંદ્ર! તેં ગર્ભપાત્ કરી ૪૯ મરૂત્ ઠીક બનાવ્યા.

अथ सप्तम स्कन्ध समीक्षा

અધ્યાય-૧ ના શ્લોક ૨૫ થી ૩૦ સુધી લખ્યું છે કે કામ સ્નેહ વૈરભાવાદિમાંના કોઇપણ પ્રકારે કૃષ્ણનું સ્મરણ કરવાથી મુક્તિ થાય છે.

સમીક્ષા-મહાશયો ! વિચારણીય વાત છે કે દુનિયામાં કોઇ પણ જીવને આપણે વૈરભાવથી યાદ કરીએ છીયે તો તે આપણાથી દૂર દૂર થતો જાય છે ત્યારે પરમાત્મા પ્રાપ્ત્યર્થે વૈરભાવ કરવો તે આપણને બુદ્ધિથી વિરૂદ્ધ લાગે છે. તે છતાં આપણે ભાવગત-કર્તાનું કથન થોડા વખતને માટે માન્ય રાખીયે અને વિચારીએ કે પરમેશ્વરની સાથે વૈરભાવ કેવી રીતે કરવો તો માલમ પડશે કે યદિ આપણે તેની આજ્ઞાઓનું ઉલંઘન કરીએ તો તે આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે વેર કરે. આવી રીતે વૈર કરવાનું કોને નહીં ગમે? દરેક મનુષ્ય ચહાશે. ચોરી છીનાળી ઇત્યાદિ અનેક દુષ્કર્મો કરી પરમાત્માના વૈરી થઇએ અને મુક્તિ મેળવીએ. વાહરે! ભાગવતી મુક્તિ! હમારી સમ્મતિ પ્રમાણે તો ઇશ્વરની સ્તુતિ પ્રાર્થનોપાસનાદિ સાત્વિક કર્મોથીજ સુખ થાય છે અને ઇશ્વરીય જ્ઞાન શિવાય મુક્તિ થતીજ નથી-વેદ પણ એમજ કહે છે. યથા

तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय.

પ્રથમ અધ્યાયમાં વર્ણન છે કે દ્વારપાળોને શાપ મળ્યો કે તમો રાક્ષસ થઇ જાઓ. પરન્તુ પછીથી શાપ દેનારે પ્રસન્ન થઇને કહ્યું કે યદિ ઇશ્વરની સાથે વૈર કરશો તો ત્રણ જન્મમાં મુક્તિ મેળવશો. જુઓ શ્લોક ૩૭.

સમીક્ષા-જ્યારે વિષ્ણુને મારવા માત્રથી મુક્તિ મળતી હતી તો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તો સૃષ્ટિના આરંભમાં સત્યયુગમાં થયા હશે તો મરણ પછી તેમને મુક્તિ મળી કે સ્વર્ગમાં રહ્યા કે રાવણ કુંભકર્ણ બની ગયા? રાવણ અને કુંભકર્ણ ત્રેતામાં મરણ પામ્યા અને મુક્તિ મેળવી એવું લખેલું છે ત્યારે દ્વાપરાન્તમાં શિશુપાળ અને દન્તવક્ર કયાંથી બન્યા? શું ભાગવત કર્ત્તા મુક્તિથી પુનરાગમનનો સમય એક યુગજ માને છે? હાલ અઠ્ઠાવિસમો કલિયુગ છે. આની પાંચ હજાર વર્ષ પૂર્વે શિશુપાલાદિ મૃત્યુ પામ્યા ત્યારે શું છ મન્વન્તરના પોણાબે વર્ષ સુધીમાં ત્રણજ જન્મ થયા? કે પ્રત્યેક યુગમાં તેઓ મરતા હતા અને જીવતા થતા હતા?-કારણકે પૌરાણિક લોકો માને છે કે પ્રત્યેક ત્રેતામાં રામ અને દ્વાપરમાં કૃષ્ણ થાય છે અને રાવણ કંસાદિને મારે છે.

આગળ અધ્યાય ૧૦ ના શ્લોક ૧૭ થી ૨૧ સુધીમાં પ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રહ્લાદની એકવીશ પેઢી પવિત્ર થવા વિશેનું વર્ણન છે. શ્લોક ૨૯ માં પ્રહ્લાજીને નૃસિંહે કહ્યું છે કે હિરણ્યકશિપુને જેવું વરદાન આપે આપ્યું હતું તેવું કોઇને હવે પછીથી આપશો નહીં.

ભાગવત કર્ત્તા ઉપરોકત કથનથી બ્રહ્મા વિષ્ણુને એક સિદ્ધ કરે છે કે જુદા તેના વિચાર પાઠકો સહેલાઇથી કરી લેશે.

अथाष्टम स्कन्ध समीक्षा

અધ્યાય છ માં એક સ્ત્રીના અવતારનું વર્ણન છે. તે સ્ત્રી અવતારે દેવ દૈત્યોને સમુદ્ર મથનનો ઉપદેશ કર્યો છે. ૨૪ અવતાર આગળ લખી ગયા તેના પર લક્ષ ન આપતાં આ પચીશમો અવતાર બતાવ્યો છે. અને તે પણ સ્ત્રીરૂપ એમ મને લાગે છે. કોણ જાણે સ્ત્રીરૂપ અવતારની પરમાત્માને શું જરૂર પડી ? કારણ એવું બતાવ્યું છે કે "મન્દર" પર્વતનું વલોણું અને વાસુકિસર્પનું નેતરૂં (દોરડું) બનાવીને દેવાસુરોએ સમુદ્ર મંથન કર્યું અને મન્દર પર્વતને ઉઠાવી લાવતાં દૈત્ય અને દાનવો દબાવા લાગ્યા અને તેઓને મરતાં જોઇને ભગવાન નીચે નહોતા તે ઉપરથી ઉતરી આવ્યા અને પર્વતને ગરૂડ પર ઉઠાવી લઇ બચાવ્યા.

સમીક્ષા—દેવ અને દાનવો કરતાં ભગવાનનો ગરૂડ પક્ષિ જબરો કે તેજ પર્વતને ઉઠાવી લાવ્યો. અને તે પહાડ વળી નાનો સુનો નહી લાખ યોજનનો હતો. યથા.

दधार पृष्टेन सलक्षयोजनं प्रस्तारिणा द्वीपइवापरोमहान् ९

ગપ જ્યાં મારવા માંડી ત્યાં બાકી શું કરવા રાખે !

આગળ અધ્યાય સાતમાં સમુદ્ર મંથનથી રત્નરૂપ ઘોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથી, અપ્સરા, વિષ, મદિરા, ધન્વન્તરિ વૈદ્યની ઉત્પત્તિ લખી છે. શ્લોક ૪૧ માં મોહની સ્ત્રીરૂપ ભગવાનનો અવતાર વર્ણવ્યો છે અને તે સ્ત્રીરૂપનું વર્ણન નીચે પ્રમાણે છે.

स्तनभारकृशोदरीम् ४३

આ સ્ત્રીરૂપ જોઇ દૈત્યદળ મોહીત થયું. અને તેવા છળથી અમૃતનો કુપ્પો દેવતાઓને આપી દીધો.

સમીક્ષા—આ અવતાર કયા ધર્મની રક્ષાર્થ થયો ? જેટલા અવતાર થાય છે તે નીચે લખેલા ગીતાના શ્લોક પ્રમાણે ધર્મ રક્ષાર્થે થાય છે.

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

અર્થાત્ જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે ધર્મ રક્ષાર્થે ઇશ્વરનો અવતાર થાય છે પરન્તુ મોહની અવતાર તો છલાર્થે થયો. આગળ અધ્યાય ૧૨ માં મોહનીરૂપ અવતારપર શીવજી મોહીત થયાનું વર્ણન છે. તે નીચે પ્રમાણે છે.

શીવજીએ જ્યારે સાંભળ્યું કે મોહનીરૂપે દૈત્યોને મોહીત કરી દેવોને અમૃત આપ્યું ત્યારે બળદપર સ્વાર થઇ શીવજી વિષ્ણુ ભગવાનની પાસે ગયા અને સ્તુતિ કરી કે હે મહારાજ ! મને તે મોહનીરૂપ દેખાડો; ત્યારે ભગવાન છુપાઇ ગયા અને બગીચામાં શીવજીએ એક ઉત્તમ સ્ત્રીને ફરતી દીઠી.

ततो ददर्शोपवने वरास्त्रियं विचित्र पुष्पारुणपल्लवद्रुमे ॥ १८ ॥

તે રૂપ જોઇ શીવજી વીહ્વળ થઇ તે સ્ત્રીની પાસે ગયા (શ્લોક ૨૫).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्यानुधावतो रेतश्चस्कन्दाऽमोघरेतसः ॥ ३२ ॥
यत्र यत्रापतन्मह्यां रेतस्तस्य महात्मनः ।
तानि रूप्यस्य हेम्नश्च क्षेत्राण्यासन्महीपते ॥ ३३ ॥

ભાવાર્થ-ત્યાંથી શીવજી નાસવા લાગ્યા ત્યારે તેમનું વીર્યસ્ખલીત થયું અને તે વીર્ય જ્યાં જ્યાં ભૂમિપર પડ્યું ત્યાં ત્યાંના નદી, પહાડ, ઉપવન ઇત્યાદિ સર્વ સોના ચાંદીના ક્ષેત્ર બની ગયા.

સમીક્ષા—આ પરથી ત્રિકાળજ્ઞ શીવજી અજ્ઞાની સિધ્ધ થાય છે અને ત્રિકાળજ્ઞ શિવજી આવા અજ્ઞાન હોય તે પણ સાધારણ બુધ્ધિથી વીરૂધ્ધ છે જેથી તે કથા અસંભવીત છે, અને વળી તે શીવજીનાં વીર્યથી બનેલા સોના ચાંદીના ક્ષેત્રો હાલ ભારત વર્ષમાં દ્રષ્ટિમાં આવતાં નથી-તેવાં ક્ષેત્રો વિલાયતમાં છે ત્યારે શું શીવજી નાસતા નાસતા વિલાયત જઇ પહોંચ્યા હતા કે શું ? યદિ શીવજી ત્યાં ગયા હતા એમ ભાગવત માનતું હોય તો તેમને ભારતવર્ષમાં પાછા આવવાને માટે પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું હતું કે કેમ ? કે જેવી રીતે કે સનાતનીઓ પરદેશગમન કરનારાઓ માટે ધારે છે !

અધ્યાય ૧૭ મા કશ્યપજીએ દિતિને પયોવ્રત બતાવ્યું છે અને તે વ્રત ફાગણ શુદ ૧ થી છે ૧૩ સુધી કરવાનું કહ્યું. તે વ્રત દિતિએ કર્યું જેથી તેને પેટે વામન અવતાર થયો. આવું વર્ણન અધ્યાય ૧૮ માં છે.

સમીક્ષા—ફાગણ શુદ ૧૩ સુધીમાં દિતિએ વ્રત સમાપ્ત કર્યું અને ભાદરવા સુદ ૧૨ ને દિવસે વામનજીનો જન્મ થયો એટલે ૭ માસમાં એક દિવસ કમીએ વામનનો જન્ય થયો તે વાત પણ સૃષ્ટિક્રમથી કેટલી વિરૂદ્ધ છે તેનો ખ્યાલ કરવાનું પાઠકોને સોંપું છુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામનજીએ પોતાના ત્રણ પગથી ત્રણે લોક માપી નાખ્યા ઇત્યાદિ પ્રસિદ્ધ બુદ્ધિ વિરૂદ્ધ વાતો અત્ર ઉલ્લેખ કરી ગ્રન્થ વધારવાની મારી ઉત્કંઠા નથી.

अथ नवम स्कन्ध समीक्षा

જગતમાં એવો ઇશ્વરીય નિયમ પ્રચલીત છે કે સ્ત્રી, પુરૂષ ન બની શકે અને પુરૂષ સ્ત્રી નથી બની શકતો. પરંતુ પુરાણવાળાઓએ તો ઉપરોકત ઇશ્વરીય નિયમને પણ ઉલટાવી નાંખ્યો છે. શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધમાં લખ્યું છે કે સૂર્ય વંશના આદિ પુરૂષ મહારાજ વૈવસ્વત મનુએ પોતાના ઇક્ષ્વાકુ આદિ પ્રસિદ્ધ પુત્રોની ઉત્પત્તિને માટે પૂર્વે વસિષ્ઠજીની પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો પરન્તુ પુત્રને બદલે કન્યા ઉત્પન્ન થઇ. તેથી મનુને ગ્લાનિ થઇ અને વસિષ્ટને કહ્યું. યથા

भगवन् किमिदं जातं कर्म्म वो ब्रह्मवादिनाम् ।
विपर्य्ययमहो कष्टं मैवं स्याद्ब्रह्मविक्रिया ॥ १७ ॥
यूयं मन्त्रविदो युक्तास्तपसा दग्धकिल्बिषाः ।
कुतः संकल्पवैषम्यमनृतं विबुधेष्विव ॥ १८ ॥
तन्निशम्य वचस्तस्य भगवान् प्रपितामहः ।
होतुर्व्यतिक्रमं ज्ञात्वा बभाषे नृपनन्दनम् ॥ १९ ॥
एतत्संकल्पवैषम्यं होतुस्ते व्यभिचारतः ।
तथापि साधयिष्ये ते सुप्रजस्त्वं स्वतेजसा ॥ २० ॥
एवं व्यवसितो राजन् भगवान्स महायशाः ।
अस्तौषीदादिपुरुषम् इलायाः पुंस्त्वकाम्यया ॥ २१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्मै कामवरं तुष्टो भगवान् हरिरीश्वरः ।
ददाविलाभवत्तेन सुद्युम्नः पुरुषर्षभः ॥ २२ ॥

ઉપરોકત શ્લોકોનો અભિપ્રાય એ છે કે જ્યારે વૈવસ્વત મનુને ઇલા નામની કન્યા ઉત્પન્ન થઈ ત્યારે તેમણે મહર્ષિ વસિષ્ટને કહ્યું કે મહારાજ આ પ્રમાણે ઉલટું કાર્ય થવાનું કારણ શું ? અર્થાત્ મેં પુત્ર પ્રાપ્તિને માટે યજ્ઞ કર્યો હતો ને તેથી પુત્રી પ્રાપ્ત થવાનું કારણ શું ! તમે સર્વ બ્રહ્મજ્ઞાતા છો તેથી આવું ઉલટું કાર્ય થવું સંભવીત નથી છતાં તેમ શાથી થયું ? વશિષ્ટજીએ ઉત્તર આપ્યો કે ઉલટો સંકલ્પ કરવાથી ઉલટું ફળ પ્રાપ્ત થયું પરન્તુ હું મારા તેજથી તમને સુપુત્રની પ્રાપ્તિ કરાવીશ. આ પ્રમાણે કહીને વશિષ્ટજીએ વિષ્ણુની સ્તુતિ કરી અને તેથી વિષ્ણુ મહારાજ પ્રસન્ન થયા અને વશિષ્ટજીને વરદાન આપ્યું અને તે વરદાનના પ્રતાપથી મનુની પુત્રી ઇલા પુત્ર બની ગઇ અને તેનું નામ સુદ્યુમ્ન રાખ્યું. આ સુદ્યુમ્ન મહારાજની કથા હિતોપદેશમાં આવેલા ઉંદરની કથાને મળતી આવે છે. હિતોપદેશમાં એક કલ્પિત કથા છે કે કોઇ એક નગરની સમીપ એક ઋષિ રહેતા હતા. તેના આશ્રમમાં એક ઉંદરનું બચ્ચું ફર્યા કરતું હતું. એક દિવસ એવો બનાવ બન્યો કે તે બચ્ચાને મારવાને માટે બિલાડી નીકળી ત્યારે ઋષિએ તે બચ્ચાપર દયા કરી કહ્યું કે “ त्वमपि मार्जारोभव ” આ પ્રમાણે ઋષિના કથનથી તે બિલાડો બની ગયો. તે બિલાડાપર એક વખત કુતરાએ હુમલો કર્યો ત્યારે તે ઋષિએ તેને કુતરો બનાવી દીધો. આ પ્રમાણે ઋષિ મહારાજે તે બચ્ચાંને બનાવતાં બનાવતાં સિંહ બનાવી દીધો. જ્યારે બનાવટી સિંહ અન્ય સિંહોના ટોળામાં નિર્ભય વિચારવા લાગ્યો ત્યારે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તેનો અનાદર કરી કહ્યું કે અરે! તું તો ઉંદરનું બચ્ચું તે ઋષિના પ્રતાપથી સિંહ બન્યું પરન્તુ હમે તો અસલી સિંહ છીયે જેથી તારાથી હમારી બરાબરી થવાનીનથી. આવી તરહના અપમાનનું સહન ન થવાથી તેણે વિચાર કર્યો કે "જ્યાં સુધી ઋષિ જીવતો રહેશે ત્યાં સુધી આ પ્રમાણે મારો નિરાદર થશે તેથી તેને સ્વધામ પહોં-ચાડવો ઠીક છે" આવો વિચાર કરીને જેવો તે પોતાની વાંછના પરિપૂર્ણ કરવા જાય છે કે તરતજ ઋષિએ તેના અભિપ્રાયને જાણીને કહ્યું કે पुनर्मूषिकोभव" આ પ્રમાણે કહેવાથી તે ફરીથી ઉંદર થઇ ગયો. આ પ્રમાણે સુદ્યુમ્નને ફરીથી સ્ત્રી બનાવી છે. યથા

स एकदा महाराज ! विचरन् मृगयां वने ।
वृतः कतिपयामात्यैरश्वमारुह्य सैंधवम् ॥ २३ ॥
प्रगृह्य रुचिरं चापं शरांश्च परमाद्भुतान् ।
दंशितोनुमृगं वीरो जगाम दिशमुत्तराम् ॥ २४ ॥
स कुमारो वनं मेरोरधस्तात् प्रविवेश ह ।
यत्रास्ते भगवान् शर्वो रममाणस्सहोमया ॥ २५ ॥
तस्मिन् प्रविष्ट एवासौ सुद्युम्नः परवीरहा ।
अपश्यत् स्त्रियमात्मानम् अश्वं च बड़वां नृप ॥ २६ ॥
तथा तदनुगास्सर्वे आत्मलिङ्गविपर्य्ययम् ।
दृष्ट्वा विमनसोभूवन् वीक्षमाणाः परस्परम् ॥ २७ ॥

ભાવાર્થ—એક સમયે સુદ્યુમ્ન પોતાના મન્ત્રી વર્ગને સાથે લઇને ધનુર્બાણ સાથે ઉત્તર દિશામાં શિકાર રમવાને માટે ગયા હતા. રાજકુમાર શિકાર ખેલતાં ખેલતાં એક મૃગની પાછળ એટલે દુર નીકળી ગયા કે સુમેરૂ પર્વતની તલેટીના વનમાં આવી પહોંચ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વનમાં મહાદેવજી પાર્વતીની સાથે વિહાર કરતા હતા. ઉપરોક્ત વનમાં આવી પહોંચતાંજ રાજકુમાર સ્ત્રી, તેમનો ઘોડો ઘોડી અને તેમના સર્વ સાથી પણ સ્ત્રી બની ગયા. તેઓ આ બનાવથી આશ્ચર્ય પામી એક બીજાને નિહાળવા લાગ્યા. વળી લખ્યારે આશ્ચર્ય કારક તો એ છે કે ઉપરોક્ત રાજકુમાર એક માસ સ્ત્રી અને એક માસ પુરૂષ રહી રાજ્ય કારભાર ચલાવતા હતા એટલુંજ નહીં પરન્તુ તેમના સ્ત્રી શરીરથી અને પુરૂષ શરીરથી સન્તાન ઉત્પન્ન થયા અને તેમનો વંશ ચાલ્યો. આજ કથામાં લખ્યું છે કે મહાદેવના શાપથી ઉપરોક્ત વન એવું થઇ ગયું હતું કે તેમાં જે પુરૂષ જાય તે સ્ત્રીજ થઇ જાય. અરે 'ભાગવત!' શું તારો ચમત્કાર? મને લાગે છે કે તારાજ સમયમાં આવી કાર્યવાહી ચાલી હશે અને પછી બંધ પડી હશે. કારણકે હાલ ભારત વર્ષમાં એવી લીલા તથા સ્થાન જણાતા નથી.

નવમસ્કન્ધના પ્રથમ અધ્યાયમાં લખ્યું છે કે

एकदा गिरिशं द्रष्टुमृषयस्तत्र सुव्रताः ।
दिशो वितिमिराभासाः कुर्वन्तस्समुपागमन् ॥ २९ ॥
तान्विलोक्याम्बिका देवी विवस्त्रा व्रीडिता भृशम् ।
भर्तुरङ्कात्समुत्थाय नीवीमाश्वथ पर्य्यधात् ॥ ३० ॥
ऋषयोपि तयोर्वीक्ष्य प्रसंगं रममाणयोः ।
निवृत्ताः प्रययुस्तस्मान्नरनारायणाश्रमम् ॥ ३१ ॥
तदिदं भगवानाह प्रियायाः प्रियकाम्यया ।
स्थानं यः प्रविशेदेतत् स वै योषिद्भवेदिति ॥

ભાવાર્થ-એક સમયે ઋષિલોક મહાદેવના દર્શનાર્થ ઉક્ત વનમાં ગયા હતા; તે સમયે મહાદેવજી પાર્વતીની સાથે વિહાર કરી રહ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. વસ્ત્રહીન પાર્વતીજીએ ઋષિઓને તેમના તરફ આવતા જોઇ લજ્જીત થઇ મહાદેવની પાસેથી ઉઠી જઇ વસ્ત્રધારણ કર્યાં અને ઋષિઓ મહાદેવજીને વિહાર કરતા જોઇ પાછા ફર્યા અને નરનારાયણને આશ્રમે ગયા. આ ઉપરથી લજ્જીત થયલા પાર્વતીજીને પ્રસન્ન કરવાને માટે કહ્યું કે આજથી જે કોઇ પુરૂષ આ સ્થાનમાં આવશે તો સ્ત્રી થઇ જશે.

સમીક્ષા—ભ્રાતાઓ ! ભાગવતના બનાવવાવાળાને એટલું પણ ધ્યાન ન રહ્યું કે હું લખું છું શું અને મારૂં થશે શું ? અર્થાત્ જ્યારે ઉક્ત વનમાં મહાદેવજીએ ઉભા રહીને કહ્યું કે પુરૂષ અત્રે સ્ત્રી થઇ જશે ત્યારે તે પોતે પુરૂષ તે સ્થાનમાં કેવી રીતે રહ્યા ? તેમણે એમ તો કહ્યું નહીં કે " માં વિના યોવિશેદેતત્ । વળી સર્વ પુરાણવાળાઓ મહાદેવજીને સર્વજ્ઞ માને છે ત્યારે તેમને એટલું જ્ઞાત ન થયું કે આ સમયે ઋષિ લોક આવે છે. વાસ્તે હું સાવધાન થઇ જાઉં.

રાજકુમાર સુદ્યુમ્નની અસંભવીત કથા આટલેથીજ સમાપ્ત નથી થતી પરંતુ આગળ કહે છે કે વરણ ચંદ્રમાના પુત્ર બુધની સાથે તેમનો ગાંધર્વ વિવાહ કર્યો અને તેથી સ્ત્રીરૂપી સુદ્યુમ્નને પેટે પુરૂરવાની ઉત્પત્તિ થઇ અને તેની ઉત્પત્તિ બાદ તેમણે પોતાના હર્તા કર્તા અને વિધાતા રૂપી ગુરૂ વશિષ્ટને યાદ કર્યાં કે તરત તે હાજર થયા અને સુદ્યુમ્નની દશા જોઇ અત્યન્ત દુખી થયા. પછી મહાદેવને પ્રસન્ન કરવાને ઋષિએ ઘોર તપ કર્યું તેથી મહાદેવજીએ પ્રસન્ન થઇ નીચે પ્રમાણે વરદાન આપ્યું.

मासं पुमान्स भविता मासं स्त्री तव गोत्रजः ।
इत्थं व्यवस्थया कामं सुधुम्नोवतु मेदिनीम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવાર્થ–સુદ્યુમ્ન એક મહિનો પુરૂષ અને એક મહિનો સ્ત્રી રહેશે અને ઇચ્છાપૂર્વક પૃથ્વીની રક્ષા કરશે.

आचार्य्यानुग्रहात्कामं लब्ध्वा पुंस्त्वं व्यवस्थया ।
पालयामास जगतीं नाभ्यनन्दत् स्मतं प्रजा ॥ ३४ ॥

ભાવાર્થ–આ પ્રમાણે આચાર્યની કૃપાથી સુદ્યુમ્નને પુરૂષત્વ પ્રાપ્ત થયું અને તેણે પૃથ્વીનું પાલન કીધું પરન્તુ તેની પ્રજા તેથી પ્રસન્ન ન થઇ. સુદ્યુમ્નના પુરૂષ રૂપથી ત્રણ અને સ્ત્રી રૂપથી એક પુત્ર ઉત્પન્ન થયો.

तस्योत्कलो गयो राजन् विमलश्च सुतास्त्रयः
दक्षिणापथराजानो बभूवुर्धर्मतत्पराः ॥ ३४ ॥

ભાવાર્થ–સુદ્યુમ્નને ઉત્કલ–ગય અને વિમલ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા અને તેઓ ત્રણે દક્ષિણ દેશના ધર્મ પરાયણ રાજા થયા.

સમીક્ષા–હવે પાઠકો સ્વયં વિચાર કરશે કે આ કિસ્સાથી અલિફ્લૈલાના કિસ્સા સારા છે કે નહિં. ચિકિત્સા શાસ્ત્રના પ્રમાણોથી એ વાત સિદ્ધ થઇ ચુકી છે કે સ્ત્રીના શરીરની ધાતુ અસ્થિઆદિ પુરૂષના શરીરની ધાતુ ઇત્યાદિથી અત્યન્ત ભિન્ન છે. પ્રત્યેક મહિને તેનું બદલાઇ જવું પણ અસંભવીત છે.

શ્રીમદ્ભાગવતના નવમ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કેઃ–

उत्तानबर्हिरानर्त्तो भूरिषेण इति त्रयः ।
शर्य्यातेरभवन्पुत्रा आनर्त्ताद्रेवतोभवत् ॥ २७ ॥
सोऽन्तः समुद्रे नगरीं विनिर्माय कुशस्थलीम् ।
आस्थितोभुङ्क्त विषयानानर्त्तादीनरिंदम ॥ २८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्य पुत्रशतं जज्ञे ककुद्मिज्येष्ठमुत्तमम् ।
ककुद्मी रेवतीं कन्यां स्वामादाय विभुं गतः ॥ २९ ॥
पुत्र्या वरं परिप्रष्टुं ब्रह्मलोकमपावृतम् ।
आवर्त्तमाने गान्धर्वे स्थितो लब्धक्षणः क्षणम् ॥ ३० ॥
तदन्त आद्यमानम्य स्वाभिप्रायं न्यवेदयत् ।
तच्छ्रुत्वा भगवान् ब्रह्मा प्रहस्य तमुवाच ह ॥ ३१ ॥
अहो राजन्निरुद्धास्ते कालेन हृदि ये कृताः ।
तत्पुत्रपौत्रनप्तॄणां गोत्राणि च न शृण्महे ॥ ३२ ॥
कालोभियातस्त्रिणवचतुर्युगविकल्पितः ।
तद् गच्छ देवदेवांशो नरदेवो महाबलः ॥ ३३ ॥
कन्यारत्नमिदं राजन् नररत्नाय देहि भोः ।
भुवो भारावताराय भगवान् भूतभावनः ॥ ३४ ॥
अवतीर्णो निजांशेन पुण्यश्रवणकीर्त्तिनः ।
इत्यादिष्टोऽभिवाद्याजं नृपः स्वपुरमागतः ॥ ३५ ॥
त्यक्तं पुण्यजनत्रासात् भ्रातृभिर्दिक्ष्ववस्थितैः ।
सुतां दत्वाऽनवद्याङ्गीं बलाय बलशालिने ।
बदर्य्याख्यं तपो राजा तप्तुं नारायणाश्रमम् ॥ ३६ ॥

ભાવાર્થ—આ સર્વ શ્લોકોનો અભિપ્રાય એ છે કે રાજા શર્યાતિને ઉત્તાનબર્હિ, આનર્ત અને ભૂરિષેણ નામના ત્રણ પુત્રો હતા. આનર્ત્તનો પુત્ર રેવત હતો, તેણે સમુદ્રની વચ્ચે કુશસ્થલી નગરી વસાવી અને આનર્ત્ત આદિ દેશોનું રાજ્ય ભોગવ્યું. રાજા આનર્તને સો પુત્રો થયા એમાં કકુદ્મ સર્વથી મ્હોટો હતો. તે પોતાની પુત્રી રેવતીને લઇને આદિ દેવ બ્રહ્માની પાસે ગયો. બ્રહ્માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભામાં તે સમયે ગાન્ધર્વનું ગાયન ચાલી રહ્યું હતું જેથી રાજા કકુદ્મ થોડીવાર છાનામાના બેસી રહ્યા. જ્યારે તેમનું ગાયન સમાપ્ત થયું ત્યારે કકુદ્મે બ્રહ્માજીને પુછ્યું કે આ મારી કન્યાને યોગ્ય પતિ બતલાવો. બ્રહ્માજીએ હસીને કહ્યું કે તમે જે રાજપુત્રોની સાથે તમારી કન્યાનો વિવાહ કરવા ધાર્યો છે તેમના પુત્ર પૌત્ર અને જ્ઞાતિનું તો શું પરન્તુ તેમના ગોત્રનું ચિન્હ પણ હાલ રહ્યું નથી. જેટલો સમય તમે અત્ર ઉભા રહી પ્રતીક્ષા કરતા હતા તેટલા સમ-યમાં ચાર યુગ સત્તાવીસ વાર વ્યતીત થઈ ચુકયા અને હવે સંસારમાં પૃથ્વીનો ભાર ઉતારવાને સ્વયં ભગવાને અવતાર લીધો છે. તત્ર તે અવતારી નરરત્ન બળરામની સાથે તમારી કન્યારત્નનો વિવાહ કરો. બ્રહ્માની આજ્ઞા શ્રવણ કરી રાજા કકુદ્મી પોતાના નગરમાં આવ્યા અને પોતાના નગરને સ્વજન શુન્ય અને ગન્ધર્વના ભયવાળી જાણી તેનો ત્યાગ કીધો અને બળરામની સાથે રેવતીનો વિવાહ કરી પોતે બદ્દારકાશ્રમ તપ કરવાને ચાલ્યા ગયા.

સમીક્ષા—પાઠક ! વિચાર કરો કે મુસલમાનોના **બહિશ્તમાં** જે હુરી રહે છે તેને બુઢાપાનું દુઃખ થતું નથી પરન્તુ તે બહિશ્તીનું પરથી જમીન પર આવતી નથી તેમજ બહિશ્તીમાં ગયલા આદ-મીઓ પૃથ્વીપરં પાછા આવતા નથી. પરન્તુ પુરાણુવાળાઓના બ્રહ્મ લોકથી રાજા કકુદ્મી પોતાની કન્યાને લઇને પાછા આવ્યા અને રેવતી ચાર યુગ સતાવીશ વાર વ્યતીત થવા છતાં પણ વૃદ્ધ થઇ નહીં પરન્તુ ઉલટી યુવાન બળરામ સાથે લગ્ન કરી કન્નેકું દેખાડવાનો નમુનો બની. ખેર, પરન્તુ આ વિવાહમાં જ્યોતિ ષિઓએ ગોત્રાદિનો મેળ કેવી રીતે કર્યો ! અને વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળરામ કરતાં અનેક યુગે મોટી રેવતીના વિવાહ કાશીનાથના શીઘ્રબોધથી કેવી રીતે શુદ્ધ થયા ? શું કોઇ પુરાણિક પંડિત કહી શકશે કે ઉકત વિવાહ જન્મકુંડળીના મેળથી થયા હતા ? શું સત્તાવીશ ચોકડી યુગ વ્યતીત થવા છતાં સર્વ ગ્રહોની ચાલ જેમની તેમજ રહી ? યદિ નહી તો ભારતધર્મ મહામંડલ રેવતી અને બળરામના વિવાહને ધર્મવિવાહ કહી શકશે ?

" નરબલી "

ભારતવાસીયો ! શોકની વાત તો એ છે કે પુરાણોએ પશુવધમાં સંતોષ નહીં માનતા મનુષ્ય બલિ, અરે ! તે પણ પિતાના હાથથી પુત્રનું બલિદાન વખાણ્યું છે. વેદાનુયાયી અહિંસક ભારત વાસીયો ! તમારે વાસ્તે મનુષ્યબલિ સંબોધક પુરાણો ! અફસોસ !

રાજા હરિશ્ચન્દ્રના પુત્ર રોહિતની કથા પાઠકોને નાટક અને નવલકથા દ્વારા જ્ઞાત છે. સત્યવીર રાજા હરિશ્ચન્દ્રનો યશ સંસારમાં વ્યાપ્ત છે પરન્તુ ભાગવતના નવમ સ્કન્ધના સાતમા અધ્યાયમાં લખ્યું છે કે તે મિથ્યાવાદી હતો; તેને પુત્ર નહોતો તેથી તેણે વરૂણ દેવની પ્રાર્થના કરી કે જો મારે પુત્ર થાય તો તેની ભેટ તને કરૂં. તેને પુત્ર રોહિત થયો ત્યારે વરૂણે આવી તેની ભેટ માંગી ત્યારે તેને જવાબ દીધો કે હજુ મારા પુત્રનો નામકરણ સંસ્કાર થયો નથી જેથી તે થયા પછી ભેટ કરીશ. તે છોકરાને દાંત આવ્યા પછી ત્રીજીવાર વરૂણ આવ્યો ત્યારે જવાબ દીધો કે હજુ દુધીયા દાંત આવ્યા નથી એ પ્રમાણે પોતાનું વચન પરિપૂર્ણ કરવામાં ટાલમટોલ કરી. પુત્રે તે વાત સાંભળી કે તરત ઘરમાંથી બહાર નીકળી ગયો અને હરિશ્ચંદ્રે અન્ય પુરૂષનો પુરૂષમેધ કર્યો. યથા—

ततः. पुरुषमेधेन हरिश्चन्द्रो महायशाः ॥ २१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अथ दशम स्कन्ध समीक्षा

સર્વ સાધરણને વિદિત છે કે પુરાણવાળાઓ ઇસા મસીહની માફક માતપિતાના સંયોગ શિવાય બળરામની ઉત્પત્તિ માને છે. બાઇબલને જોઇને બળદેવની કથા રચાઇ છે કે ભાગવતને જોઇ બાઇબલની કથા રચાઇ છે તે સમજાતું નથી! જોઇએ તેમ હો પરન્તુ આ અસંભવિત કહાણી ધડ પૂંછડા વિનાની છે એ વિષે સંદેહ નથી. એ વાતને કયો માણુસ સ્વિકારી શકશે કે એક સ્ત્રીનો ગર્ભ બીજી સ્ત્રીના ગર્ભમાં જઇ શકે છે? ભાગવતના દશમ સ્કન્ધના બીજા અધ્યાયમાં લખ્યું છે કે

हतेषु षट्सु बालेषु देवक्या औग्रसेनिना ॥ ४ ॥
सप्तमो वैष्णवं धाम यमनन्तं प्रचक्षते ।
गर्भो बभूव देवक्या हर्षशोकविवर्द्धनः ॥ ५ ॥
भगवानपि विश्वात्मा विदित्वा कंसजं भयम् ।
यदूनां निजनाथानां योगमायां समदिशत् ॥ ६ ॥
गच्छ देवि ! व्रजं भद्रे गोपगोभिरलंकृतम् ।
रोहिणी वसुदेवस्य भार्यास्ते नन्दगोकुले ॥ ७ ॥
अन्याश्च कंससंविग्ना विवरेषु वसन्ति हि ।
देवक्या जठरे गर्भं शेषाख्यं धाम मामकम् ॥ ८ ॥
तत्संनिकृष्य रोहिण्या जठरे संनिवेशय !
गर्भसंकर्षणात्तं वै प्राहुः संकर्षणम्भुवि ॥ .
रामेति लोकरमणाद्बलं बलवदुच्छ्रयात् ॥ १३ ॥
सन्दिष्टैवं भगवता तथेत्योमिति तद्वचः ।
प्रतिगृह्य परिक्रम्य गां गता तत्तथाकरोत ॥ १४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गर्भे प्रणीते देवक्या रोहिणीं योगनिद्रया !
अहो विस्रंसितो गर्भ इति पौरा विचुक्रुशुः ॥ १५ ॥

ભાવાર્થ-ઉગ્રસેનના પુત્ર કંસે જ્યારે દેવકીના છ પુત્રો મારી નાંખ્યા ત્યારે વિષ્ણુના શયનસ્થાન શેષનાગ દેવકીના ગર્ભમાં આવ્યા અને તેથી હર્ષ અને શોક થયો; ત્યારે જગદ્વ્યાપક ભગવાનને પોતાના ભક્ત યદુવંશીઓને કંસના ડરથી વ્યાકુળ દેખીને યોગમાયા દેવીને આજ્ઞા કરી કે " હે દેવિ! તમે ગૌનિવાસી વ્રજમાં જાઓ અને ગોકુળમાં વસુદેવની સ્ત્રી રોહિણી રહે છે તેના ઉદરમાં મારા નિવાસસ્થાન શેષને, દેવકીના ગર્ભમાંથી કાઢી પહોંચાડો અર્થાત્ દેવકીના ગર્ભમાંથી કાઢી રોહિણીના ગર્ભમાં શેષનાગને સ્થાપન કરો... શેષનાગનું નામ સંકર્ષણ પડયું કારણ કે તેમને ગર્ભમાંથી ખેંચી કાઢવામાં આવ્યા. લોકોમાં રમણ કરવાથી રામ નામ પડયું અને અત્યન્ત બલવાન હોવાથી બળદેવ નામ પડયું. યોગમાયા દેવી ભગવાનની આજ્ઞાથી પૃથિવી પર ગઇ અને તેમની આજ્ઞા બજાવી ત્યારે શહેરના લોકોએ ગર્ભપાત થયો ગર્ભપાત થયો એમ જાણી શોક કર્યો.

આમાં સવાલ એ છે કે સ્ત્રીંનો ગર્ભાશય નસોની સાથે એવો મજબુત બંધાયલો હોય છે કે તે ગર્ભાશયને કાઢવાથી કોઇ પણ સ્ત્રી બચી શકતી નથી તો દેવકીજી જીવતાં કેમ રહ્યાં. જો કહો કે યોગમાયાએ ગર્ભાશયને રહેવા દઇને શેષ નાગને અંદરથી કાઢી લીધા હતા તો રેવતીના ઉદરમાં ગર્ભનું પુનઃસંસ્થાપન કેમ થયું ? આવી અકકલ વિરોધી વાતો ઇસાઇયોની લીલાથી કાંઇ કમ નથી. પુરાણિકોની પાસે ઉપરોક્ત પ્રશ્નોનો કાંઇ ઉત્તરજ નથી પરન્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ માત્ર એટલું સમાધાન કરી શકે છે કે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કે બુદ્ધિ વિરૂદ્ધ જે કાંઇ થાય છે અને આપણને લાગે છે તે માત્ર ઇશ્વરની લીલા છે. આના શિવાય અન્ય કાંઇ તેમની પાસે ઉત્તર નથી અર્થાત્ તેઓનું કથન એમ થાયછે કે પરમાત્મા પોતાની લીલા દેખાડવામાં જોઇએ તેવી રીતે વર્તે છે-ઠેકાણા વગરની બુદ્ધિનું કામ તેમાં નથી. અરે! ભારતવાસીઓ! આપણા દેશમાંથી બુદ્ધિએ રજા લીધી તેનું કારણ પણ આજ છે. આગળ એક અદ્ભૂત કથા એ છે કે બળરામની સ્ત્રી રેવતીની ઉમર કરોડો વર્ષની હતી અને બળરામની કેટલી પેઢી અગાઉ તો તે બ્રહ્માની સભામાં બેઠી બેઠી ગાંન્ધર્વોનું ગાયન સાંભળતી હતી.

સમીક્ષા-પાઠકો! આ કથાથી તમે તમારી મેળે હસશો એટલે તે હાસ્યજનક છે એમ કહેવાનું કાંઇ કારણ નથી.

આગળ, પુતનાના શરીરે હજારો કોસના વૃક્ષોનો નાશ કર્યો અને પછી તેનો વધ થયો, કૃષ્ણ મહારાજ માટી ખાતા હતા ત્યારે પોતાની માતાને ત્રણ લોક મુખમાં દેખાડયા, (અ. ૯) અગ્નિનું પ્રાશન કરવું (અ. ૧૯), ગોપીઓના વસ્ત્રોનું હરણ કરવું (અ. ૨૨), ઇન્દ્રયાગનું શ્રી કૃષ્ણને રોકવું (અ. ૨૪), અને કૃષ્ણને રાસલીલામાં સ્ત્રૈણ અર્થાત સ્ત્રી બતાવવું (અ. ૨૯ થી ૩૩) ઇત્યાદિ કથા છે તે કેટલી નિતિદર્શક તથા ઉપયોગી છે તેનો ખ્યાલ વાંચક મહાશયોજ કરશે.

ભાગવતના ભકિતભાવમાં ભકિતના શબ્દે કામની કેટલી જરૂર છે તેનો નમુનો માત્ર એક શ્લોક ટાંકીનેજ દેખાડીશ. યથા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यंवै मुहुः पितृसरुपनिजेशभावास्तन्मातरो यदभजन् रहरुढभावाः ।
चित्रं न तत्खलु रमास्पद बिम्बबिम्बे कामे स्मरेऽक्षि विषये किमुतान्यनार्यः॥
श्लोक ४०. अ० ५५.

અર્થાત્,–રૂક્મિણી પોતાના પુત્ર પ્રદ્યુમ્નના સ્વરૂપને તેના પિતાના કૃષ્ણના સ્વરૂપ સમાન જાણી તેની સાથે એકાન્ત સેવન કરવા તત્પર થઇ ત્યારે બીજી સ્ત્રીઓને માટે શું કહેવું? આ પ્રમાણેના ભાગવતના કથનને હરિવંશ ભાષ્ય પર્વના અધ્યાય ૧૦૩ નો શ્લોક ૧૮ મો પૂર્ણ ટેકો આપે છે. યથા–

प्रद्युम्न उवाच

मातृभावं परित्यज्य किमेवंवर्त्तसेऽन्यथा ।
अहो दुष्टस्वभावाऽसि स्त्रीत्वे चापल्यमानसा ॥

અર્થાત્ પ્રદ્યુમ્નજીએ, પોતાની માતાને પોતા પર મોહીત જાણી કહ્યું કે હે માતા! તું તારો માતૃભાવ ત્યાગ કરી અનુચિત વર્તન શા માટે કરે છે? અરે! સ્ત્રીઓનો સ્વભાવ ઘણોજ દુષ્ટ હોય છે.

સમીક્ષા–ભાગવત! ભાગવત! વધતાં વધતાં તારી અશ્લીલ વાતો ક્યાં સુધી વધી? એટલે સુધી વધી કે તારા કથનમાં માતાની પુત્ર સાથેના એકાન્ત સેવનની ઇચ્છા વર્ણવી! વધારે પાઠકોને શું કહું? પરન્તુ એટલું તો જરૂર કહીશ કે થવાનું હતું તે થઇ ગયું પરન્તુ હવે તો બુધ્ધિના દાસ થાઓ અને વૈદિક જ્ઞાન તરફ દ્રષ્ટિ ફેંકો.

શ્રી કૃષ્ણના સન્તાન.

હરિવંશ ભ. પર્વ અ. ૧૦૩ માં કહ્યું છે કેઃ–

दशायुत समाख्याता वासुदेवस्य वै सुताः ॥२१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ.-દશાયુત એટલે એક લક્ષ થાય છે. અયુત એટલે દશ હજાર અને દશ અયુત એટલે એક લાખ. કૃષ્ણ મહારાજને એક લાખ સન્તાન હતાં.

ત્યારે ભાગવતમાં લખે છે કે કૃષ્ણ મહારાજને ૧૬૦૦૦ રાણીઓમાંથી એક એકને દશ દશ પુત્રો ઉત્પન્ન થયા-પ્રમાણ.

एकैकशस्ताः कृष्णस्य पुत्रान्दश दशाऽबलाः
अजीजनन्ननवमात् पितुः सर्वात्मसम्पदा ॥ १ ॥
पत्न्यस्तु षोडशसहस्र मनङ्गबाणैर्यस्येन्द्रियं विमथितुं
करणैर्न शेकुः॥

ત્યારે દરેક ગોપિને જ્યારે દશ દશ પુત્ર થયા ત્યારે સોળ હજારના એક લાખને સાઠ હજાર થયા. આથી બન્ને પુરાણોનો પરસ્પર વિરોધ સિધ્ધ થાય છે.

(દ્યુત) જુગાર.

અધ્યાય ૬૧ માં શ્લોક ૨૭ થી ૩૭ સુધી બળદેવજીની જુગાર રમવાની ક્રિયાનું વર્ણન છે. ભગવાનનો અવતાર જુગાર રમી અન્યોને દેખાડે તે તદન અસંભવિત છે.

મદ્યપાન.

અધ્યાય ૬૫ માં બળદેવજી વૃન્દાવનમાં આવ્યા છે અને ત્યાં બે માસ સુધી રહ્યા છે તેનું વર્ણન છે અને આગળ શ્લોક વીસમાં કહે છે કે

तंगन्धं मधुधाराया वायुनोपहृतं बलः ।
आघ्रायोपगतस्तत्र ललनाभिः समं पपौ ॥ २० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનમાં સ્વાદિષ્ટ મધુની ગન્ધ લેતાં લેતાં બળદેવજીએ સ્ત્રીયો સહીત મદ્યપાન કર્યું.

ભાગવત ! તું ભાગ્યશાળી છે કે મહાત્મા કૃષ્ણને ૧૬૦૦૦ રાણીઓની સાથે કામક્રીડા કરનાર અને બળદેવજીને જુગારી અને મદ્યપ બતાવવા છતાં તું વૈષ્ણવોનું માનીતું થઇ પડયું છે. પરન્તુ તારે હવે યાદ રાખવું કે વૈદિક પ્રકાશ પ્રતીત થવા લાગી છે જેથી થોડા સમયમાં તારાથી છવાયલા અંધકારનો નાશ થશે.

अथ एकादश स्कन्ध समीक्षा

કૃષ્ણપર કુલઘ્નતાનો દોષ.

संहर्तुमैच्छत कुलं स्थितकृत्यशेषः ॥ १० ॥ अ० १

અર્થાત્-કૃષ્ણજીને સ્વકુળ સંહારની ઇચ્છા થઇ. આગળ અધ્યાય ૨ માં પ્રિય વ્રતના પ્રપૌત્ર ઋષભ દેવને વેદ પારગ ઇશ્વરાવતાર વર્ણવ્યો જ્યારે સ્કન્ધ ૫ અધ્યાય ૩ માં તેને જૈન મત પ્રવર્તક બતાવ્યો છે. (જુઓ મુંબઇના વેંકટેશ્વર પ્રેસમાં છપાયલી ભાષાટીકા)

અધ્યાય ૫ માં કલિયુગના મહિમાનું વર્ણન કરતાં કરતાં એટલે સુધી વધી ગયા છે કે યથા.

कृतादिषु प्रजा राजन्कलाविच्छान्ति सम्भवम् ।
कलौ खलु भविष्यन्ति नारायण परायणाः ॥ ३८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્ સત્ યુગના લોકો કલિયુગમાં જન્મ પામવા ચહાય છે કારણ કે કલયુગમાં તેઓ નારાયણ પરાયણ થશે.

અધ્યાય ૭, શ્લોકમાં ૨૫ માં કૃષ્ણની આયુ ૧૨૫ વર્ષની બતાવી છે જો તેઓ દ્વાપરમાં હતે તો ૧૦૦૦ ની હતે.

અ. ૩૦ માં યાદવ શરીર ત્યાગાર્થે વ્રતનિયમ પૂજન કરવા ગયાનું વર્ણન છે તેમાં "यदुवृद्धा मद्युद्विषः" અર્થાત વૃધ્ધ યાદવો મદ્યને ખરાબ માનતા હતા એવું દશમા શ્લોકમાં કહ્યું છે અને બારમા શ્લોકમાં મદ્યપાનનું વર્ણન નીચે પ્રમાણે છે. યથા-

ततस्तस्मिन्महापानं पपुर्मैरेयकं मधु
दिष्ट विभ्रशिताधियो यद्रवैर्भ्रश्यते मतिः ॥ १२ ॥

વનમાં જઇને યાદવોની બુધ્ધિ ભ્રષ્ટ થઇ અને તેમણે ખૂબ મદ્યપાન કર્યું.

કૃષ્ણ મહારાજે સંસારના ઉધ્ધારાર્થે અને ધર્મના પ્રચારાર્થે જન્મ લીધો અને પોતાના કુળનેજ ધર્મ વિરૂધ્ધ આચરણ કરત અટકાવ્યું નહીં તો પછી તેમનાથી બીજું શું થયું હશે ! ખરેખર કાંઇજ નહોતું થયું એમ આગળ વર્ણવે છે. યથા-

कृष्णमाया विमूढानां संघर्षः सुमहानुभूत्

અર્થાત-કૃષ્ણની માયાથી મૂર્ખ બની શસ્ત્ર લઇને ખુબ લઢયા. શું સંસાર ઉધ્ધારી અવતારની આવી માયા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अथ द्वादश स्कन्ध समीक्षा

પ્રથમ અધ્યાયમાં ભવિષ્યમાં શું થશે તેની કથા છે. તે અધ્યાયના શ્લોક ૨૮ માં કહ્યું છે કે

ततोऽष्टौयवना भाव्याश्चतुर्दश च पुक्कसाः ।
भूयो दश गुरुंडाश्चमौना एकदशैवतु ॥

આઠ પેઢી સુધી રાજા મુસલમાન, ચૌદ પેઢી પુક્સ, દશ ગુરુન્ડો અને અગિયાર પેઢી સુધી મૌનોના રાજા રાજ્ય કરશે.

સમીક્ષા–યદિ યવન શબ્દનો અર્થ મુસલમાન કરીયે તો તેની આઠ પેઢી સુધી બાદશાહી ભારતવર્ષમાં રહી કે નહીં તેનો વિવાદ નથી પરન્તુ તેના પછી પુકકસોની બાદશાહત કઇ થઇ? અંગ્રેજોને પુકકસ કહી શકાય નહીં તેમ સીખ લોકોનું અત્ર વર્ણન નથી. ગુરૂનાનકનું નામ ભવિષ્ય પુરાણુમાં અવશ્ય આવ્યું છે પરન્તુ ભાગવતમા નથી જેથી સિધ્ધ થાય છે કે તે સમયે મુસલમાનો તો હતા પરન્તુ સીખ લોકો ન હોતા.

અધ્યાય ૨ મા.

त्रिंशद्विंशतिवर्षाणि परमायुः कलौनृणाम् ॥ ११ ॥

કલિયુગમાં મનુષ્યોની વધુમાં વધુ આયુ વીશ ત્રીશ વર્ષની થશે. અત્ર એ બતાવવું ઉચીત છે કે મનુષ્યની ચારે યુગોમાં સો વર્ષની આયુ વેદ વિહિત છે તો પછી ભાગવતનું કથન વેદ વિરોધી સિદ્ધ થાય છે. એ વાત જુદી છે કે મનુષ્ય પોતાના યોગ સામર્થ્યથી પોતાનું આયુષ્ય વધારી શકે અને વ્યભિચારાદિથી ઘટાડી શકે. અધ્યાય ૭ માં કૃષ્ણચંદ્રની એકસો પચીસ વર્ષની આયુ વર્ણવેલી છે તે પણ હમારા કથનને ટેકો આપે છે. યથા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदुवंशेऽवतीर्णस्य भगवतः पुरुषोत्तम् ।
शरच्छतं व्यतीयाय पञ्चविंशाधिकं प्रभो ॥ २५ ॥
नाऽधुना तऽखिलाधार ! देवकार्या वशेषितम् ।
कुलं च विप्रशापेन नष्टप्रायमभूदिदम् ॥ २६ ॥

કૃષ્ણને બ્રહ્માજીએ કહ્યું કે આપને યદુકુળમાં ૧૨૫ વર્ષ વીતી ગયા અને કોઈ દેવ કાર્ય હવે બાકી રહ્યું નથી અને તે વંશ પણ નષ્ટપ્રાર્ય થઇ ચુકયો છે.

આ પરથી સિદ્ધ થાય છે કે પુરાણોમાં વર્ણવેલું સત્યયુગ ત્રેતા અને દ્વાપરમાં લક્ષ, દશહજાર અને એક હજાર વર્ષનું આયુષ્ય તદન ખોટું છે. રામચંદ્રની આયુષ્ય પણ વેદવિહિતજ છે. કોઇ કોઇ ઠેકાણે વર્ષ શબ્દનો અર્થ દિવસ પણ લેવામાં આવે છે કારણકે વાલ્મીકીય રામાયણમાં લખ્યું છે કે જ્યારે રામચંદ્રની પાસે એક બ્રાહ્મણ પોતાના મરેલા પુત્રને લઇ આવ્યો ત્યારે તેણે તેની આયુ " पञ्चवर्षसहस्त्रकम् " અર્થાત્ પાંચ હજાર વર્ષની બતાવી છે. તેની ટીકામાં લખ્યું છે કે " वर्षशब्दोऽत्रदिनपरः " અર્થાત્ અત્ર દિનનો વાચક શબ્દ વર્ષ છે.

किंचिन्न्यून चतुर्दशवर्ष इत्यर्थः

ચૌદ વર્ષમાં કાંઇક ઓછી આયુષ્ય તે પુત્રની બતાવી છે. આથી સિદ્ધ થાય છે કે કોઇ પણ યુગમાં સો વર્ષથી અધિક આયુ થતી નથી. પુરાણોની કથા બહુધા મુસલમાની કિસ્સાઓને મળતી આવે છે જેથી હમારા વિચારમાં એમ છે કે પુરાણો આધુનિક સમયમાં બનેલાં છે. પુરાણો પ્રાચીન છે એવો વિશ્વાસ પુરાણિકોને પોતાનેજ નથી કારણકે એક બંગાળી પંડિતે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે શ્રીમદ્ ભાગવત બોપદેવનું બનાવેલું છે. યથા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमद्भागवतस्यानुक्रमणी रमणीकृता ।
विदुषा बोपदेवेन भिषक्केसूवनुना ॥

હરિલીલા નામક પુસ્તકમાં પણ લખ્યું છે.

श्रीमद्भागवत स्कन्धाध्यायार्थादि निरुप्यते ।
विदुषा बोपदेवेन मन्त्रि हेमाद्रि तुष्टये ॥

જ્ઞાનેશ્વર મિશ્રે ગીતાની જે ટીકા બનાવી છે તેમાં હેમાદ્રિ ૧૨૭૨ ના શકાબ્દમાં થયા એમ લખ્યું છે અને બોપદેવ હેમાદ્રિના સમયમાંજ થયા હતા જેથી ભાગવત ઘણુંજ આધુનિક સમયનું છે એમ સિધ્ધ થાય છે અને આ શ્લોકો ભાગવતની ચૂર્ણીકા ટીકામાં ઉદ્ધૃત કીધા છે જેથી ભાગવતની અર્વાચીનતા સ્વયં સિધ્ધ થાય છે.

પુરાણોની સંપૂર્ણ અસંભવિત અને અસત્ય કહાણીઓ લખવામાં આવે તો એક મ્હોટું પુસ્તક થાય અને તે શિવાય તેમાંના પરસ્પર વિરોધ દેખાડવાને એક સ્વતંત્ર પુસ્તક રચવાની આવશ્યકતા છે જેવી રીતે કે દેવી ભાગવતના અ. ૧. સ્કન્ધ ૧ માં લખ્યું છે કે–

विविधानि पुराणानि शास्त्राणि विविधानि च
वितण्ड छलयुक्तानि मिथ्याऽमर्षकराणि च

સર્વ પુરાણો અને વિવિધ શાસ્ત્રો છળથી ભરેલા છે.

લ્યો મહાશયો. આ ભાગવતે તો શાસ્ત્રની નિંદા કરી કારણ કે તે પોતે પરિપૂર્ણ પુરાણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠક વર્ગ! જે કાંઇ મેં આ પુસ્તકમાં લખ્યું છે તે મારા હૃદયની શંકાઓજ લખી છે કોઇની લાગણી દુઃખવવા નહીં. મનમાનતી રીતે લખીએ તો આવી અસંખ્ય ઉટપટાંગ વાતો બતાવી શકાય અને તેની સમીક્ષાનું, વેદથી વિરોધ ઇત્યાદી. બતાવતાં બતાવતાં ભાગ-તથી પણ મોટું પુસ્તક બને આ તો એક ચોખાનો દાણો દાબી જોવા સરખું છે. ઇશ્વર હમારામાંથી વૈરભાવ દૂર કરે અને હમને સન્મતિ અને શાન્તિ આપે એજ પ્રાર્થના છે. આપ સર્વ પણ તે ગુણો ગ્રહણ કરી વેદો પર શ્રધ્ધા કરશો તો મારો શ્રમ સફળ થશે.!!

शमित्योम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય પ્રકાશની ઑફીસમાં મળતાં ધર્મ સંબંધી ઉપયોગી ગુજરાતી પુસ્તકો.

સ્વા. દયાનંદ કૃત સત્યાર્થ પ્રકાશ... ... રૂ.	૧-૮-૦
,, ,, ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ...	૧-૪-૦
પં. ગાવસ્કર કૃત અહિંસા ધર્મ પ્રકાશ ...	૧-૦-૦
સ્વા. આત્માનંદ કૃત ભ્રમનાશક (પૃ. ૬૦૦)	૦-૧૨-૦
,, આત્મારામકૃત બ્રહ્મયજ્ઞ અને વૈદિક નિત્ય કર્મ	૦-૬-૦
સ્વા. શંકરાનંદ કૃત થીઑસોફી તંત્ર (સમીક્ષા)	૦-૪-૦
પં. તુલસીરામકૃત ભાગવત સમીક્ષા	૦-૪-૦
ગાયન તરંગ	૦-૩-૦
સ્વા. ભૂમાનંદકૃત બ્રહ્મચર્ય મીમાંસા ...	૦-૩-૦
આર્ય સંવત	૦-૨-૦
આર્યાવર્તનો ઇતિહાસ	૦-૨-૦
ભારતોન્નતિ...	૦-૨-૦
ભાટીયાઓની ગુરૂ ભક્તિ (શાસ્ત્રાર્થ) ...	૦-૧-૬
સૃષ્ટિ ઉત્પત્તિ અને વેદ...	૦-૧-૦
સસતી સુખડી અને સિદ્ધપુરની જાત્રા ... (ચોથી આવૃત્તિ-પદ્યમાં)	૦-૧-૦
પં. ભીમસેન સાથે વીરપુર આ. સ. નો શાસ્ત્રાર્થ	૦-૦-૬
સામાજીક પ્રોત્સાહ (મૂળ ૦।)	૦-૧-૦
સ્વા. નિત્યાનંદનાં ચાર ભાષણો (૧૮૯૪ મૂળ-૦।)	૦-૧-૦
આર્ય ભજન માળા	૦-૧-૦
સ્વા. નિત્યાનંદનું મૂર્તિપુજા વેદ વિરૂદ્ધ છે વિષે ભા.	૦-૦-૬
પં. ગંગાપ્રસાદ એમ. એ. નું "વેદ સૌથી પ્રાચીન છે"	૦-૦-૬
ઇશ્વર અને તેની પ્રાપ્તિ પં. તુલસીરામનું-ભાષણ ...	૦-૦-૬
આર્ય સમાજ શું છે?	૦-૧-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય કર્તવ્ય (બાવનનો સંગ્રહ) ... 0-0-૬
ગુરૂમંત્ર વ્યાખ્યા 0-0-૬
બ્રહ્મચર્ય વિરૂદ્ધ બાળલગ્ન 0-0-૬
શ્રાદ્ધની આવશ્યકતા... ... ... 0-0-૬
મૂર્તિપ્રકાશ 0-0-૬

એક દોઢીયાંની કીમ્મતનાં પુસ્તકો.

(૧) ગૌ કરૂણાનિધિ-મુળ ૧ આનો), (૨) નિયોગ-પુનર્લગ્ન નિર્ણય (૩) ઇસુ ધર્મ પરરીક્ષા (૪) શિવલિંગ પૂજા (૫) પ્રણવ (ઓંકાર) વ્યાખ્યા, (૬) વૈદિક લગ્ન વય (૭) આર્ય સંધ્યા, (૮) મહાયજ્ઞ વિધિ, (૯) વાણી વિલાસ (મૂળ કી. ≠)

૩ સટ-ડૉ. બાલાભાઇ જે. વૈશ્ય કૃત.

૧—સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર. 0-૮-0
૨— ,, વિરજાનંદનું ,, ,, ... 0-૫-0
બન્ને સામટાં લેનારને ૧૦ આનામાં.

૧—સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર ... 0-૮-0
૨—શું પુનર્લગ્ન સશાસ્ત્ર છે? 0-૪-૬
૩—આર્ય કર્તવ્ય... ... ... 0-0-૬
૪—બ્રહ્મજ્ઞાનોપદેશ... ... ... 0-0-૬
ચારે સામટી લેનારને ૯ આનામાં

૧—સ્વામી વિરજાનંદનું જીવન ચરિત્ર ... 0-૫-0
૨—ગર્ભાધાન વિધિ... .. ... 0-૮-0
બન્ને સામટી લેનારને ૧૦ આને

વધુ પુસ્તકો વગેરે માટે પોસ્ટ કાર્ડ લખીને મોટું કેટલગ મંગાવો.

મોતીલાલ ત્રિ. દલાલ.
મેનેજર, આર્ય પ્રકાશ—ગીરગામ બૅન્કરોડ-મુંબઇ.

શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ,-નં. ૫૦૨-૪, પાયધુની-મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય પ્રકાશ.

આ બહોળો ફેલાવો પામેલું અને સરળ ભાષામાં [illegible] વિદ્વત્તા ભરેલા લેખો માટે પ્રસિદ્ધ થયલું પત્ર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં દર રવિવારે સવારે મુંબઈમાં પ્રગટ થાય છે. ધાર્મિક, સાંસારિક, રાજકીય અને સામાન્ય ખબરોથી તે ભરપૂર છે. શુદ્ધ પ્રાચીન વેદ ધર્મનો ઉદ્ધાર અને પ્રચાર કરવો, અને તે ધર્મની [illegible] પ્રજાની જાણમાં આણવી એ તેનો મુખ્ય ઉદ્દેશ છે. આર્ય સમાજ તથા સાંસારિક સુધારણાની હીલચાલનું તે ગુજરાતનું એકલું અને સૌથી બળવાન વાજીંત્ર છે. દેશોન્નતિ ચહાનારા અને દેશની ધાર્મિક અને સામાજીક સ્થિતિમાં દેશકાલ અનુસાર સુધારો કરવા ચહાનારાની આ વર્તમાન પત્રના ગ્રાહક થવાની ફરજ છે. હીંદુસ્તાનમાં ચાલતા જૂદા જૂદા ધર્મો, પંથો અને મંડળોને લગતી ખબરો આપવા ઉપર [illegible] ધ્યાન આપવામાં આવે છે. આ [illegible] નહીં પણ વેદ ધર્મના અને સાંસારિક સુધારણાના [illegible] કાઢવામાં આવ્યું છે. નમૂનો મફત.

પત્રનું કદ રૉયલ ૪ પેજી **વીસ** [illegible] (પાંચ ફૉર્મ) જેટલું મોટું છે. અને ૩--આ ફૉર્મ જેટલી [illegible] આવે છે. [illegible] પ્રચાર થાય તે માટે તેનું વાર્ષિક લવાજમ મુંબઈ માટે [illegible] રૂ. ૨) તથા બહારગામ માટે માત્ર રૂ. [illegible] રાખ્યું છે. [illegible] ભેટની ફળદાર ઉપયોગી ચોપડી પણ આપવામાં [illegible] છે.

મોતીલાલ વિ. દલાલ-મેનેજર, આર્યપ્રકાશ.
ગીરગામ બેંકરોડ, કાંદાવાડી-મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar